હરિઃૐ



# જીવનકેડી

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનકેડી

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૪ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૮ | ૫૦૦ |

❑ પૃષ્ઠ : ૩૨ + ૩૨૦ = ૩૫૨

❑ પડતર કિંમત : **રૂ. ૩૫**/-

❑ વેચાણ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા જેના અધિષ્ઠાતા છે, એવા
હરિઃૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટીમંડળના પ્રમુખપદે
જેઓશ્રીએ સેવાઓ આપી છે અને જેમના નિવાસસ્થાનને
ગામ-**ડભાણ** (નડિયાદ પાસે) પૂજ્ય શ્રીમોટા પોતાના
પિયર તરીકે ઉલ્લેખ કરતા
એવા
**શ્રી રાવજીભાઈ આશાભાઈ પટેલ**ને
તેમ જ
તેમનાં બહેન કે જેઓ પૂજ્ય શ્રીમોટાની અંગત સેવામાં
રહેવાની પસંદગી પ્રાપ્ત કરીને બડભાગી બનેલાં
એવાં આદરણીય
**શ્રી ડાહીબહેન**ને
પૂજ્ય શ્રીમોટા વિરચિત **'જીવનકેડી'**ની આ
બીજી આવૃત્તિનું પ્રકાશન સમર્પિત કરી, અમો ધન્યતાની
લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૪-૪-૨૦૦૮ — **ટ્રસ્ટીમંડળ,**
(રામનવમી) — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# શ્રી રેશમવાળા કુટુંબને અને
# શ્રી હસમુખભાઈ ડાહ્યાભાઈ રેશમવાળાને
# સપ્રેમ સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

કોઈ સુરતમાં જ્યારે ન્હોતું ઓળખતું મને,
ત્યારે રેશમવાળાએ બાંધ્યો સંબંધ ચાહીને. ૧

આશ્રમે વાર-તહેવારે ભેટ-સોગાદ મોકલી,
હૂંફ ને ઓથ પ્રેર્યાં છે સહાનુભૂતિ દિલથી. ૨

અડીઓપટી વેળાએ કુમકે ચઢી આવીને,
તત્પર સાથ દેવાને ઉત્સાહ દાખવી હૃદે. ૩

પરમાર્થતણાં કર્મે શી અવારનવાર તે
-મદદ પ્રેરી પ્રેરીને આવ્યા શા ઉપયોગ જે ! ૪

પ્રતિષ્ઠા, આબરૂ, કીર્તિ, જાહોજલાલી, ખ્યાતિયે
-તે આશ્રમ હિતાર્થે સૌ પ્રસંગે વાપરેલ છે. ૫

તમે જે આપ્યું છે તેનો બદલો વાળી ના શકું,
હૈયાના ભાવથી માત્ર સમર્પણાંજલિ ધરું. ૬

હરિઃૐ આશ્રમ, નડિયાદ, - **મોટા**

તા. ૪-૩-૧૯૭૪

॥ હરિઃૐ ॥

# કેડીનું કામણ

## (પ્રથમ આવૃત્તિ)

માણસને જ્યારે મનગમતું મળે છે, ત્યારે એને ઘણી ખુશી થાય છે. આ કથન જેમ સંસારવહેવારને લાગુ પડે છે, તેમ જીવનની અન્ય બાબતોને પણ લાગુ પડે છે.

સુરતમાં રાંદેરના કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમ થતાં અમને પૂજ્ય શ્રીમોટાનો ભેટો થયો. માથે ફાળિયું, ખભે ખેસ, ખુલ્લું શરીર અને લુંગી જેવું પહેરેલું. આવા સાદાસીધા તે સંતો હોતા હશે ? એવું એમનાં પ્રથમ દર્શને ત્યારે અમને થયેલું, પરંતુ જેમ જેમ અમે એમની સમીપમાં આવતા ગયા તેમ તેમ અમને ગમવા માંડ્યું અને એમની ખૂબી સમજાવા લાગી. પછી તો અમે એમના અને તેઓ અમારા બની ગયા.

એમની સૌને મળવાની ઢબછબ, બહેનોને ઘરની વાતો પૂછે, પુરુષોને વેપારની વાતો પૂછે અને બાળકોને તેઓ શું ભણે છે, વાંચે છે કે નથી વાંચતા, વર્ગમાં કેટલામો નંબર છે, વગેરે પ્રશ્નો પૂછે અને જો તેઓ પહેલે નંબરે પાસ થશે તો પોતા તરફથી ઈનામ આપશે એમ કહીને બાળકોને ભણવાનું શૂર ચઢાવે. સાથે સાથે બાળકોને ઘરમાં કોઈ લડે છે, મારે છે, વગેરે વિશે પણ પૂછે અને કોઈ બાળકોને લડતું કે મારતું હોય, તો તેને તેમ કરવા ના પાડે. આ રીતે ઘરનાં નાનાંથી માંડીને મોટાં સુધી બધાંયમાં તેઓ રસ લે.

એટલે જ્યારે જ્યારે પૂજ્ય શ્રીમોટા, સુરત આશ્રમે આવે ત્યારે ત્યારે ઘરનાં નાનાંમોટાં બધાં એમને મળવા જઈએ અને અમારાં ઘરની, વેપારની, છૈયાંછોકરાંના ભણતરની બધી વાત તેમને કહીએ. તેઓ અમારી વાતમાં એટલો બધો રસ લે કે બધીય વાત તેમને કહી દેવાય અને જે બાબતની અમને મૂંઝવણ થતી હોય તેનો ઉકેલ

પણ તેઓ બતાવે. આ રીતે અમારું તેમની સાથેનું મિલન એટલું સહજપણે થતું ગયું કે પછી તો તેમને મળ્યા વિના અમને ચેન ના પડે અને નડિયાદથી 'મોટા' ક્યારે આવવાના છે, તે વિશે શ્રી ભીખુકાકા મળતા ત્યારે તુરત તેમને પૂછી લેતાં. કોઈ વાર તેમના કાર્યક્રમમાં સંજોગવશાત્ કોઈ કામને કારણે એકાદ બે દિવસ આવવાનું લંબાય તો અમારા દિલમાં ઊંડે ઊંડે ત્યારે રંજ થાય અને તેઓ વહેલા આવે તો કેવું સારું ! એવા વિચારો આવે.

આ રીતે પૂજ્ય શ્રીમોટા સાથેનો અમારો સંબંધ ગાઢ થતો ગયો અને ધીમે ધીમે અમે અમારા સંસારવહેવારની, વેપારવણજની, છોકરા-છોકરીઓનાં વિવાહ અને લગ્ન સંબંધી એમ બધી વાતો એમને પૂછતા થયા અને તેઓ દરેક બાબતમાં યોગ્ય ઉકેલ આપીને અમારી મુશ્કેલીઓમાં મદદરૂપ થતા. તેથી, મારા દિલમાં તેમને માટે એક પ્રકારનો અહોભાવ ઉત્પન્ન થયો અને તેમની ચાહનાના રંગે રંગાયા.

હમણાં હમણાં પૂજ્ય શ્રીમોટા તેમની સાધનાના સાહિત્યસર્જન તરફ વળ્યા છે. એટલે તે જાણવાની ઉત્કંઠા થાય તે સ્વાભાવિક છે. પૂજ્ય શ્રીમોટા જ્યારે સુરત આશ્રમે હોય ત્યારે, રાતે પોણાત્રણ-ત્રણ વાગ્યે ઊઠીને સ્નાનાદિથી પરવારી સુરતથી ઓલપાડ જતી વહેલી સવારની ૪-૧૦ની બસમાં બેસી સાડાચાર પહેલાં તેમની પાસે પહોંચી જઈએ અને તેઓ જે ભજનો બોલતા જાય તે અમે લખવા માંડીએ. લખાઈ જાય એટલે અમારામાંના ભાઈ ચૂની તે તેમને વાંચી સંભળાવે અને ભજનમાં કોઈ શબ્દફેર કરવા જેવો હોય તો થાય અને આ રીતે ભજનની સર્જનધારા સતત સાડા છ વાગ્યા સુધી ચાલે. એ રીતે આ **'જીવનકેડી'**નાં ભજનસર્જનના અમે સાક્ષી છીએ, એટલું જ નહિ પણ તેની સર્જનધારામાં નાહવાનું અમને સદ્ભાગ્ય સાંપડ્યું, તેને અમારા જીવનની ધન્ય ઘડી ગણીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ જે સાધના કરી તેનાં ભજનો આ **'જીવનકેડી'**માં આપવામાં આવ્યાં છે. સાધના જે જે ક્રમે થઈ તેનાં

ભજનો પણ તે તે ક્રમે રજૂ થયાં છે. એટલે જેમને સાધનામાં રસ હશે તેમને આ ભજનો માર્ગદર્શક થશે. **હરિ**રસનો આનંદ સૌને ગમે છે અને તેનો લહાવો લેવાનું સૌને મન થાય છે. કેટલાક લોકો દેવદર્શન, કથાવાર્તા, ભૂખ્યાંને ભોજન અને નાગાંને વસ્ત્ર આપીને તેવો આનંદ પામ્યાનું માને છે, પરંતુ એ આનંદ ક્ષણિક અને ઉપરછલ્લો હોય છે. **હરિ**રસનો આનંદ કશુંક આપવાથી પ્રાપ્ત થતો નથી, પરંતુ તે માટે તપ કરવું પડે અને સતત એકધારા સાધનાયજ્ઞમાં શ્રેયાર્થી જ્યારે મંડ્યો રહે છે ત્યારે **હરિ**રસમાં તેની પા પા પગલી મંડાય છે. આ માટે પૂજ્ય શ્રીમોટાએ લખેલી નીચેની કડીઓ શ્રેયાર્થીને યોગ્ય આદેશ આપી જાય છે :-

જીવનઆદર્શનો ઊર્ધ્વ જવાનો પથ તમારો જો,
જવો જોઈશે છૂટી તમ તે, સ્વભાવ ગણતરીવાળો.

● ● ●

પ્રકૃતિનો પડેલો હો સ્વભાવ જ જે પૂરેપૂરો
-જવો બદલાઈ સંપૂર્ણ, ખરેખર જોઈશે પૂરો.

હિમાલયની યાત્રાનું વર્ણન વાંચતાં વાચકને તેનાં સ્થળોની માહિતી મળે અને લેખકે જો તેનું રસિક બયાન કર્યું હોય તો તેના તરફ આપણે આકર્ષાઈએ, પરંતુ હિમાલયનો ખરેખરો અનુભવ તો તેની યાત્રા કરીએ ત્યારે જ થાય, એવું આ સાધનાને વિશે પણ છે. સાધનામાં અનુભવને ગુરુ ગણ્યો છે. એ વિશે પૂજ્ય શ્રીમોટાએ લખેલી નીચેની કડીઓ સમજવા જેવી છે :-

વિના અનુભવ કશી સમજણ, પૂરી ના પાર ઊતરે છે,
ખરે ટાણે જ અધવચમાં, પથે લટકાવી મારે તે.

● ● ●

હૃદયની શક્તિ વિના તો અનુભવવું ન શક્ય જ છે,
**હરિ**ની ભક્તિથી શક્તિ શી પાંગરવા જ માંડી છે !

પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનામાં ઈશ્વરસ્મરણને ખૂબ મહત્ત્વ આપ્યું છે, તે તેમની નીચેની કડીઓ ઉપરથી આપણને જાણવા મળે છે :-

સ્મરણની ભક્તિથી કેવાં જીવનબીજ વવાયાં છે !
કૃપાની હેલી વર્ષંતાં બધાં તે ઊગી નીકળ્યાં છે.

• • •

સ્મરણ અભ્યાસથી લાગ્યું **હરિ**નું નામ મોટું છે,
સ્મરણનો મહાવરો પડતાં સ્મરણથી ભક્તિ જાગી છે.

ઈશ્વરપ્રાપ્તિ કોને નથી ગમતી ? પરંતુ ઈશ્વરપ્રાપ્તિને માર્ગે જતાં કેવી કેવી કઠણાઈઓ, મુશ્કેલીઓ, સંકટો વગેરે આવે છે અને સાધકે પોતાની જાત સાથે પણ કેટલી અને કેવી કડકાઈ રાખવી પડે છે, તેનો અંગુલિનિર્દેશ કરતાં પૂજ્ય શ્રીમોટા લખે છે :-

મને સંસારમાં ભારે શી ગમ ખાવી પડેલી છે !
ન ગળવા યોગ્ય પણ તેને હૃદય ગળવું પડેલું છે.

• • •

બહુ જ કઠણાઈ, કડકાઈ કરેલી મેં શી મુજ સાથે !
ન લાપરવાપણું ક્યાંયે દીધેલું ચાલવા સહેજે.

• • •

જીવનપથ ચાલતાં મારી દયા મેં તો ન ખાધી છે,
સતત ચાનક શી સંપૂર્ણ જીવનમાં ચાલવા ધરી છે !

• • •

કુટાતાં ને કુટાતાંમાં શરીર તૂટી પડેલું છે,
થયેલો ખોખરો કેવો ! બધું **આ** દિલ જાણે તે.

• • •

અનેકે વાર હાર્યો છું, પીછેહઠ પણ થયેલી છે,
પડેલું ભાગવું મારે બહુ વેળા થયેલું છે.

કેટલાક સંતમહાત્માઓ પાસે જતાં આપણે જાણે આનંદના વાતાવરણમાં પ્રવેશ્યા હોઈએ એવો ભાસ થાય છે. તેમની વાણી

નીતર્યા પાણી જેવી હોય છે અને તે આપણા હૃદયને સ્પર્શે છે. તપ્ત મુસાફર જ્યારે વૃક્ષ નીચે જાય છે ત્યારે એની છાયાથી એને કેવી હાશ વળે છે ! આ સંસારના આપણે બળ્યાંઝળ્યાં માનવી આવા સંતમહાત્માઓ પાસે જતાં બધાં દુઃખદર્દો વીસરી જઈએ છીએ, એ જ એમની ખૂબી છે, પરંતુ તેમને સાધના કરતાં શું શું વીતી હશે તેની કંઈક ઝાંખી પૂજ્ય શ્રીમોટાની ઉપરની પંક્તિઓ ઉપરથી આપણને સમજાય છે.

સાધનાને માર્ગે જતાં જતાં કેટલીક મર્યાદાપાળો પણ ઓળંગવી પડે છે, તે ઉપરથી પૂજ્ય શ્રીમોટાએ કેટલાંક સત્યો તારવ્યાં છે, તે પણ સમજવા જેવાં છે.

નયનમાં મોતિયા લીધે ન દેખાતું નયનથી તે
-નીરખવાની છતાં દૃષ્ટિ ન કંઈ અંતરની ઘટતી છે.

• • •

જીવનમાં જાણવા કરતાં સમજવું યોગ્ય માન્યું છે,
હૃદય સમજી અનુભવવા પરે મેં ઝોક દીધો છે.
મીઠાની પૂતળી દરિયે સમાઈ શી જતી તે છે !
હૃદયની ભક્તિથી તેમ **હરિ**રસમાં ભળાતું છે.

• • •

દિશા ચારે તરફથી જ્યાં નર્યાં વસ્ત્ર જ પીંખાતાં છે,
સમય તે સુજ્ઞ પુરુષે તો ઘટે છે મૌન ધરવું તે.
બધો જ્યાં મેળ મનનો ના, નરી ત્યાં ભાંજગડ રહે છે,
મળેલા તાર સૌ જ્યાં છે, સુરીલું યંત્ર વાગે છે.

પર્વતની તળેટીમાં ઊભા રહીને તેનું અંતિમ શિખર જોઈએ, તો એટલું સમીપમાં દેખાય કે જાણે હમણાં પહોંચી જઈશું એમ યાત્રીને લાગે, પરંતુ જેમ જેમ યાત્રી ચઢે છે, તેમ તેમ નવી નવી ટૂકો આવતી જાય છે અને અંતિમ શિખર જાણે દૂરનું દૂર જતું જાય છે. હમણાં જવાશે એવી આશાએ ચઢેલો યાત્રી કેટલેય સ્થળે વિસામા

લેતો લેતો આખરે અંતિમ શિખર ઉપર પહોંચે છે. આ સાધનામાર્ગનું પણ એવું જ છે. શ્રેયાર્થીને સાધનાને પંથે જતાં અનેક અંતરાયો આવે છે. આ અંતરાયો એક પ્રકારના હોતા નથી, પરંતુ અનેક પ્રકારના હોય છે. ઘણી વાર તો શ્રેયાર્થીને એવું પણ થઈ જાય છે કે ચાલો એક અંતરાયમાંથી પસાર થયા, હવે આગળ સડસડાટ જવાશે, પરંતુ ત્યાં જ બીજો અંતરાય આવીને ઊભો રહે છે અને તેની સાધનાકૂચ થંભી જાય છે અને પાછો શ્રેયાર્થી માટે સાધનાસંગ્રામ આવીને ઊભો રહે છે. આ રીતે અનેક સંગ્રામો લડતો જ્યારે અંતિમ તબક્કે પહોંચે છે, ત્યારે તે સાધનાપદ પામે છે અને તેણે કરેલ સાધનાની કંઈક ઝાંખી થાય છે, પરંતુ આ સ્થિતિએ પહોંચતાં અગાઉ તેના શિરે કેવી સાતપાંચ વીતી હોય છે, તે તો તેનું મન જ જાણતું હોય છે. આ સાધનાકૂચનાં કેટલાંક રહસ્યો પૂજ્ય શ્રીમોટાની નીચેની કેટલીક ઉક્તિઓમાંથી મળી રહે છે :-

વિના હેતુ જીવન જીવવું, જીવન મૃત્યુ બરાબર છે,
ઊંડો નિશ્ચય થતાં એવો અમલ જે તે થયેલો છે.

• • •

સતત બસ એક ને એક જ વિશે રમમાણ જીવતો જે
-રહેલો છે લગાતાર, **हरि** તેને મદદ દે છે.

• • •

પળેપળનો જ ઉપયોગ થવાને જ્ઞાનપૂર્વક તે
-જીવનના ધ્યેયને અર્થે કૃપાથી તો મથાયું છે.

• • •

સ્મરણ ને પ્રાર્થના, કીર્તન, નિવેદન ને સમર્પણ જે
-નિદિધ્યાસનની પ્રક્રિયા વડે શી ભક્તિ જાગી છે !
જીવનમાં હાર ને જીતની પરંપરા મળેલી છે,
ઉભયમાંથી અનુભવનું જીવનશિક્ષણ મળેલું છે.

જીવનનો ધ્યેય આધારે પ્રતિષ્ઠિત જ્યાં થતો રહે છે,
સમન્વય શો બધો ત્યારે કૃપાથી દિલ થતો રહે છે !

અને એ રીતે શ્રેયાર્થી જ્યારે સાધનાની જુદી જુદી સ્થિતિમાંથી પસાર થાય છે, તેનાં ઊલટસૂલટ પાસાંઓનું દર્શન અને તેનો પોતાની સાધનાની સાથે મેળ બેસાડે છે અને અનેક વિસંવાદિતામાંથી સંપૂર્ણ સંવાદિતામાં પ્રગટીને ઊર્ધ્વ તરફ ગતિમાન થાય છે, ત્યારે જાણે એ મનથી અને શરીરથી હળવો ફૂલ બન્યો હોય તેવો તેને અનુભવ થાય છે, અને પંખી જેમ સહજપણે ઊડવા માંડે છે, તેમ ઊર્ધ્વ તરફનું એનું આરોહણ આપોઆપ થતું જાય છે અને જાણે એના ધ્યેયને એણે હાંસલ કર્યું હોય તેવું તેને લાગે છે. પૂજ્ય શ્રીમોટાએ તેમની **'જીવનકેડી'**માં આ સ્થિતિને નીચે મુજબ આલેખી છે :-

નીરખવું એકનું એક જ, તલસવું એકને માટે,
તલસવાનો હૃદયમાંનો ઊંડો ઉન્માદ અદ્‌ભુત છે.

● ● ●

અનુભવતાં, અનુભવતાં, પ્રકૃતિના પ્રદેશે જે,
પ્રકૃતિમાં શક્તિ જુદા જુદા પ્રવેશાતું નૂતન ક્ષેત્રે.

● ● ●

જીવનમાં શક્તિકેરાયે જુદા જુદા પ્રકારો છે,
જીવનના ઊર્ધ્વને છેડે **હરિ**શક્તિનું દર્શન છે.

આ રીતે શ્રેયાર્થીને ધ્યેયની ઝાંખી થાય છે અને પછી તો તેનો આત્મા **શ્રીહરિ**માં જ રાચે છે, તેનું વર્ણન પૂજ્ય શ્રીમોટાએ નીચે મુજબ કર્યું છે :-

**હરિ**ના ભાવમાં જીવવું જીવન તે સાચું જીવન છે,
પ્રતીતિની પ્રતિષ્ઠા શી જીવન મારે થયેલી છે !

● ● ●

અમે **एना** પૂરા યંત્ર, બજાવે જે રીતે અમને,
અમે તે રીત વાગીશું, ન અમને કોઈ પણ રીત છે.

પછી શ્રેયાર્થીને પોતાપણા જેવું રહેતું નથી, સમગ્ર સૃષ્ટિ સાથે તેનું સંધાન થાય છે અને સાકર જેમ દૂધમાં ભળી જઈને એકરસ થઈ જાય છે, તે રીતે શ્રેયાર્થી **हरि**રસમાં વિલીન થઈ જાય છે. એને પૂજ્ય શ્રીમોટા નીચેના શબ્દોમાં આલેખે છે :-

**हरि**અસ્તિત્વની ઝાંખી હૃદય ત્યારે થયેલી છે,
ગહન, ગૂઢ, કળા સૂક્ષ્મ શી વર્તાઈ **हरि**ની તે !

● ● ●

આ છે પૂજ્ય શ્રીમોટાની સાધનાની કેડીની કામણકથા.

**'જીવનકેડી'**નાં ભજનોનું શ્રવણ કરતાં કરતાં જ્યારે જ્યારે ભજનોનો વિષય બદલાતો હોય ત્યારે ત્યારે પૂજ્ય શ્રીમોટા તે વિશે ટૂંકમાં તેનો ઈશારો કરતા કે સમજાવતા ત્યારે તેનો ગૂઢાર્થ સમજવાનું અમારે માટે સરળ થતું. આ **'જીવનકેડી'**નાં ભજનો થોડા દિવસમાં જ આલેખાયાં છે, તેના અમે સાક્ષી છીએ અને તે દિવસો દરમિયાન તેનું રટણ અમારા દિલમાં થયા કરેલું, તે ઉપરથી આ કેડીની કામણકથા અમે લખી છે. બાકી, **'જીવનકેડી'**ને આલેખવાનું અમારું શું ગજું !

પૂજ્ય શ્રીમોટાએ **'જીવનકેડી'**ના સંપાદકો તરીકેનું બિરુદ આપીને અમને અમારી લાયકાત કરતાં ઘણું મોટું પદ આપ્યું છે, પરંતુ અમે તો અમારી જાતને આ **'જીવનકેડી'**નાં ભજનો સાંભળવાની અને સમજવાની જે તક મળી, તેને અમારું સદ્ભાગ્ય લેખીએ છીએ. આ **'જીવનકેડી'**નાં ભજનો જે રીતે અમે સમજ્યા તે રીતે આલોચવાનો અમે નમ્ર પ્રયાસ કર્યો છે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો સુજ્ઞ વાચકો અમને માફ કરશે એવી આશા છે. પૂજ્ય શ્રીમોટાને અમારા અનેકાનેક પ્રણામ હો !

શ્રી રતિલાલ ગિરધરલાલ રંગૂનવાળા  શ્રી ધનસુખલાલ ગાંડાભાઈ ઘડિયાળી
શ્રી ચૂનીલાલ મોતીરામ તમાકુવાળા  શ્રી અરવિંદભાઈ ચૂનીલાલ ચશ્માંવાળા

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

**'જીવનપગદંડી'** શ્રી કાંટાવાળા સાહેબના નિમિત્તે લખાઈ. તે પછીથી તો ભજનોનો ફુવારો ફૂટતો જ રહ્યો અને આગળ લખાતું જ ગયું. રોજ વહેલી સવારે સુરત આશ્રમમાં શ્રી પુષ્પાબહેન, ભાઈ ધનસુખભાઈ, ભાઈ અરવિંદભાઈ, ભાઈ ચૂની, ભાઈ રતિલાલ રંગૂનવાળા, શ્રી કમુબહેન તથા ભાઈ મોહનભાઈ ગોળવાળા વગેરે વગેરે બધાં આવી પહોંચતાં. તેમાંના ભાઈ ચૂની, ભાઈ અરવિંદભાઈ તથા ભાઈ રતિભાઈ, હું બોલું તે ભજન ઉતારતા. રોજ સવારના પહોરમાં **આ જીવ**નું શરીર શેકની પાંચ કોથળીઓથી હળવો હળવો શેક લેતું અને ખાટલામાં પડ્યું રહેતું, ત્યારે આપમેળે આ બધાં ભજનો મોઢેથી બોલાયેલાં છે.

આ બધાં ભાઈઓ-બહેનો પણ ત્યારે બહુ જ એકદમ એકાગ્રતાથી આ બધું સાંભળતાં અને તેમાં તન્મય પણ થતાં, અને લખનાર તો તેમાં ખાસ ઓતપ્રોત થઈ જતા. અને આવું તે દૃશ્ય મારે માટે તો એક ઉત્તમ ભોજન જેવું હતું. આ બધાં ભાઈઓએ અને બહેનોએ આ ભજનસર્જનમાં મને જે અનેરો સાથ, સહકાર અને પ્રોત્સાહન આપ્યાં છે, તેને હું ભગવાનની કૃપાપ્રસાદી સમજું છું. આ ભજન હું બોલતો જઉં, તે જ પ્રમાણે આ ભજનો છે. હું બોલું અને ભજનો લખાઈ જાય, તે પછી ભાઈ ચૂની ફરીથી પાછો વાંચી જતો. ઘણી વાર ભાઈ ચૂનીનો ઊધડો લઈ નાખું, અને એવી રીતે બોલું કે બીજા કોઈને તો ખોટું જ લાગી જાય, પરંતુ ભાઈ ચૂનીને અને મારે પ્રભુકૃપાથી કેવો દિલદિલનો સંબંધ છે, તે અમે જ જાણીએ. એણે કદી મનમાં જરા સરખું પણ ખોટું લગાડ્યું નથી.

મારા એવા બોલવાથી કરીને કોઈને ખોટું લાગી જાય, તો તેમાં તેનો દોષ હું ન ગણું. અને ભાઈ ચૂનીનો હું ઉપકાર શું માનું ? મારું દિલ જ તે માટે તો ના પાડે.

આ બધાં ભજનો એ તો થોડાક દિવસની જ રમત છે. મારા જીવનની સાધનાના સમયમાં જુદા જુદા વિષય પરત્વે અને મારા સ્વભાવ અને **જીવ**દશાનાં જુદાં જુદાં વલણો જાગતાં, તે તે વખતે તે બધાંને મઠારવાને માટે **શ્રીહરિકૃપા**થી જે બની શક્યું હતું, તે બધા અનુભવની હકીકત આમાં નોંધાયેલી છે.

જીવનમાં સાધના અર્થે બધાં સાધન થયેલાં જે,
ઈશારો માત્ર તે સૌનો અહીં ઉલ્લેખ કીધો છે.

સતત એકધારાં મોઢેથી ભજનો બોલાતાં જવાય અને તે પણ જુદી જુદી હકીકતરૂપે, જેમાં કશો વિચારવાનો તો મુદ્દલે અવકાશ હોતો નથી. આ બધાં જ ભજનો અટક્યા વિના બોલાયે જ ગયેલાં છે. અને આ હકીકતના ઘણા બધા સાક્ષીઓ છે. આને હું ભગવાનની કૃપાપ્રસાદી સમજું છું.

ન મુજ ત્યાં હોશિયારી છે, ન મુજ વિદ્વત્તા કંઈ છે,
ન એમાં ધાડ મારી છે, કૃપા અદ્‌ભુત **હરિ**ની છે.

જીવનની સાધનાનું ક્ષેત્ર, જે ખરેખરો પ્રેમજ્ઞાનભક્તિપૂર્વક મથનાર છે, તેવાને માટે તે સતત વિસ્તરતું જતું હોય છે. અને જીવનના એટલે કે પ્રકૃતિના અનેક પ્રકારનાં ક્ષેત્રોને તે આવરી લે છે. માત્ર સ્થૂળ જ નહિ, પરંતુ પ્રકૃતિના સૂક્ષ્મની હકીકત અને ભૂમિકાઓ નિરનિરાળી હોય છે. અને એ પ્રદેશની ભૂમિકાઓથી મુક્ત થઈને કૃપાથી વિહરવું એ કંઈ જેવી તેવી હકીકત નથી. સૂક્ષ્મ પ્રદેશોની હકીકતમાં સાધનાના ભાવને અવરોધ કરનારા કેટકેટલા અસુરોનો ત્યાં ભયંકર સામનો કરવો પડે છે, તેનો રસિક ઈતિહાસ તો કોઈ ન્યારો છે. આ હકીકતની થોડીક ઝાંખી કેટલાંક ભજનોમાં છે.

સ્થૂળ કામક્રોધાદિક, અહમ્ આદિની સાથેનો પ્રકૃતિમાંનો સંગ્રામ એ પણ એક સાધનાના પ્રદેશની ભવ્ય હકીકત છે. એમાંથી આરપાર થવાયા વિના સૂક્ષ્મના અવરોધોનો સામનો થવાને માટે જે આંતરિક શક્તિ કેળવાયેલી, જીવતીજાગતી, ચેતનાત્મક હોવી ઘટે. તેવું થયેલું ના હોય તો સૂક્ષ્મમાં પ્રવેશી જ ન શકાય. જાતે તેવું ન થયેલું હોય તો તેવો **જીવ** હજી પ્રકૃતિના ક્ષેત્રના સ્થૂળ કામાદિક વિષયો એટલે સ્થૂળ દ્વંદ્વમાંથી વિજય મેળવી શકેલો નથી એમ જરૂર સમજી શકાય. સ્થૂળ કામક્રોધાદિક જિતાવા એ કદાચ સરળ બને, પરંતુ સૂક્ષ્મના કામક્રોધાદિક અને એની જે સૂક્ષ્મ હકીકતો છે, સૂક્ષ્મ પ્રદેશો છે તે બધાંનો સામનો થતાં થતાં તેમાંથી એકલી ભગવાનની કૃપાશક્તિ જ આપણને ઉગારે અને બચાવી શકે. એમાં કેટલીય વાર હારી જવાય છે અને પાછું પણ પડાય છે. આવી આવી હકીકત પણ કોક કોક ભજનમાં વ્યક્ત થયેલી છે ખરી.

જીવનના સાધનાના ક્ષેત્રમાં **શ્રીહરિકૃપા**થી જ્યારે પ્રવેશવાનું બન્યું, ત્યારથી આગળ ડગ ભરાતાં ભરાતાં તે તે ક્ષેત્રમાં પ્રકૃતિના જીવનની સામે જે કંઈ **શ્રીહરિકૃપા**થી **આ જીવ**થી બન્યા કર્યું તેની બધી હકીકત પણ આ ભજનોમાં વ્યક્ત થાય છે. જીવનના સાધનાના ક્ષેત્રમાં ડગલે ને પગલે સંગ્રામ છે અને તસુયે તસુ જીતવું પડે છે. એની સભાનતા પણ ત્યારે પ્રગટેલી હોવી ઘટે. એવી જીવતીજાગતી ચેતનાત્મક સભાનતા પ્રગટ્યા વિના આત્મવિશ્વાસ કદી પણ રણકાર દેતો પ્રગટી શકતો નથી. **આ** માર્ગમાં એવો જીવતોજાગતો આત્મવિશ્વાસ પ્રગટ્યા વિના કોઈ પણ શ્રેયાર્થી આગળ નહિ વધી શકે. શ્રેયાર્થીનું અડગ, અણનમ અને પર્વતના જેવું નિશ્ચળપણું એવા એના રણકાર દેતા જીવંત આત્મવિશ્વાસમાંથી પ્રગટતું હોય છે. જરાતરામાં કંઈ કશું આડુંઅવળું થતાં જે હાલી જાય છે, જેને સગડગ જાગે છે, હાલમડોલમ થઈ જાય છે, અસ્થિર થઈ જાય છે,

અને જેને સમતુલા બિલકુલ ત્યારે હોતી જ નથી, તેવા પ્રકારના **જીવો**થી **આ** સાધનામાર્ગમાં ઝાઝો કંઈ પંથ કાપી શકાવાનો નથી. સાધનાના માર્ગના શ્રેયાર્થીનો ટેક તો અડગ અને મરણિયો હોય છે. હાથ ઉપરનાં લીધેલાં કર્મમાં ઝઝૂમીને ઝુકાવવું અને ઝંપલાવવું એ તો જાણે એના **પ્રાણ**ની ગતિ છે. એકધારું, સતત મંડ્યા કરવામાં જ, સતત મથ્યા રહેવામાં જ અને એક નિશ્ચલ ધ્યેયનું મનન ચિંતવન સતત એકધારું જેનું જીવતુંજાગતું ચાલ્યા કરે છે અને તેમાં જેને જંપ વળતો લાગે છે, તેમ કર્યા વિના જેને ચાલી શકતું જ નથી, અને શ્રેયાર્થીના જીવનની તેવા પ્રકારની એક નૈસર્ગિક ચાલ સ્વયંભૂ પ્રગટી ચૂકેલી હોય છે, એવા પ્રકારનો માનવી જ **આ** માર્ગનો અધિકારી છે. મને પોતાને **શ્રીહરિકૃપા**થી પાકો નિશ્ચય થયેલો છે અને આ પ્રકારની હકીકતનો કોઈક કોઈક ભજનમાં નિર્દેશ પણ થયેલો છે.

જેમ જીવનનાં અનેક પાસાં છે, તેમ સાધનાનાં પણ અનેક પાસાં છે. જ્યાં જ્યાં જીવન છે, ત્યાં ત્યાં સાધના છે. અને જીવનના પ્રત્યેક ક્ષેત્રને શ્રેયાર્થીએ જીતી લેવું પડે છે. જીત્યા વિનાનું કંઈ પણ કશું એને ખપનું નથી, એટલે કે એને ખપમાં આવતું નથી. અને એમ કંઈ એકદમ એવી અણધારી જીત મળતી હોતી પણ નથી. એમાં અનેક વાર હારવું પણ પડે છે, પરંતુ એ આમ એક રીતે હારતો જણાય, પણ એનાં મનાદિએ હાર કબૂલી નથી. અને પ્રત્યક્ષ હારતાં હારતાં પણ સાચા શ્રેયાર્થીનાં મનાદિ તો કદી હાર કબૂલ કરતાં નથી. પ્રત્યક્ષ હારતાં હારતાં પણ એનાં મનાદિ તો સતત સામનો જ કર્યાં કરતાં હોય છે. મનાદિ સતત **શ્રીહરિ**ની ભક્તિ પરત્વે એકધારાં મનનચિંતનાત્મક સ્થિતિમાં **શ્રીપ્રભુ**નાં ચરણકમળની ભક્તિના અનુરાગમાં, ભાવાત્મક સર્જનમાં, **શ્રીહરિ**પરત્વેના સૂક્ષ્મ અને દિવ્ય એવા **હરિરસ**માં જ જીવનને મહાલવાનું જેનું બિરુદ છે, એવો શ્રેયાર્થી જીવનમાં જે રસ અનુભવે છે અને **હરિ**નો ભાવ

અનુભવતાં અનુભવતાં, જીવનની કૃતકૃત્યતાને જે મહાલે છે, તેનો પરમ આનંદ અને એ આનંદની ચેતનાત્મક નશીલી, મદભરી લહેજત એના જીવનને ગૌરવાંકિત રસથી ભર્યું ભર્યું કરી દે છે. તે હકીકતની પણ કોક કોક ભજનમાં ઝાંખી થાય છે ખરી.

નજર સન્મુખ, હૃદય સન્મુખ, નીરખી નીરખી, ટીકી ટીકીને,
શું અપરંપાર ઉન્માદે ભર્યું ભર્યું દિલ લાગે છે !

● ● ●

ઊછળતા દિલ ઉમળકાથી ધરાઈને, પદામૃતને
-પીતાં રહેતાં, છતાં તોયે ધરાવો દિલ થતો ના છે.

આવા પ્રકારની ભક્તજીવનના રસની છોળોની હકીકત પણ કોક કોક ભજનમાં વ્યક્ત થઈ છે ખરી. ખરેખરો જે **શ્રીભગવાન**નાં ચરણકમળનો રસિયો છે, એવા શ્રેયાર્થીને ભગવાનને માર્ગે જતાં જતાં એને પોતાને પોતાની શક્તિનું સભાનપણું પ્રગટતું જતું હોય છે. જેમ કોઈ વેપારી ધન કમાતો જતો હોય અને જમા ઉધારનાં પાસાં નીરખીને પોતાની અમુક મૂડી થતી જાય છે, એ જેમ એ પોતે પ્રત્યક્ષપણે અનુભવે છે, તેવી જ રીતે જીવનના સાધનાક્ષેત્રના શ્રેયાર્થીનું છે. જીવનના ઊર્ધ્વ ક્ષેત્રની ભવ્ય અને દિવ્ય હકીકતોમાં એનું જીવન એટલું તો એકાકાર, લગાતાર, ઓળઘોળ અને ઓતપ્રોત થયેલું હોય છે કે બીજું બધું હોવા છતાં તે તે બધું એને ગૌણ બની જતું હોય છે. ખરેખરી રીતે પ્રમાણિકતાથી, વફાદારીથી, નેકદિલથી, એકનિષ્ઠાથી જે કોઈ જીવનની સાધનાના ક્ષેત્રમાં ઝઝૂમતાં, ઝઝૂમતાં ઝુકાવીને ઝંપલાવે છે, અને ત્યારે તે ઝંપલાવાની પ્રક્રિયા તેમના જીવનમાં જે બનતી હોય છે, તેનું પણ કંઈક આછુંપાતળું દિગ્દર્શન **શ્રીહરિકૃપા**થી થયેલું છે.

જીવનની પ્રકૃતિના નિમ્ન ક્ષેત્રે કોઈ પણ એક પાસામાં **શ્રીહરિ** પરત્વેમાં મનાદિકરણ જ્યારે ઝુકાયેલાં રહ્યા કરેલાં હોય છે, ત્યારે

એ મનાદિકરણની **શ્રીહરિ** પરત્વેની અભિરુચિ વિશેષ ને વિશેષપણે **શ્રીહરિ**નાં ચરણકમળમાં જીવતી થયા જતી હોય છે, અને એવા પ્રકારની એના મનાદિકરણમાં પ્રગટેલી જીવતી ચેતનાત્મક સભાનતા છે. એ સભાનતાને લીધે જ જીવનની પ્રકૃતિના નિમ્ન ક્ષેત્રે સંસ્કારવશાત્ તેમાં પડી જવાનું થતાં પેલી ઊર્ધ્વ પ્રકારની તેનામાં ચેતનાત્મક થયેલી સભાનતા એને એટલે કે શ્રેયાર્થીને નિમ્ન પ્રકારનાં વલણોમાંથી ઉપર તરતો આવી શકવાને જગાડી દે છે. એવી જે ચેતનાત્મક સભાનતા શ્રેયાર્થીના જીવનમાં જાગેલી હોય છે, તેવી સભાનતા પછી કંઈ લય પામી જતી નથી. શ્રેયાર્થીના સતત થતા રહેતા ઊંડા અભ્યાસને કારણે શ્રેયાર્થીના જીવનમાં પ્રગટેલી સભાનતા વિશેષ ને વિશેષ, વધારે જોરદાર, તેજીલી, ચેતનાત્મક અને એટલી બધી શક્તિશાળી બની જતી હોય છે કે જીવનની સૂક્ષ્મ ભૂમિકાના પ્રદેશોમાં આરોહણ થવાનું બને ત્યારે એવી **શ્રીહરિ**ની ભાવના પરત્વેની પ્રગટેલી ભાવનાવાળી સભાનતા એ જ એનું સહજ મોટામાં મોટું જીતવાનું હથિયાર છે. કશાથી ન વીંધી શકાય એવું એનું અભેદ્ય બખતર છે. જીવનવહેવારમાં તમારી પાસે અમુક મૂડી છે, તો તેની તમને સભાનતા છે, તો પછી જીવનના ઊર્ધ્વ ક્ષેત્રમાં જો તમે પ્રવેશ્યા છો અથવા તો જો પ્રવેશ્યા જતા હો છો અથવા તો તમારો **આ** માર્ગમાં જવાનો દૃઢ નિશ્ચય છે અને તે નિશ્ચયને તમે અમલમાં મૂકતા હો છો તો તેમાંથી તમને **શ્રીહરિકૃપા**થી જે કંઈ મળેલું હોય, તો તેની તમને સભાનતા પ્રગટેલી હોવી ઘટે. જીવન-વહેવારમાં જો કંઈ પણ કરતા હોઈએ છીએ, તો તેની પણ તેવા પ્રકારની સભાનતા રહે છે, તો આપણે જો **આ હરિ**ના માર્ગમાં ઝુકાવ્યું છે અથવા એમાં પા પા પગલીએ ચાલતા છીએ અથવા તો **હરિ**ની કૃપાથી તે તરફનો આપણો અભ્યાસ છે, તો તેવા પ્રકારની તેટલી

જો સભાનતા આપણામાં પ્રગટતી ન હોય, તો આપણું કર્યું કારવ્યું યોગ્ય પ્રકારનું નથી તેવું મને લાગે છે.

સાધનાના માર્ગમાં ધ્યેયનું નિશ્ચિતપણું, મરણિયો નિશ્ચય, હેતુ અને થતા જતા પ્રયત્નોની સભાનતામાંથી પ્રગટેલું બળ આ બધાં અનિવાર્ય છે. **શ્રીહરિ**નાં ચરણકમળમાં મથી મથીને, ચહી ચહીને, ઝઝૂમી ઝઝૂમીને, ઝુકાવી ઝુકાવીને જો તેમાં સંપૂર્ણપણે ઝંપલાવવાની આપણી ભૂમિકા આપણા થતા રહેતા સાધનમાંથી પ્રગટતી જતી હોવાની શક્યતા ન લાગે તો આપણે ક્યાંક ભૂલા પડેલા છીએ એમ સમજવું અથવા તો આપણા પુરુષાર્થમાં પ્રાણ જાગ્યા નથી અથવા તો એમાં દમ નથી એમ આપણે સમજવું. જીવનવહેવારના ક્ષેત્રમાં ધન કમાવાનો જેટલો ઉત્સાહ હોય છે, કેટકેટલાં ખંત, ઉદ્યમ, સાહસ, હિંમત, ધીરજ એ બધાય ગુણોનો સહારો લઈને જીવ કેટકેટલી મથામણ કરતો હોય છે, અને રોજનો કેટલો બધો સમય તેમાં આપે છે, તેવા પ્રકારનું શ્રેયાર્થીને થતું પોતાના જીવનમાં જો વર્તાય અને વર્તાતું જતું અનુભવાય તો તેવા શ્રેયાર્થીના જીવનમાં **હરિ**ની ભક્તિ પાંગરવા માંડશે એવો મને **શ્રીહરિકૃપા**થી આત્મવિશ્વાસ છે. મેં પોતે એવું જીવનમાં અનુભવેલું છે. આવા પ્રકારના ઉદ્‌ગાર પણ આ લખેલાં ભજનોમાં છે.

લગની લાગ્યા વિના **આ** માર્ગમાં આગળ વિકાસ થવાનો નથી. **હરિ**નો રસ એ જ જીવનમાં સાચો રસ છે અને તે સહજ છે. એવું સહજપણું **આ** જીવનની સંસારની માયામમતાને લીધે ભુલાઈ ગયેલું છે. બાકી, **શ્રીહરિ**નો રસ જીવનની પ્રકૃતિના સંસારવહેવારના ક્ષેત્રમાં પણ કામ કરી રહેલો છે. એમાં પણ એ પ્રકારનો જે રસ છે એ રસ પણ મારા વહાલા **શ્રીહરિ**નો જ રસ છે. **શ્રીહરિ** પોતે રસેશ્વર છે. **આ** જે તે બધું જ **શ્રીહરિરસ**નું વ્યક્તત્વ છે. એવા રસથી શ્રેયાર્થી જીવનમાં સતત આકર્ષાતો જતો હોય છે. જીવનમાં

પોતાના ધ્યેયને માટેનો મરણિયો ટેક, નિશ્ચય વગેરે વગેરે જીવતાં પ્રગટ્યા વિના **આ** માર્ગમાં આગળ વિકાસ થઈ શકવાનો નથી, એ વાત મારે મન સોએ સો ટકા સાચી હકીકત છે. કોક કોક ઠેકાણે મારા ભજનમાં પણ આ હકીકત આવે છે.

જીવનના ઊર્ધ્વ ક્ષેત્રમાં જવાવાને માટે લીધેલા કોઈ પણ સાધનને એકધારા કેટલા પ્રમાણમાં આપણે પકડી રાખી શકીએ એમ છીએ એનું આપણે જો યોગ્ય તટસ્થાપૂર્વક નિરીક્ષણ કરીશું, તો આપણને પોતાને જ પ્રત્યક્ષ જણાશે કે **આ** માર્ગમાં આપણે આગળ વધી શકીશું કે કેમ ? જે વિષયનું હાર્દ આપણે અનુભવવું છે, તે વિષય પરત્વેનું એકધારું, એકીટશે, સતત જીવતુંજાગતું ચેતનાત્મક મનનચિંતવન જો રહ્યા કરતું લાગે અથવા તો એવા પ્રકારની કોઈ જીવતીજાગતી મથામણમાં રહ્યા કરીએ છીએ તેવું આપણને જો બરાબર લાગી જતું હોય, તો **આ** માર્ગમાં આપણો સો ટકા વિજય છે. પ્રમાણિકપણે, વફાદારીથી, એકનિષ્ઠાથી, ભાવનાપૂર્વક જે મથે છે, તેને **શ્રીહરિ** મદદ કર્યા વિના રહેતો જ નથી એવો મારો પોતાનો અનુભવ છે, અને એવા અનુભવનો રણકાર આ ભજનોમાં પણ વ્યક્ત થયો છે.

ધ્યેયની ધગશ લાગ્યા વિના તે પરત્વેની કોઈ કશી પ્રગતિ થવાની નથી. અને એવી ઉત્કટ જીવતીજાગતી જેને ધગશ લાગેલી છે, તે જીવનમાં જણાયા વિના રહી શકતી નથી. શ્રેયાર્થીને ધ્યેય અનુભવવા માટેનો જે તલસાટ જાગે છે, તે તલસાટનો ખરો મહિમા તો કોઈ ભક્ત જ જાણે છે.

**આ** જીવનને **શ્રીહરિ** પરત્વેની સભાનતામાં પ્રગટાવવાને માટે જે પ્રકારની ઉત્કટ આવશ્યકતા જોઈએ, તે જાગે તે હેતુથી જુદાં જુદાં સાધનો **શ્રીહરિકૃપા**થી આદરાયાં અને જેમ જેમ ચાલવાનું વર્તવાનું થયું, તેનાં તેનાં સીમાચિહ્ન **(Mile Stones)** તરીકે જે જે બન્યું

તે તે પગલાંનો આમાં ઈતિહાસ છે. જે પગલાં **શ્રીપ્રભુકૃપા**થી ભરાયાં, જે રીતે ગડમથલ થઈ, જે જે રીતે સ્પષ્ટ આરપારદર્શક સ્વભાવનું દર્શન થયું, અને એ સ્વભાવનું કેવી કેવી રીતે જીવનના વિકાસપંથમાં અવરોધ કરનારું **જીવદશા**નું બળ હતું, અને તે સ્વભાવની સર્વ પ્રકારની ટેવો, કુટેવો, સમજણો, મડાગાંઠો, પૂર્વગ્રહો, રીતરસમો વગેરેથી **શ્રીહરિકૃપા**થી મુક્ત થવાવાને જે પ્રકારની જીવતીજાગતી ચેતનાત્મક ઝુંબેશ **આ જીવ**થી ઉઠાવવાનું બન્યું હતું, તેનો પણ તેમાં જીવંત ઈતિહાસ આવે છે. આધ્યાત્મિક વિકાસની પરિપૂર્ણતાએ પહોંચ્યા પછી, **શ્રીહરિકૃપા**થી જીવનમાં જે પાછળનું વિહંગાવલકોન થાય છે, ત્યારના તે જીવનની હકીકતો આદર્શને અનુભવ્યા પછીના જીવનના અનુભવથી તદ્દન નિરાળા પ્રકારની હોય છે, તે શ્રેયાર્થીને આમાંથી સમજાશે ખરું. આધ્યાત્મિક વિકાસને પંથે જતાં જતાં **જીવદશા**ની પ્રકૃતિનો પડેલો જે સ્વભાવ તે પણ અવરોધકર્તા છે અને કેટલેક અંશે મદદકર્તા પણ છે. તે બધું વર્ણન અને તેની હકીકત આ બધાં ભજનોમાં તાદૃશપણે **શ્રીહરિકૃપા**થી ચિતરાઈ છે.

આ **'જીવનકેડી'**ના સંપાદકો અને પ્રકાશકોનો હું આભાર માનું છું. તે બધા **જીવો**ની સાથે **શ્રીપ્રભુકૃપા**થી **આ જીવ**નો દિલ દિલનો સંબંધ છે. મારે લીધે તે તે લોકને ઘણું ઘણું ઘસાવું પણ પડતું હશે, પણ તેવું તેવું તે બધા સજ્જનો જ્ઞાનભક્તિપૂર્વક કરે અને પોતાના કલ્યાણને માટે જ તે તે છે, એવું જો તે સાચેસાચું હૃદયથી વિચારશે તો તેમાં તેમનું કલ્યાણ છે. કોઈ પણ સાચા પરમાર્થને માટે આપણાથી કંઈક ત્યાગ થાય અને એ ત્યાગમાં ભક્તિની ભાવના જો ઉમેરાય અને તેમાં હેતુની સભાનતા પ્રગટતી રહે, તો એવું ઘસાવું એ તો જીવનને દિવ્ય પ્રદેશમાં પ્રગટાવવા માટેનું ઉત્તમ સાધન બની જાય છે, અને એનાથી કરીને જીવનને જે ઓપ અપાય છે, અને તેથી કરીને

જીવન જે ઘડાય છે એની મોજ તો એકમાત્ર શ્રેયાર્થી જ સમજી શકે. મારી સાથે પરિચયમાં આવનારા બધા સજ્જનોને મારી વિનંતી છે કે જે કંઈ કરો છો તે તમારા પોતાના શ્રેયને માટે કરો છો તેવી ભાવના સમજણપૂર્વક દઢાવતા રહેશો. કદાચ કોઈક કહે કે 'અમે તો 'મોટા'ને માટે કરીએ છીએ' એવું બોલતી પળે એવા બોલનારમાં એવી જરાતરા સરખી પણ તેવા પ્રકારની જીવતીજાગતી સભાનતા પ્રગટેલી હોતી નથી, એવો મારો ઘણાં બધાં મળેલાંની સાથેનો અનુભવ છે, અને મારું કશું કામ અંગત હોતું નથી. એ તો સમસ્ત સમાજ માટેનું છે અથવા વધારે સાચી રીતે કહું તો **શ્રીહરિ** માટેનું છે. હું તો સમાજ પરત્વેના પ્રત્યેકના ધર્મને પ્રજ્વલિત કરવા માટે અંગુલિનિર્દેશ કરતો હોઉં છું. સમાજ બેઠો થાય એવા પ્રકારની પ્રવૃત્તિ એ જ આ કાળનો સાચો પરમાર્થ છે. અને એવો પરમાર્થ જીવનમાં પ્રત્યેકે આચરવો તે સૌનો ધર્મ પણ છે. મને મદદ કરો છો એમ મનમાં ધારતા હો તો તેનો મને વાંધો નથી, પરંતુ તે કરતી પળે તમારામાં જો 'મોટા' પરત્વેની જીવતીજાગતી, જ્ઞાનપૂર્વકની, હેતુ સાથેની, જાગ્રત ચેતનાત્મક સભાનતા પ્રગટેલી રહેતી હોય તો મારે માટે તેવી ભેટ મારા જીવને ધન્ય કરી દેશે. અને મારે માટે **શ્રીહરિ**ની એ ઉત્તમમાં ઉત્તમ કૃપાપ્રસાદી હશે, પરંતુ જે કંઈ કરીએ તે પોતાના માટે જ કરીએ છીએ એવી ભાવના અને તેવા પ્રકારની સમજણ મેં મારા જીવનમાં **શ્રીપ્રભુકૃપા**થી દઢાવેલી છે. અને મારા છપાયેલા કાગળનાં લખાણોમાં પણ તેવો તેનો નિર્દેશ થયેલો છે.

**આ જીવ**થી ઘણાં પુસ્તકો લખાયાં, તેનો બધો સંગ્રહ અમદાવાદમાં શ્રી ઇંદુભાઈને ઘેર ટાઉન હૉલ પાછળ (ગુરુકૃપા ગેસ્ટ હાઉસમાં) છે. મારી સાથે જે જે જીવોને લાગણી છે, સંબંધ છે, અને થોડું પણ **આ જીવ**ને માનતા છે, અને જે જીવો **આ જીવ**ને નમસ્કાર કરે છે, તેવા તેવા જીવોને મારી વિનંતીપૂર્વક

પ્રાર્થના છે કે મારાં પુસ્તકો ખપાવવામાં મને મદદ કરે. તે વેચ્યાની મળતી રકમ મારે અંગત તરીકે લેવાની રહેતી નથી. તે તો પરમાર્થ ખાતે આશ્રમને ચોપડે જમા થઈ જાય છે. એટલે એમાં બધાં જ મને મદદ કરે એવી મારી ખાસ વિનંતી છે.

**आ** બધાં લખેલાં ભજનો એ કાંઈ કાવ્યો નથી. એ તો બધાં જોડકણાં છે. અને તે રોજ ને રોજ વીસપચીસના જથ્થામાં લખાતાં જતાં હોય છે. એમાં નરી સરળતા પણ છે અને સમજાય તેવાં છે. **श्रीहरिकृपा**થી જે જે રીતે સાધના થઈ છે, જે જે રીતે સાધનામાં ઊંડું ઊતરાયું છે અને ત્યારે તેના પરિણામથી કરી જે તટસ્થતા, ચેતના પ્રગટ્યાં હતાં, અને તેના કારણે કરીને જે પૃથક્કરણ થયું તેનું દર્શન પણ **आ** ભજનોમાં ડોકિયાં કરતું જરૂર જણાય છે. આને કોઈ કાવ્ય તરીકે વિચારશો નહિ પણ જોડકણાં તરીકે જ સ્વીકારશો. જે કોઈ **जीव** સાધનાનો ખરેખરો શ્રેયાર્થી છે, તેને તો મમમમ સાથે કામ છે, ટપટપ સાથે નહિ, તેવા સદ્‌ભાવી શ્રેયાર્થીઓ તો મહીંથી મર્મને ગ્રહણ કરી લેશે.

મારું શરીર ઘણા વેદનાવાળા રોગોથી ભરપૂર છે. તે કાળે તેના શરીરને કોમળ લાગણીવાળી શુશ્રૂષાની ઘણી જરૂર, બલકે તેની આવશ્યકતા અને જરૂરિયાત પણ ખરી. તે માટે **श्रीहरि**એ કેટકેટલાં સ્વજનો બક્ષ્યાં છે ? અને મારા જેવા તીખા સ્વભાવને પણ તેઓ પ્રેમથી, ઉદારતાથી સ્વીકારી લઈ મારા શરીરને સેવા આપ્યાં કરે છે, તેને હું તો **श्रीभगवान**ની કૃપાપ્રસાદી જ લેખું છું, કેટકેટલાં નામ લખું ? રાજુ, રેણુકા, શ્રીરામ, કાંતાબહેન, ઈંદુ, જયશ્રી, તે બધાંયનો બદલો તો **श्रीहरि** આપે.

આવાં પુસ્તકો વેચી આપવાનું કામ કેટલાક સદ્‌ભાવી સજ્જનો કર્યા કરે છે અને હરિઃૐ આશ્રમે પરમાર્થને માટે ઉપાડેલાં કાર્યોમાં ઉઘરાવવા માટે સ્વયંમેળે જે ભાઈઓ ફાળો મેળવ્યા કરે છે, તે

બધા ભાઈઓનાં નામનો ઉલ્લેખ કર્યા વિના હૃદયથી ઘણો આભાર માની લઉં છું. આ બધો મહિમા **શ્રીહરિ**ના નામના પ્રતાપનો જ છે.

'કેવો હતો ? પતિત શો મુજને ચઢાવ્યો !
ક્યાંયનોય ક્યાંય મુજને ગગને ઉરાડ્યો',
દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો,
એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૨૩-૨-૧૯૭૪

॥ હરિઃૐ ॥

# પ્રકાશકોના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

આ **'જીવનકેડી'**નાં ભજનો સાંભળવાનું સદ્ભાગ્ય અમને પણ સાંપડ્યું છે. પૂજ્ય શ્રીમોટા જ્યારે આ ભજનો મોઢેથી બોલીને લખાવતા હતા, ત્યારે એમની સમીપમાં બેસીને તે સાંભળવાનો લહાવો અમને મળ્યો હતો.

સુરતની પાસે રાંદેરમાં આશ્રમ શરૂ થવાનો હતો, તે અગાઉ અવારનવાર પૂજ્ય શ્રીમોટા, સુરતમાં પધારતા ત્યારે અમે તેમને મળતા. તેઓ તેમના આત્મીયજનની જેમ અમારી સાથે વાત કરતા તે અમને ગમતું. સુરતમાં ત્યારે એક નીરામંડળી ચાલતી હતી. તેમાં સમૂહભોજનમાં પણ તેઓ ભાગ લેતા અને સૌને આનંદ કરાવતા, એ દૃશ્ય હજીય અમારી આંખ સામે તરવરે છે. નીરામંડળીનો નીરો પણ અમે તેમને પ્રેમથી પિવડાવેલો છે અને એમના સમાગમનો આનંદ અમે માણેલ છે.

નાનાંમોટાં ગરીબશ્રીમંત સૌ કોઈ તેમની પાસે જઈ શકે છે. મળેલાંને ચાહવાનો ધર્મ એમણે સ્વીકાર્યો છે. એટલે કોઈ એમને ચાહે કે ન ચાહે પણ એ તો સૌને ચાહે છે. આથી, સૌ કોઈ એમના પ્રત્યે આકર્ષાય છે અને એમને મળવા જવાની ઊર્મિ સૌને થાય છે. એમની પાસે જતાં આત્મીયતા અનુભવાય છે અને તેમને જે કંઈ વાત કહેવી હોય તે નિઃસંકોચપણે કરાય છે. આથી, 'મોટા' ખરેખર અમને 'મોટા' લાગે છે.

એક દિવસ આ **'જીવનકેડી'**નાં ભજનો સર્જાતાં હતાં ત્યારે પૂજ્ય શ્રીમોટાએ કહ્યું કે **'જીવનકેડી'**ના ચાર સંપાદકો તો મને મળી ગયા. હવે, બે પ્રકાશકોનાં નામ બાકી રહે છે. પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનાં વેચાણની જે રકમ એમને મળે છે, તે બધી જ પરમાર્થનાં કાર્યોમાં વપરાય છે, તે અમે જાણીએ છીએ. એટલે સહેજે જ અમને થયું કે અમે તેના પ્રકાશક થઈએ અને આ વિશે તેમને વાત કરતાં તેમણે તેનો સ્વીકાર કર્યો.

પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવનસાધના કેવી રીતે કરી તેનાં ભજનો આ **'જીવનકેડી'**માં આપવામાં આવ્યાં છે. તેમની સ્વાનુભવશ્રેણીનાં આ અગાઉ બીજાં ઘણાં પુસ્તકો પણ પ્રસિદ્ધ થયેલાં છે, જે સૌ કોઈએ વાંચવા જેવાં છે. પૂજ્ય શ્રીમોટાનાં ભજનોની વિશેષતા એ છે કે તે વાંચતાં સમજાય એવાં સરળ છે. **હરિ**માર્ગ માટે તેઓ કદી કોઈને ઉપદેશ આપતા નથી, પરંતુ જેમને ઈશ્વરીમાર્ગ તરફ વળવું હોય તેમને માટે મૌનમંદિરમાં નામસ્મરણ, ભજનકીર્તન, ધ્યાન, વાંચન અને મનન વગેરે દ્વારા તેમાં બેસનારાં ઈશ્વરાભિમુખ થવાનો પ્રયત્ન કરે છે અને સંસારના ક્લેશ, તાપ, સંતાપથી અળગાં થઈને બને તેટલી શાંતિ મેળવવા પ્રયાસ કરે છે. અને એ રીતે કેટલાંય ભાઈબહેનો મૌનમાં બેસીને હળવાં થયાં છે. જગતમાં દરેક વસ્તુની કિંમત છે, કોઈ વસ્તુ મફત મળતી નથી. જો સંસારવહેવારમાં આવું છે, તો પછી સાધનામાર્ગમાં તો એથીય વિશેષ કિંમત ચૂકવવી પડે છે. આ માટે પૂજ્ય શ્રીમોટાએ યથાર્થ જ લખ્યું છે કે :-

વિના તપ ને તપશ્ચર્યા કશું મેળે ન મળતું છે,
મથ્યા વિના પૂરેપૂરું ન તાત્પર્ય સ્ફુરંતું છે.

● ● ●

જગતમાં રોટલો રળવા ત્યહીં કરવો પડે શ્રમ શો !
વિના સંપૂર્ણ હોમાયા **હરિ**ની ઝાંખી દુર્લભ તો.

● ● ●

કેડીએ કેડીએ જ મંજિલે પહોંચાય છે, તેમ આ ભજનો સાધનામાર્ગના શ્રેયાર્થીને જીવનકેડીની ગરજ સારશે અને જેમને તરસ લાગી છે, તેવા સાધના પિપાસુઓને તેમના હેતુને ફળાવવામાં રસસિંચન કરશે એવી આશા છે.

પૂજ્ય શ્રીમોટાએ આ **'જીવનકેડી'**ના પ્રકાશક થવાની અમને જે તક આપી છે, તે માટે અમે તેમના ઋણી છીએ. તેમનાં સત્કાર્યોમાં નિમિત્ત થવાનું મળ્યા કરો એ જ પ્રાર્થના.

**મોહનલાલ વિઠ્ઠલદાસ ગોળવાળા**
**ચંપકલાલ છોટાલાલ ભૂતવાળા**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની સાધનાકથા-**'જીવનપગદંડી'**ના અનુસંધાનમાં લખાયેલાં ભજનો **'જીવનકેડી'**ને નામે પ્રસિદ્ધ થાય છે. જેમાં તેમની સાધનાનાં વણસ્પર્શ્યાં પાસાંઓની હકીકત રજૂ થઈ છે, જે સાધનાપથના જિજ્ઞાસુઓને પ્રેરણાપ્રદ થશે.

દરેક માનવીને જીવન ઉન્નતિને પંથે જવાનું ગમે છે અને તે માટેનો ઉત્સાહ પણ તે ધરાવતો હોય છે, પણ સાધનામાં ઈચ્છા ધરાવવી અને ઉત્સાહ દાખવવો એટલું જ પૂરતું નથી, પરંતુ એને માટે તો શ્રેયાર્થીએ સતત શ્રમ, પુરુષાર્થ અને મથામણ કરવાં પડે છે. નિરાશા, હતાશાને ખંખેરી નાખવી પડે છે અને પોતાનું ધ્યેય નજર સમક્ષ રાખીને તે કેવી રીતે સફળ થાય તેમાં રમમાણ થઈને પ્રયત્નશીલ થવાય તો જ તેનો કંઈક પત્તો ખાય છે.

જીવનમાં સુટેવો, વ્રતનિયમ, આગ્રહો ભલે ઉપયોગી ગણાય, પરંતુ સાધનામાં એ જ મહત્ત્વનું છે એવું નથી. તે વિશે શ્રેયાર્થી જ્યારે સાધનાપથમાં આગળ ધપે છે ત્યારે તેને ખ્યાલ આવે છે. સાધનાજગત એ કોઈ જુદું જ જગત છે અને એના રંગઢંગ સામાન્ય સંસારીને વિચિત્ર લાગે એવું પણ બને. કેટલીક વાર જગતને જે ન ગમે એવું પણ શ્રેયાર્થીને કરવું પડતું હોય છે અથવા એવી સ્થિતિમાંથી એને પસાર થવું પડતું હોય છે. કેટલીક વાર સંસારને જે અરુચિકર લાગે પરંતુ શ્રેયાર્થીને તેમાં વિકાસ જણાતો હોય, તો તે પ્રમાણે વર્તતો હોય છે.

સાધનાને વરેલા શ્રેયાર્થીનાં વલણ અને વર્તન તથા તેનાં રીતરસમ અને નીતિનિયમને સામાન્ય સંસારી સમજી નહિ શકે.

**'જીવનકેડી'**નાં ભજનો વાંચતાં આ વિશે જિજ્ઞાસુને જાણવા મળશે અને સંતોને સમજવામાં સહાયરૂપ થશે.

સાધનામાં સભાનતા અતિ મહત્ત્વની છે. સભાનતાપૂર્વક થયેલાં કર્મો જ શ્રેયાર્થીને સાધનામાં ગતિશીલતા આપે છે. સાધનામાં સાધકે ખંત, ઉત્સાહ, ધીરજ, ચોકસાઈ વગેરે બરાબર રાખવાં પડે છે અને જરૂર પડ્યે પોતાની જાત સાથે કડકાઈ, કઠણાઈ રાખવી પડે, તો તેમ કરતાં ખચકાવું ન જોઈએ. આ બધી બાબતોના ઈશારા આ **'જીવનકેડી'**નાં ભજનોમાંથી જિજ્ઞાસુને મળશે.

આ **'જીવનકેડી'**નાં ભજનોને સુવાચ્ય અક્ષરોમાં ઉતારવાનું કામ સુરત આશ્રમના ભાઈ રજનીભાઈએ પ્રેમપૂર્વક કર્યું છે અને ભજનોનું વર્ગીકરણ કરી તેને વિભાગવાર વહેંચી છાપવા યોગ્ય પ્રેસકૉપી તૈયાર કરવાનું કામ ભાઈ સોમાભાઈએ કર્યું છે. બંને આશ્રમનાં સ્વજનો છે, એટલે તેમનો આભાર માનવાનો હોય નહિ, પરંતુ તેમના ભાવની કદર કરીએ છીએ.

અમોને જાહેર કરતાં ખુશી થાય છે કે આ **'જીવનકેડી'** પુસ્તકના સંપાદકોએ દરેકે સવાસો પ્રત તથા પ્રકાશકોએ દરેકે બસો પ્રત વેચી આપવાનું સ્વીકાર્યું છે, તે માટે અમો તેમના ખાસ આભારી છીએ. બીજાં ભાઈબહેનો પણ આવી રીતે પુસ્તકો વેચી આપવામાં મદદરૂપ થશે, તો હરિઃૐ આશ્રમે ઉપાડેલાં પરમાર્થનાં કાર્યોમાં મદદરૂપ થયાં ગણાશે.

આશ્રમનાં કાર્યોની સુવાસથી પ્રેરાઈને આ પુસ્તકના પ્રકાશન ખર્ચ માટે જેમણે જેમણે રકમ આપી છે, તે માટે તે સર્વનો અમો ઘણો ઘણો આભાર માનીએ છીએ.

આશ્રમનાં પુસ્તકોને બનતી ત્વરાએ છાપી આપનાર મેસર્સ ઍલૅમ્બિક પ્રેસનો તો જેટલો આભાર માનીએ એટલો ઓછો ગણાય.

તા. ૨૩-૨-૧૯૭૪

**નંદુભાઈ શાહ**
મૅનેજિંગ ટ્રસ્ટી,
હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને પોતાના જીવનની સાધનાના સમયમાં જુદા જુદા વિષય પરત્વે અને પોતાના સ્વભાવ અને જીવદશાનાં જુદાં જુદાં વલણો જાગતાં તે વખતે તે બધાંને મઠારવા માટે શ્રીહરિકૃપાથી જે બની શકતું, તે બધા અનુભવની હકીકતની ભજનો દ્વારા નોંધ કરાઈ છે.

આવાં ભજનો જે તે સમયે પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થયાં છે. આવાં પ્રકાશનોની શ્રેણીમાં સને ૧૯૭૪માં **'જીવનકેડી'**ની પ્રથમ આવૃત્તિ સ્વજનોને પ્રાપ્ત થઈ હતી. લાંબા સમયથી **'જીવનકેડી'**ની નકલો અપ્રાપ્ય હોવાથી સ્વજનોની સેવામાં તેની બીજી આવૃત્તિ પ્રકાશિત કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૪-૪-૨૦૦૮ — **ટ્રસ્ટીમંડળ,**

(રામનવમી) — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મળેલાંને ઉદ્‌બોધન | ૧-૨૬ |
| ૨ | સાધનાની જીવનકેડી | ૨૭-૬૦ |
| ૩ | સાધનામાં સ્મરણ, ભજન, કીર્તન, પ્રાર્થના | ૬૧-૮૬ |
| ૪ | સાધનામાં કૃપાશક્તિનો પ્રતાપ | ૮૭-૧૧૨ |
| ૫ | સાધનાવિકાસમાં હરિરસનો મહિમા | ૧૧૩-૧૪૦ |
| ૬ | સાધનાવિકાસનાં વિવિધ પાસાંઓ | ૧૪૧-૧૯૬ |
| ૭ | સાધનાપથની વિવિધ તપસ્યા | ૧૯૭-૨૧૮ |
| ૮ | સાધનાની અનુભવકથા | ૨૧૯-૨૭૪ |
| ૯ | હરિલીલાની ઝાંખી | ૨૭૫-૩૧૨ |


❑

# જીવનકેડી

❑

પૂજ્ય શ્રીમોટા

**'હું સર્વત્ર વિદ્યમાન છું.'**


'જીવનદર્શન', ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ - ૧

# મળેલાંને ઉદ્‌બોધન



હૃદયના તાર મેળવીને, જીવનમાં સર્વ સંગાથે,
જીવનમાં **એક** બનવાનો હુકમ અમને **હરિ**નો છે.

હરિઃૐ

## છતાં જેવા છીએ તેવા અમે છીએ હરિના તે

જીવનમાં સર્વ સંગાથે હળીમળી જીવવાનું છે,
થઈ સમરસ બધાં સાથે જીવનમાં વર્તવાનું છે.

જીવનના તાર સઘળાનો જીવનસંગીતની સાથે,
હૃદયથી મેળ પૂરો ત્યાં અમારે પાડવાનો છે.

બધા ત્યાં તાર બેસૂરા પૂરેપૂરા જ કેવા છે !
છતાંયે મેળ કેવો ત્યાં અમારે પાડવાનો છે !

વિરોધાભાસ સંજોગો પૂરા નક્કર બધી રીતે,
છતાં તેમાં મળી, ગળીને, અમારે **एक** જીવવું છે.

પ્રકૃતિમાં **हरि** જેવો મળી ગળીને રસાયો છે,
જીવનનું તે રીતે વર્તન અમોને શોભતું છે તે.

હજી સંપૂર્ણતા યોગ્ય ન તેમાં આવી ચૂકી છે,
છતાં જેવા છીએ તેવા અમે છીએ **हरि**ના તે.

હરિઃૐ

## બધાંનો કોઈક ને કોઈક રહેલો મૂળ હેતુ છે

બધાંનો કોઈક ને કોઈક જીવનમાં જે મળેલાં છે
—ગહન, ગૂઢ, છુપાયેલો રહેલો મૂળ હેતુ છે.

જીવનમાં સંકળાયેલાં પરસ્પરથી પરસ્પર જે,
જીવનનો મૂળ આનંદ અનુભવવા જ અર્થે તે.

જુદાં જુદાં નિમિત્તોથી બધાં સંસારીની સાથે
જીવનસંબંધ બંધાતો ખરેખર શો રહે છે તે !

ગમે તેવો ભલેને હો જગે સંબંધ, કિંતુ જ્યાં
-ફળવવા હેતુનું જેનું ઊંડું લક્ષ, ફળે શો ત્યાં !*

* શ્રી ધનસુખભાઈ તથા શ્રી પુષ્પાબહેનને ઉદ્દેશીને લખાયેલું.

હરિઃૐ

# જીવનઆદર્શનો ઊર્ધ્વ જવાનો પથ તમારો જો

જીવનઆદર્શનો ઊર્ધ્વ જવાનો પથ તમારો જો,
જવો જોઈશે છૂટી તમ તે, સ્વભાવ ગણતરીવાળો.

પ્રકૃતિનો પડેલો હો સ્વભાવ જે પૂરેપૂરો,
જવો બદલાઈ સંપૂર્ણ, ખરેખર જોઈશે પૂરો.

બધાં જે **જીવ**દશાકેરાં જીવનનાં મૂલ્ય જે જે છે,
જીવનના ઊર્ધ્વના દેશે ન ખપમાં લાગવાનાં છે,

જીવંતો મોખરે ભાવ બધે જેમાં અને તેમાં
-તમારો જોઈશે હોવો, જવું જો ઊર્ધ્વ પથ હો ત્યાં.

મહત્ત્વ ભાવને દઈ દઈ જીવનમાં વર્તવાનું તે,
જરૂર કરવું જ પડવાનું જીવનઆદર્શ ઊર્ધ્વે જો.

હરિઃૐ

## હૃદયમાં ભાવ અનુભવતાં જશે ઊડી ગણતરી સૌ

જીવન જો ભાવ કેળવવા મહત્ત્વે ધ્યેય સાચું છે,
ગણતરીની બધી ટેવ પછી તો છોડવાની છે.

જીવંતો ચેતનાત્મક જો હૃદયમાં ભાવ તો ઊંડો,
ગણતરીનું કશું ત્યાં કંઈ ન અસ્તિત્વ રહેતું છે.

**હરિ**ને દિલ અનુભવવા હૃદયનું ધ્યેય સાચું જો,
ગણતરીનું બધું માનસ ઊડી જવું જોઈશે નિશ્ચે.

જીવનના ઊર્ધ્વનું ચિંતન થતું રહેતું હશે જો તે,
સતત પછી ભાવમાં ઊંડું રહેવાનું થવાનું છે.

હરિ:ૐ

## બધાંને માટ તો દિલમાં થતી છે પ્રાર્થના શી તે !

અમારું માથું ફોડાવે નકામા કેટલાક જ શું !
વિના સમજ્યા કશું યોગ્ય ડહાપણ ડહોળતા તે શું !

પરસ્પરના જીવન વચ્ચે ફરક શો આસમાન જ છે !
પરસ્પરની પછી સમજણતણો ત્યાં મેળ બેસે શેં ?

જીવનમાં દિલ સદ્‌ભાવ અને સુમેળ ધારીને,
કૃપાથી વર્તવાનો તો નિયમ કેવો અમારો તે !

અમારે ચાહી ચાહીને મળેલાંને બધી રીતે
-જીવનમાં સાથ રાખીને, અભિમુખ પાદ કરવાં છે !

કૃપાથી તે થવું યોગ્ય હશે ત્યારે ભલે બનતું,
બધાંને માટ તો દિલમાં થતી છે પ્રાર્થના શી તે !

હરિઃૐ

# અમારે પણ બધાં સાથે ચડીચૂપ જીવવાનું છે

બધાં સંસારીની સાથે જીવન **આ** જીવવાનું છે,
નર્યું તે નગ્ન એવાંનું બધું પ્રત્યક્ષ અમ નજરે.

છતાં ના બોલવાનું છે, સમજથી ધારવાની છે
-પૂરેપૂરી શી ચુપકીદી ! છતાં ભળવાનું છે સાથે !

કદીક તો ચીતરી કેવી ચઢે એવું નિહાળીને,
છતાં રહી સ્વસ્થ સંપૂર્ણ, મુખે આનંદ ધરવો છે.

નર્યા લોલુપતાવાળા સીમા જેની કશી ના છે,
બધાં પાનાં શું તે સાથે અમારે પાડવાનાં છે !

**હરિ**નો દાખલો કેવો જીવંતો જોઈને સામે,
અમારે પણ બધાં સાથે ચડીચૂપ જીવવાનું છે.

હરિઃૐ

## વગર સમજે જગતજન શાં પરખવા બુદ્ધિ ચલવે છે !

લૂલો જે આંધળાકેરી જીવનની ગત સમજવાને
-કદીયે શક્તિમાન જ ના, સમજવું તેનું મિથ્યા તે.

બધાં સંસારીની તેવી અનુભવીને સમજવાને
-કશી ના પાત્રતા યોગ્ય, શકે સમજી પછી શેં તે ?

છતાં લોકો અનુભવીને પડેલા સ્વભાવની રીતે
-વિચાર્યાં દિલ કરવાનું, કદી પણ ના મૂકી દે છે.

પૂરું સંસારી શાં નિજને કદી પરખી ન શકતાં છે !
છતાં કેવાં અવરને તે પરખવા બુદ્ધિ ચલવે છે !

હરિઃૐ

# ‘નિમિત્ત’, ‘હેતુ’, પ્રીછીને, રીતે તે વર્તવાનું છે

જીવનમાં જે મળેલાં છે, મળ્યાનો હેતુ ત્યાં ત્યાં છે,
પરંતુ કોઈ પણ તેને પિછાની ના શકે કેમે !

કૃપાથી શાં અમારે તો ‘નિમિત્ત’, ‘હેતુ’, બંનેને
-જીવન વિશે પિછાનીને રીતે તે વર્તવાનું છે.

હૃદય સ્વીકાર, સહકાર મળેલાંથી, ઉમળકાથી
-અપાતો ના પૂરેપૂરો, ખૂબી શી તે કરામતની !

અમારે તો જીવન વિશે મળેલાં સાથ સહયોગ
-જીવંતો ધારવાનો છે, કૃપાથી તે થવા યોગ્ય.

હરિઃૐ

## હરિનો ભાવ ત્યાં જેવો અમારું દિલ તેવું છે

અમારે કોઈની સાથે ઝઘડવાનું કશું ના છે,
બધાંની રીતરસમ સાથે હૃદય સમરસ થવાનું છે.

સ્વતંત્ર કોઈ પણ એવી અમારી રીતરસમ ના છે,
છતાં પાછી મળેલાંની પ્રમાણે રીતરસમ શી છે !

જગત બ્રહ્માંડથી કોઈ જુદી ના પ્રકૃતિ અમ છે,
બધે પ્રસરેલ તે જેવી અમારી પ્રકૃતિ શી જે !

લીલા તે **શ્રીહરિ**ની શી તહીં ગૂઢ રીત ખેલે છે !
**હરિ**નો ભાવ ત્યાં જેવો અમારું દિલ તેવું છે.

હરિઃૐ

## હરિના સાથ વિનાનું કશું ડગલું ન ભરવાનું

અમારે તો જગત સાથે ન કંઈ તકરાર કરવી છે,
હળીમળી દિલ સદ્‌ભાવે ચહેલું વર્તવાનું છે.

જગતની રીત તો એની પ્રકૃતિની પ્રમાણે છે,
તહીં ગોઠવાઈ તે રીતે સરળતાથી જવાનું છે.

'કંઈ કોઈ રીતનો ક્યાંયે કદી પણ સામનો સહેજે
-ભૂલેચૂકે ન કરવાનો', હૃદયનો પક્વ નિશ્ચય છે.

જગતની સાથ વ્યવહાર નિમિત્તે જે મળેલાં છે,
ધરીને મોખરે **હરિ**ને શું કરવાનો અમારે છે !

**હરિ**ના સાથ વિનાનું કશું ડગલું ન ભરવાનું,
જીવનના રંગનો એવો બધો વહીવટ પડેલો શો !

હરિઃૐ

# નૂતન નૂતન થતાં દર્શન જીવન ધનભાગ્ય તેથી છે

અમે કોઈ રીતનો બિલ્લો કપાળે ના લગાડ્યો છે,
'અમે આવા વળી તેવા', ન પોકાર્યું કદી પણ છે.

જીવનમાં વર્તણૂક શી ! શી ! કઈ રીતની અમારી છે,
જરૂર તે માટ કોઈના ભલામણપત્રની ના છે.

'અમારે વર્તવું કેમ ?' બધી કંઈ પૂછપરછ તેની
–'શી કરવાની જરૂર તમને ?' મને કહેશો કૃપાથી તે ?

જીવનમાં સલાહ દેવાને કદી કોઈ રીતે તમને
–થતો પ્રવૃત્ત કેમે ના, પછી ગોદાટી શી અમને ?

છતાં પણ સર્વ મંજૂર તે જગત સંસારીનું જે તે,
અમારે મોઢું સીવીને જીવનમાં રાચવાનું છે.

લીલા જે **શ્રીહરિ**કેરી રમે તે પ્રકૃતિ વિશે,
નૂતન નૂતન થતાં દર્શન જીવન ધનભાગ્ય તેથી છે.

હરિઃૐ

## થતું હો જેમ જે તે કંઈ થવા દેવાનું તેમ જ તે

ભરેલા લાલસાથી શા, અનેકે ઝંખનાવાળા !
અનેકે કામનાવાળા, **हरि** ભજવા શું નીકળેલા !

પૂરી નિજ જાતને યોગ્ય ન તેવાએ તપાસી છે,
છતાં કેવા જતા તેઓ અવરને તપાસવાને તે !

ધતિંગો સર્વ ચાલે છે, નૂતન નૂતન શું સંસારે !
બધાં ઘસડાય છે કેવાં શું ગાડરિયા પ્રવાહે તે !

નરી આંખે બધું એવું જગે પ્રત્યક્ષ નીરખ્યું છે,
થતું હો જેમ જે તે કંઈ થવા દેવાનું તેમ જ તે.

હરિઃૐ

## જીવનમાં એક બનવાનો હુકમ અમને હરિનો છે

હૃદયના તાર મેળવીને, જીવનમાં સર્વ સંગાથે,
જીવનમાં **એક** બનવાનો હુકમ અમને **હરિ**નો છે.

હુકમનો સર્વ ભાવેથી બધી રીતે અમલ કરવા,
ઉમળકાથી શી અમ દિલની પૂરેપૂરી જ તત્પરતા !

પ્રકૃતિની બધી સમજણતણાં તે ચોકઠાં વિશે,
**હરિ** વિજ્ઞાનની સમજણ કદી પણ બેસી ના શકશે.

છતાં પણ બેઉનો શો છે પરસ્પર મેળ સંગાથે !
અમારે પણ બધી રીતે જીવન તે જીવવાનું છે.

હરિ :ૐ

## સતત બસ ધ્યેયમાં ઊંડું અમે તો લક્ષ રાખ્યું છે

બડાશો ના અમે મારી જીવનમાં હોશિયારીની,
કર્યા વિના રહેલા ના, છતાં પણ સર્વ બનતું જે.

થવું જે જે ઘટે તે તે બધું તે તે કરી કરીને,
વિના પહોંચ્યા પૂરા ધામે, ન કંઈ આરામ શોધ્યો છે.

પથે દિલ શ્વાસ લેવાને અમે બેઠા ન નિરાંતે,
સતત બસ ધ્યેયમાં ઊંડું અમે તો લક્ષ રાખ્યું છે.

સતત મથવાતણો યજ્ઞ જીવન ચાલી રહેલો જે,
મને પહોંચાડીને એણે ઠરીઠામ કરાવ્યો છે.

હરિ:ૐ

# હરિને જીવતો રાખી અમારે જીવવાનું છે

અમારો જગત સંસાર યથાવત્ સર્વ ચાલે છે,
અમારું તે છતાં તેમાં જરા પણ દિલ કશું ના છે.

બધે જેમાં અને તેમાં અમારે તો **હરિ** દિલ છે,
**હરિ**ને જીવતો રાખી અમારે જીવવાનું છે.

**હરિ**ને જે જિવાડે છે, જીવન સાચું જીવે છે તે,
**હરિ** તેથી અનુભવથી જીવનમાં શ્રેષ્ઠ ધાર્યો છે.

કદીક જીવનમાં હાર્યો છું, હું પછડાયો કદીક કેવો !
છતાં ત્યારે **હરિ**એ શી અમારી બાંય પકડી છે !

હરિઃૐ

# ઊછળતા પ્રેમ ઉમળકે અમે સોબત કરેલી છે

બધાં સંસારનાં સગપણ અમે જોયા વિચારીને,
બધાં તે સ્વાર્થનાં પૂતળાં અમોને દિલ લાગ્યા છે.

અમોને સ્વાર્થ **हरि** સાથે ઊંડો લાગેલ કેવો તે !
કશું સંસારનું તેવું ન તેથી દિલ સ્પર્શ્યું છે.

સતત **हरि**ની જ સંગાથે મનાદિથી ચહી ચહીને,
ઊછળતા પ્રેમ ઉમળકે અમે સોબત કરેલી છે.

ન સંઘરવા કશા યોગ્ય હતા કેવા નરાધમ તે
-અમે, એવાની **श्रीहरि**એ ખરેખર બાંય પકડી છે.

હરિઃૐ

## મરણિયા દિલ નિર્ધારે, અમે પુરુષાર્થ કીધો છે

અમે સંસારી શા પાકા જીવન વ્યવહારની રીતે !
છતાં તેમાં જીવનધ્યેય જીવંતું દિલ ધાર્યું છે.

અમે નિશ્ચયને વળગીને જીવનધ્યેય ચગવવાને
-મરણિયા દિલ નિર્ધારે, અમે પુરુષાર્થ કીધો છે.

કદીક કેવું જીવનમાં તો ઊંધુંચતું થયેલું છે !
છતાં હિંમત જીવનમાંથી ન પરવારી ગયેલી છે.

સ્મરંતાં દિલ **શ્રીહરિ**ને નયનનું તારામૈત્રક તે
-હૃદયના પ્રેમઅણસારે ખડું દિલમાં થયેલું છે.

હરિઃૐ

## જવાબ સર્વ જીવનનો, અમારે આપવાનો છે

**હરિ**નો એકલાનો તે હૃદય હિસાબ માંડીને,
-જવાબ સર્વ જીવનનો, અમારે આપવાનો છે.

સિલકમાં ભૂલ આવે જ્યાં બધો પૂરો ફરી ફરીને
-હિસાબ જે લખેલો છે, તપાસી શો લઈ લઈને !

રકમ સિલક ફરી પાછી ગણી લઈને તપાસી છે,
જીવનનો મેળ એ રીતે શું મેળવવા મથેલો જે !

જીવનની સર્વ બાજુની વ્યવસ્થાની બધી રીતે
-પૂરી સંભાળ રાખીને, જીવનને પદ સમર્પ્યું છે.

હરિઃૐ

## કમાણી નિત્ય કરવાને જીવનની, લક્ષ્ય રાખ્યું છે

બહુ વિચાર કરી કરીને જીવનવેપાર માંડ્યો છે,
શરૂ શરૂમાં નફા બદલે મળેલી ખોટ કેવી છે !

પરંતુ તે છતાં દિલમાં ગયો ગભરાઈ ના કંઈ જે,
સતત મંડ્યો રહ્યા કરીને બધું ત્યાં લક્ષ દીધું છે.

ખરેખર તે સમય મુજથી ઊંધું કંઈ વેતરાયું છે,
પછી તે સાચવી લેવા મથામણ ખૂબ કીધી છે.

નફાતોટાતણો મેં તો ન કંઈ હિસાબ રાખ્યો છે,
કમાણી નિત્ય કરવાને જીવનની, લક્ષ રાખ્યું છે.

હરિઃૐ

## વદાયેલું ખરેખર તે, સદા યોગ્ય કંઈ ના તે

બધુંયે સાંભળેલું જે પૂરેપૂરું જ સાચું તે,
કદી ના શક્યતા હોવાતણી ક્યાંયે ન કંઈ તે છે.

કદીક કૈં જોશમાં આવી કશું બોલી જવાતું છે,
છતાં તેમાં પૂરેપૂરી કશી ના યોગ્યતા કંઈ છે.

કદીક કંઈ ટોળટપ્પામાં કદીક વિનોદમાં પણ જે
-વદાયેલું ખરેખર તે, સદા યોગ્ય કંઈ ના તે.

'બધું બોલાયેલું એવું પૂરેપૂરું જ સાચું છે',
કદી ના માની લેવું તે, જીવનઘટમાળ એવી છે.

હરિઃૐ

## જીવનમાં નમ્રતા તેની રણકતી શી ખરેખર છે !

જીવનમાં ચમરબંધીની અમે શેહથી દબાયા ના,
દબાવાનું કશા વિશે અમે કોઈ રીત જાણ્યું ના.

છતાં પાછી જીવનકેરી અમારી નમ્રતામાં તે,
જરા ના ઓટ આવી છે, કશી તેનાથી કરીને જે.

મુસાફર જે **હરિ**પથનો જીવનમાં નમ્રતા તેની
-કદી ઘેટાં સમી ના તે, રણકતી શી ખરેખર છે !

થવા પાત્ર **હરિ** કાજે જીવનમાં નમ્રતા ધરી છે,
અને દિલ નમ્રતાથીયે થવાનું શૂન્ય પણ રહે છે.

હરિઃૐ

# બધો ભેદ છતાં હોવા અભેદે જીવવાનું છે

મનાદિમાં પ્રવર્તે છે શી માથાઝીક કશીક પણ તે,
હૃદય મસ્તીતણો રંગ ઊડી ત્યારે જતો શો તે !

અમારે સર્વ સંગાથે હળીમળી વર્તવાનું છે,
બધો ભેદ છતાં હોવા અભેદે જીવવાનું છે.

પ્રકૃતિ ને સ્વભાવ જ છે, જીવનમાં જેમનો જેવો,
અમારે સર્વ તે સાથે શું તેવું વર્તવાનું તો !

અમારા દિલ નજદીકનું સ્વજન નિજનું ગણી લઈને,
કદીક તો કોઈની સાથે વદી શું સ્પષ્ટ પણ લઈએ !

મળેલાંને પૂરેપૂરાં સમજીએ શા અમે દિલમાં !
પરંતુ કોઈ પણ અમને, ન સમજે યોગ્ય રીતિમાં.

ન તેનો ખેદ મનમાં છે, અમારે તો મળેલાંને
–કૃપાથી પદકમળમાં શાં જરૂર ભેગાં જ કરવાં છે !

હરિઃૐ

## ભજન, કીર્તન કરાવીને હ્રદયમાં સાંત્વના દે છે

શરીરમાં દમતણી ભારે મુસીબત તો ભયંકર છે,
અમૂંઝણ કારમી કેવી સહેવાતી જરા ના તે !

કશા વિશે કશું પણ કંઈ, જરા ના ચેન પડતું છે,
કશું બોલેલું કોઈનું ન ત્યારે દિલ ગમતું છે.

છતાં ત્યારેય તો સ્વસ્થ જીવંતું માંહ્યલું છે તે,
ભજન, કીર્તન કરાવીને હ્રદયમાં સાંત્વના દે છે.

ઘણી ભારે અમૂંઝણ છે, છતાં ભાવોર્મિ શી ત્યારે
-તટસ્થ, સ્વસ્થ હોવાથી ! મનાદિમાંથી ઝરતી છે.

હરિઃૐ

## પરોઢે ગીતસર્જનમાં જવાંમર્દીથી બોલે તે

શરીર **આ** દોદળું કેવું પૂરેપૂરું થયેલું છે !
શી કમતાકાત સંપૂર્ણ શરીરની તો થયેલી છે !

ન એને હોશ કંઈ પણ છે, ન એને જોશ કંઈ પણ છે,
ન એને જોમ કંઈ પણ છે, ન કંઈ તાકાત એને છે.

ન એને બેસવા ઊઠવાતણી શક્તિ કશી કંઈ છે,
શી નબળાઈ જ સંપૂર્ણ શરીર આવી ગયેલી છે !

અવાજ શો છતાં એનો ખરો બુલંદ રણકે છે !
પરોઢે ગીતસર્જનમાં જવાંમર્દીથી બોલે તે.

હરિઃૐ

## છતાં એ જે કરે તે તે સકળ મંજૂર અમને છે

જીવનમાં કંઈ ન મુરાદો, ન કંઈ ઈચ્છા રહેલી છે,
બધી તે તે **હરિ**પદમાં સમર્પી સૌ દીધેલી છે.

હવે નિમિત્ત સંજોગે કશુંક ઊગતું કંઈક દિલ જે,
નિવેદીને, સમર્પીને **હરિ**ને, શાંત શા બનીએ !

ઊગે જે જે બધું તેને નિવેદી સર્વ તે દઈએ,
કશું ના પાસ રાખીએ, સદા ખુલ્લા જ શા રહીએ !


અમારે ને **હરિ** સાથે હવે શી એકદિલી છે !
કશું ત્યાં રાખવા છાનું અધિકાર જ ન કંઈ અમને.

અમે હોવા છતાં **એના,** બધી સત્તા શી **એની** છે !
છતાં **એ** જે કરે તે તે સકળ મંજૂર અમને છે.

હરિઃૐ

## ખંડ - ૨

# સાધનાની જીવનકેડી



જીવનમાં સાધના અર્થે બધાં સાધન થયેલાં જે,
ઈશારો માત્ર તે સૌનો અહીં ઉલ્લેખ કીધો છે.

હરિઃૐ

# ઈશારો માત્ર તે સૌનો અહીં ઉલ્લેખ કીધો છે

જીવનમાં સાધના અર્થે બધાં સાધન થયેલાં જે,
ઈશારો માત્ર તે સૌનો અહીં ઉલ્લેખ કીધો છે.

થયેલાં ઉગ્રમાં ઉગ્ર બધાં સાધનની કથની તે,
જઉં તેને હું વર્ણવવા, ન માન્યામાં કદી આવે.

'અભય' બસ એકલું સાધન હું કેળવવા મથેલો જે,
ભયંકર જંગલો વિશે રહ્યો ત્યારે હું કેવો જે !

**હરિ**ની ભક્તિમાં પૂરો થતાં મશગૂલ જીવનમાં,
સધાતાં ઉગ્ર સાધનને કશી ના વાર લાગી ત્યાં.

હરિઃૐ

## મળે અવરોધ ઊર્ધ્વે જે, પ્રકૃતિથી અતીત શા તે !

'જીવનની સાધનાકેડીતણો ના અંત ક્યાંયે છે,
અને તે આવશે ક્યારે', વિચાર ના કરેલો તે.

સતત ચાલ્યા જ કરવાનું, કહીં ના થોભવાનું છે,
મરણિયો તે દિશાકેરો નિરંતર ટેક જીવતો છે.

હૃદયનો ટેક દૃઢ, મક્કમ જીવન પાકો થયેલો જે,
શી સૂક્ષ્મ ભુલભુલવણીથી મને તેણે ઉગાર્યો છે !

જીવનની સૂક્ષ્મથી સૂક્ષ્મ નૂતન કંઈ ભૂમિકા જે છે,
ત્યહીંના સર્વ અવરોધો હકીકતના નૂતન શા છે !

હરિઃૐ

## ધગશ અગ્નિની જેવી છે, સૂઝ્યાં તેને કરે મેળે

જીવનની કેડી જે આજે ન તેની તે જ કાલે છે,
અનેકે વાર કેડીઓ શી બદલાતી જીવન વિશે,

હૃદયની નેકદાનતથી પથે ચાલે જીવન વિશે,
નૂતન આગળની કેડીની બધી સૂઝ તેને ઊગે છે.

ધગશ અગ્નિની જેવી છે, જીવનપથ સાધવા જેને,
મળે શીખવાનું જીવનમાં સહજમેળે બધું તેને.

જીવનમાં આગળે ધપવા સૂઝ્યાં કેવું કરેલું તે !
મથાયા તે પ્રમાણેનો રસિક ઈતિહાસ ન્યારો છે.

હરિઃૐ

## જીવનની ઊર્ધ્વ કેડીમાં નૂતન સંગ્રામ આવ્યા છે

જીવનમાં કેડીઓ કેવી જુદી જુદી મળેલી છે !
બધી તે કેડીને વિશે નૂતન સંગ્રામ આવ્યા છે.

ભરંતાં આગળે ડગલું તહીં સંગ્રામ ઊભા છે,
ગયો ના હલમલી તેથી હું મક્કમ ત્યાં ઊભેલો જે.

કદીક ખાધાં લથડિયાં છે, શું અડબડિયાં જ આવ્યાં છે !
મને ચક્કર ખરે ત્યારે બહુવિધનાં જ આવ્યાં છે.

કૃપાથી તે છતાં ત્યારે લડતનો સામનો ભારે
-પૂરી મર્દાનગીથી ત્યાં શું મારાથી અપાયો છે !

હરિઃૐ

## નિરંતર જાગ્રતિ દિલમાં મથાયું સેવી સેવીને

કદીક ભારે ભયંકર શી જીવનમાં કેડી આવી છે !
કદીક દેખાય તે પાછી વિલીન શી થઈ જતી પોતે !

વિલીન પોતે થતી ના તે, પરંતુ પ્રકૃતિ નિજની
-તણા વમળે ફસાઈને ભૂલે પોતે જ કેડીને.

પરંતુ જે પડેલો છે, સ્મરણ અભ્યાસ અંતરનો,
ફરી તેણે જગાડીને, કૃપાથી ચેતવી દીધો.

જીવનમાં કેટલીક વાર કૃપાએ ચેતવેલો છે,
નિરંતર જાગ્રતિ દિલમાં મથાયું સેવી સેવીને.

હરિઃૐ

## જીવનનું કર્મ સાચું તે ગણી, તે તે કરેલું છે

જીવનનું સાધનાકર્મ જીવનમાં માત્ર એક જ તે,
જીવનનું કર્મ સાચું તે ગણી, તે તે કરેલું છે.

થતાં તે કર્મને વિશે હૃદયનો ભાવ સ્ફુરવાને,
સતત તે રીતનો કેવો અમે અભ્યાસ પાડ્યો છે !

જીવનમાં જે રીતે ઘડતર થયું તે યોગ્ય ધારીને,
અમે તે તે પ્રમાણેનો હૃદય અભ્યાસ પાડ્યો છે.

સતત અભ્યાસ એવાથી જીવનમાં ભાવ ઊપજતાં,
જીવન તેવું ઘડાતું છે, પ્રમાણ્યું તે અનુભવમાં.

હરિઃૐ

## મુસીબત, ગૂંચ, મુશ્કેલી વિશે હરિને સ્તવેલો છે

જીવનપથ ચાલતાં મુજને મુસીબત કેવી કેવી તે
-પડેલી છે ! હૃદય તેનો બધો ઈતિહાસ મોજૂદ છે.

ગણાવા ક્યાં જવું મારે અને કોને કહેવું તે ?
ન કોઈને કશી સમજણ જરા પણ તે વિશે મન છે.

**હરિ**ને એકલાને મેં બધું જે તે નિવેદ્યું છે,
મુસીબત, ગૂંચ, મુશ્કેલી વિશે **હરિ**ને સ્તવેલો છે.

બહુ વેળા જીવન મુજને **હરિ**એ સહાય કીધી છે,
જીવનમાં દાખલા એવા શું પ્રત્યક્ષ મળેલા છે !

ગમે તેવું થતાં મુજને હૃદયમાં ભાવથી **હરિ**ને
-ઊંડા શા આર્તનાદેથી સ્તવી ! પોકાર પાડ્યો છે !

હરિઃૐ

## જીવનના ધ્યેયનો હેતુ જીવંતો દિલ ધાર્યો છે

બધે જેમાં અને તેમાં, જીવનના કર્મવ્યવહારે,
જીવનના ધ્યેયનો હેતુ જીવંતો દિલ ધાર્યો છે.

બધાંયે કર્મમાં હેતુ પૂરો અવતારવો ચહીને,
અમે તે માટ દિલ કેવા સતત જાગ્રત રહેલા તે !

તરસ ને તલપ શાં ઊંડાં શું જાગેલાં જીવન વિશે !
મથાવ્યા તે પ્રમાણેનું મને એણે કરાવ્યું છે.

થતાં મથવાનું જ્યાં એવું નિરંતરનું બનેલું છે,
જીવન અભ્યાસની ત્યારે જીવંતી એકધારા છે.

થતા એકીટશે એવા સતત અભ્યાસમાંથી તે,
જીવંતી જાગ્રતિ **हरि**ની પ્રગટતી દિલ શી રહે છે !

હરિઃૐ

## સતત પાછળ પડી પડીને હું તેમાં જ જીવેલો જે

જીવનમાં હું ગમે તેમ શું ફાવે તેમ કૂદ્યો છું,
થયેલો લંગડો, લૂલો ન તેનું ભાન જાગેલું.

છતાંયે શી કૂદંકૂદી જૂની રીતની જ ચાલી છે !
શું અથડાતાં, પડાતાંમાં કંઈક વિચાર જાગ્યો છે !

શું એના એ જ વિચારોતણા તે ચંક્રમણ વિશે,
ઊતરતાં ઊંડું, ત્યાં તત્ત્વ કંઈક દિલ હાથ લાગ્યું છે !

પછીથી તો અનુભવવા જીવનમાં સ્વાર્થ લાગ્યો છે,
સતત પાછળ પડી પડીને હું તેમાં જ જીવેલો જે.

હરિઃૐ

## અને એ રીતથી કેવું જીવનઘડતર થયેલું છે !

જીવનઆદર્શ લાધ્યો છે, છતાં તેની જ સામેના
-ઊંધા પંથેય આવીને મને પાછો પડાવ્યો છે.

જબરજસ્ત પરંતુ શો પછી સંગ્રામ જામ્યો છે !
સતત લડતાં, સતત લડતાં મરણતોલ થયેલો જે.

જીવનઆદર્શને માટે ફના થાવું સ્વીકાર્યું છે,
બહુવિધ જોખમો, સાહસ જીવનમાં આચરેલાં છે.

જીવનમાં મૃત્યુનેયે તે કંઈક વાર સ્વીકાર્યું છે,
હૃદય તે વેળ હેતુનો જીવંતો ખ્યાલ રાખ્યો છે.

સતત સંગ્રામ એવાથી જીવન આખું ભરેલું છે,
અને એ રીતથી કેવું જીવનઘડતર થયેલું છે !

હરિઃૐ

# બધી આળસને ખંખેરી થવું ઊભા ચહેલું છે

જીવનમાં નિત્યનો ક્રમ શો ધરેલો ઊઠવાનો છે !
બધી આળસને ખંખેરી થવું ઊભા ચહેલું છે.

ચહેલું માત્ર ના મેં તો, અમલ વર્તન કરીને તે
-જીવન પ્રત્યક્ષ નિશ્ચયને કર્યો સાકાર શો હૃદયે !

પૂરા દૃઢ ને ખરા મક્કમ થયા નિશ્ચય વિના પાકા,
ઊતરવાનું કશું પણ ના પૂરેપૂરું જ જીવનમાં.

**હરિ**મંદિર વિશે પગલાં જવાને પાડવા હૃદયે
-મરણિયો દિલ નિશ્ચય, ત્યાં ઊંડો પાકો થવો ઘટશે.

હરિઃૐ

# થતું સઘળું કરી જોતાં, હરિ દિલમાં સ્તવેલો છે

શું આંતરબાહ્ય જીવનમાં અનુભવવા **હરિ**રસને
-જીવનને હોમી દેવાતાં હૃદય શો હર્ષ વહેતો છે !

વધેરાતાં, વધેરાતાં, થઈ કટકા જતાં પંથે,
શહૂર ને શૌર્યની કિંમત હૃદય ત્યારે પિછાણે છે.

જવાંમર્દીતણું કેવું ખમીર ચેતન ભરેલું જે !
શું જોખમના પથે એનો અનુભવ દિલ થયેલો છે !

કદીક કટકા થઈને શા પડેલા માર્ગમાં છીએ !
થતું સઘળું કરી જોતાં, **હરિ** દિલમાં સ્તવેલો છે.

ખૂટી જાતાં સકળ દિલનો નર્યો પુરુષાર્થ જ્યારે તે,
પૂરો ટેકો જ દેવાને **હરિ**ને વીનવેલો છે.

અનેકે વાર એ રીતે જીવનપથમાં પડેલો છું,
છતાં ત્યારેય **હરિ**એ શી મદદ મુજને કરેલી છે !

હરિઃૐ

## થવા અભ્યાસમાં લગ્ન, દિવસરાત્રિ ન જોયાં છે

અનુભવવા જીવનરસને હૃદય અભ્યાસ માણીને,
થવા અભ્યાસમાં લગ્ન, દિવસરાત્રિ ન જોયાં છે.

ન તેનો રંગ જામ્યો છે, કદી એકદમ પૂરેપૂરો,
હૃદય તે જામતાં પહેલાં થઈ કટકા પડાયું છે.

ખુવાર સૌ રીતે પૂરો થવાતાંમાં હૃદય વિશે,
**હરિ**ની યાદ કરી તાજી મદદ દેવા સ્તવેલો છે.

કંઈક વેળા મળેલી છે, કદીક નિષ્ફળ થયેલો જે,
છતાં દિલમાં ધરી હિંમત ચરણ પકડી રહેલો જે.

હરિઃૐ

## લડતના વ્યૂહને સમજી અમે ખેલ્યા કરેલું છે

જીવનનું તત્ત્વ મેળવતાં, જીવનનું તત્ત્વ મેળવતાં,
બધાંયે લોહીનું પાણી પૂરેપૂરું થયેલું ત્યાં.

બધુંયે જોમ વાપરતાં ન પોબાર પડેલા છે,
કદીક હેઠા પડ્યા નીચે અને ગબડી ગયેલા જે.

રણાંગણમાં થઈ સજ્જ ફરી ફરીને કમર કસીને,
લડતના વ્યૂહને સમજી અમે ખેલ્યા કરેલું છે.

ભલે પાછા પડેલા તે, છતાં લઢવાની હિંમતને
-નવું શૌર્ય ચઢાવીને ફરી યુદ્ધે મૂકેલી છે.

હરિ:ૐ

## જીવંતો દિલ સદ્‌ભાવ ધરી વ્યવહાર રાખ્યો છે

જીવનમાં ઘૂંટડા કડવા પીવા કેવા પડેલા છે !
ચડીચૂપ શું થઈ ત્યારે અમે ત્યાં મૌન ધાર્યું છે !

કદી તે કોઈની સામે ઊંચી આંખે ન જોયું છે,
અમે ના કોઈને કદી પણ હૃદયથી અવગણેલા છે.

જીવંતો દિલનો ઊંડો હૃદય સદ્‌ભાવ ધારીને,
બધાંની સાથ વ્યવહાર, અમે જે તે કરેલો છે.

અમારી સાથ સદ્‌ભાવ બીજાઓએ ન રાખ્યો છે,
અ-ભાવ તે છતાં કોઈ પ્રતિ રાખ્યો અમે ના છે.

'જીવનના ધ્યેયને ફળવાતણી રીતે જીવન જીવવું',
અમે વર્તન કરેલું છે, હૃદય સમજી ઊંડું તેવું.

હરિઃૐ

## ભલે વિપરીત સંજોગો, તહીં પણ કામ આપે તે

**હરિ**ગમ દિલ થવા કાજે જહીં આરંભ કીધો છે,
પથે જ્યાં ચાલવા માંડ્યું, તહીં મુશ્કેલી ઊભી છે.

બહુ બહુ રીતનું પંથે, બહુ વિપરીત મળંતું છે,
છતાં ત્યારે સ્મરણ વિશે રહેવાયું કૃપાથી છે.

સ્મરણના નિત્ય અભ્યાસે, જીવનમાં તુજ વિશે ત્યારે
-ઊંડો વિશ્વાસ જીવંતો હૃદય પ્રગટેલ છે શો તે !

હૃદય વિશ્વાસ તુજ પરનો મને બેઠેલ એવો જે
-ભલે વિપરીત સંજોગો, તહીં પણ કામ આપે તે.

હરિઃૐ

## વ્યવસ્થા શી પછી નૂતન રીતે કરવા મથાયું છે !

જીવનમાં કેટલીક વાર બહુ તોફાન જાગ્યું છે,
બધું ખેદાનમેદાન જીવનમાં તો થયેલું છે.

અવ્યવસ્થિત બધું જે તે, તૂટીફૂટી ગયેલું છે,
બધુંયે વેરવિખેર ઊંધુંચતું પડેલું છે.

નયન પ્રત્યક્ષ તે નીરખી વિમાસણમાં પડાયું છે,
વ્યવસ્થા શી પછી નૂતન રીતે કરવા મથાયું છે !

નવેસરથી જીવનકેરું નવું મંડાણ સૌ રીતે
–થવા, કટિબદ્ધ સંપૂર્ણ થઈ, મંડી પડાયું છે.

હરિઃૐ

# પડ્યો હું કેટલી વાર ન મૂક્યું ચાલવું તોયે

શી પા પા પગલીથી જીવન વિશે જ્યાં ચાલતા શીખ્યો !
પડ્યો હું કેટલી વાર ન મૂક્યું ચાલવું તોયે.

અનેકે વાર વાગ્યું છે, અનેકે વાર છોલાયો,
છતાં ના યત્ન છોડ્યો છે, જીવનમાં ચાલવાકેરો.

સહજ કુદરતતણો ક્રમ તે જીવનમાં ઊપજેલો છે,
કશી ગુંજાશ કોઈને ન તેને રોકી શકવાને.

જીવનને પ્રીછવા તેવી હૃદય લાગેલ જિજ્ઞાસા,
જીવન ગોદાટી ગોદાટી સતત કરશે જ મંડાવ્યા.

હરિઃૐ

## ઊગ્યો છે ભાવ દિલ તેનો પૂરો ઉપયોગ લીધો છે

કંઈક વેળા હું ગબડ્યો છું, વળી પાછું પડાયું છે,
છતાં નિરાશ ત્યારેયે હૃદયમાં ના થયેલો જે.

બધું જાણી ચૂકેલો કે જીવનનો તે સહજ ક્રમ છે,
ઊઠી તેથી થઈ બેઠો પછી કમર કસેલી છે.

સૂઝેલાં જે બધાં સાધન કર્યાં તે તે કરી ખંતે,
ઊગ્યો છે ભાવ દિલ તેનો પૂરો ઉપયોગ લીધો છે.

જીવનના ધ્યેયનું ભાન હૃદય જે ચેતનાત્મક છે,
મને એણે જ ગોદાટી નિરંતર કામ લીધું છે.

હરિઃૐ

## કરી નિશ્ચિત લીધેલું જે, પ્રમાણે વર્તવું થયું તે

'જીવનને પાડવા ઠામ', કરી વિચાર લીધો છે,
કરી નિશ્ચિત લીધેલું જે, પ્રમાણે વર્તવું થયું તે.

થતા સાધનથી જીવનમાં હૃદય ભાવોર્મિ પ્રગટી છે,
હૃદય તે ભાવનું જોશ અમે રેડ્યું મથન વિશે.

હૃદયનો ભાવ પુરુષાર્થે જહીં સંધાઈ ગયેલો છે,
નવા શા **પ્રાણ** જહેમતમાં ઊગી ત્યારે શકેલા છે !

હૃદયનો એકલો તેવો થતો પુરુષાર્થ જીવનને
-નૂતન શો ઘાટ પ્રેરીને, શું શણગાર સજાવે છે !

હરિઃૐ

## સતત મથતા રહેવાનો હૃદય નિશ્ચય થયેલો તે

'મથાતાંમાં જરૂર કામ બધું મુજ પાકવાનું છે',
સતત મથતા રહેવાનો હૃદય નિશ્ચય થયેલો તે.

ચઢ્યા ઊંચે પછી ખીણો ઊંડી ઊંડી શી આવી છે !
તહીંથી કાઢતાં માર્ગ શું દમ નીકળી ગયેલો છે !

ફરી પાછું શું ચઢવાનો, પૂરો આરંભ કીધો છે,
અને ત્યાં ખીણ ને ટોચો અનેકે વાર આવ્યાં છે,

ચઢી ચઢીને ઉપર ટોચે શિખર પર જ્યાં અવાયું છે,
ઊંચી તે ટોચ પરથીયે શિખર બીજે જવાનું છે.

ઉપર, નીચે, જીવન એવું અનેકે વાર બનિયું છે,
શા એવા તે જીવનપથનો કૃપાથી અંત આવ્યો છે.

હરિ:ૐ

## પથે લક્ષણની રાહેથી અમે ચાલ્યા કરેલું છે

સતત મથતાં, સતત મથતાં ઊંડું ઊંડું મથામણમાં,
વિચારીને વિચારીને કંઈક સમજાયું ઊતરાતાં.

ઊંડું જેમ ઊતરાયું છે, નૂતન દેશ જણાયો છે,
પરંતુ સાચો કે જૂઠો, ન સમજણ તે પડેલી છે.

મનાદિમાં ટકેલો જ્યાં હૃદયભાવ પ્રવર્ત્યો છે,
જીવનનો તે ખરો પંથ હૃદય સમજી લીધેલો તે.

જીવનપથનું ખરું લક્ષણ પરખી પરખી હૃદયમાં તે,
પથે લક્ષણની રાહેથી અમે ચાલ્યા કરેલું છે.

હરિઃૐ

## હૃદય અનુરાગને લીધે, ઊંડો રસ દિલ પ્રગટ્યો છે

બહુ ચાલ્યો, બહુ ચાલ્યો, બહુ ચાલ્યા કરેલું છે,
મથ્યા બહુ બહુ કરેલું છે, છતાં ના અંત આવ્યો છે.

છતાં તે અંતની મેં તો કરી ના ઝંખના દિલ છે,
કર્યાં દિલ ગણતરી કરીને, ન મથવાનું કરેલું છે.

મળેલાં સાધનોને શાં હૃદયના ભાવથી નિત્યે
-કર્યાં કરવા વિશે, કેવો જીવનમાં રાગ સેવ્યો છે !

સતત અભ્યાસને લીધે હૃદય અનુરાગ જાગ્યો છે,
હૃદય અનુરાગને લીધે, ઊંડો રસ દિલ પ્રગટ્યો છે.

હરિ:ૐ

## કદી પણ ખાલી ખાલી તે, ભૂલેચૂકે ન કીધું છે

જીવનમાં કેટલા કેવા શું ઝંઝાવાત આવીને
-પથે અવરોધવા વચ્ચે મને પડકાર દીધો છે !

ગજું ના ત્યાં કશું મારું છતાં ત્યાં બેસી રહેવાનું
-કદી પણ ખાલી ખાલી તે, ભૂલેચૂકે ન કીધું છે.

હૃદયથી હામ સઘળી તે કરીને એકઠી ત્યારે
-ઝઝૂમીને, ઝઝૂમીને, હૃદયથી ઝંપલાવ્યું છે.

ઝઝૂમીને, ઝુકાવાતાં, હૃદયનો ભાવ કેવો તે !
ઊંડો પ્રેરાઈને, પોતે શું ઝળહળતો થયેલો છે !

હરિઃૐ

## લગાતાર થતાં ભાવે બધું જે તે સૂઝેલું છે

અતિશય ઘોર ભૂમિકા કદીક જીવનની આવી છે,
ભયંકરતાતણી સીમાતણો ના પાર પણ ત્યાં છે.

ત્યહીં બિહામણું કેવું નજર જ્યાં ત્યાં પડે છે તે !
શું ગભરાઈ જવાનું ત્યાં બને તે વેળ કેવું તો !

છતાં ત્યારેય **હરિ**ને મેં સ્મર્યા દિલમાં કરી કરીને
-શું વારંવાર સ્તવી સ્તવીને, ચરણપોકાર પાડ્યો છે !

સ્તવનની ધૂનમાં ચઢતાં બધું તે વીસરાયું છે,
લગાતાર થતાં ભાવે બધું જે તે સૂઝેલું છે.

પછી અંધારપટ સઘળો ઊડી ક્યાંયે ગયેલો છે,
પ્રકાશ જ દિલ ઝગમગતો, નવાં ડગલાં સુઝાડે છે.

હરિઃૐ

## હૃદય સૂઝ્યું, ખરેખર તે જીવનનું ભાગ્ય અદ્‌ભુત છે

જીવનના ધૂંધળા માર્ગે, મુસીબત ચાલવા વિશે
-પડેલી કેવી કેવી તે ! હૃદય **આ** એકલું જાણે.

મુસીબત, વિઘ્ન, મુશ્કેલી, ગૂંચોનો સામનો કરતાં
-જીવનશક્તિ બઢેલી છે, પ્રમાણેલું અનુભવમાં.

જીવનમાં ચાલતાં અડચણ જુદી જુદી પડેલી છે,
અને ત્યાં કાઢતાં માર્ગ મતિ મૂંઝાઈ ગયેલી છે.

જીવનની તેવી વેળાએ **હરિ**ને યાદ કરવાનું
-હૃદય સૂઝ્યું, ખરેખર તે જીવનનું ભાગ્ય અદ્‌ભુત છે.

હૃદયના આર્ત ને આર્દ્ર ઊંડા ભાવે સ્તવી સ્તવીને,
હૃદયપોકાર પાડીને **હરિ**ને વીનવેલા છે.

હૃદયની પ્રાર્થનાનો શો પ્રતિઉત્તર મળેલો છે !
ખબરદારી, ટટારી શી ! પથે તેથી બઢેલાં છે.

હરિઃૐ

## થતું જે જે, બધું તે તે, ચરણકમળે નિવેદ્યું છે

જીવનના સાધનામાર્ગે નૂતન નૂતન શી કેડી જે
-મળંતાં તે વિશે કેવી ઉપાધિ ઉગ્ર લાગી છે !

કદી કિરતાર દરબારે ન મેં ફરિયાદ માંડી છે,
છતાં મેં તો **હરિ**ચરણે બન્યું તે સંભળાવ્યું છે.

જીવનમાં આત્મનિવેદનતણી ટેવ પડેલી જે,
થતું જે જે, બધું તે તે, ચરણકમળે નિવેદ્યું છે.

પથે અવરોધ કરનારું ભયંકર કંઈક જ્યાં નડતાં,
**હરિ**ને તે જણાવ્યું છે, કશું ફરિયાદરૂપે ના.

હરિઃૐ

## શું ભવ્ય, દિવ્ય પુરુષાતન લડતમાંથી ખીલેલું છે !

બહુ લડતાં, બહુ લડતાં, લડતનો અંત ના’વ્યો છે,
પરંતુ ભવ્ય પુરુષાતન લડતમાંથી ખીલેલું છે.

થતા તે યુદ્ધના સમયે હૃદયમાં ભાવ ને હેતુ
-જીવંતાં જે પ્રમાણેના, થતું સાકાર તેમ જ તે.

હૃદય જાગ્રત સદા રહીને નજરમાં ધ્યેય રાખીને,
ફળવવાને સતત તેને મહત્ત્વે લક્ષ દીધું છે.

મહત્ત્વે મોખરે કેવો હૃદયનો ભાવ, હેતુ છે !
થતું જે જે રહે તેમાં ઉભયને દિલ ધાર્યા છે.

હરિઃૐ

## ઊંડી એકાગ્રતા થઈ છે, તહીં સમજણ પ્રગટતી છે

પથે આગળ જવાતાંમાં શી અણધારી મુસીબત જે
નૂતન તે ભૂમિકાકેરી ! તહીં આવી પડેલી છે.

જીવનના સાધનાપંથે નૂતન નૂતન ભૂમિકા જે
-મળંતી છે, કશી સમજણ ન દિલમાં તે વિશે કંઈ છે.

પરંતુ હાથ શિર દઈને ન બેસી હું રહ્યો ખાલી,
સતત દિલ પ્રાર્થના કરીને, **હરિ**ને દિલ સ્તવેલો છે.

હૃદય તે ભાવમાં જ્યારે ઊંડી એકાગ્રતા થઈ છે,
બધી સમજણ ભૂમિકાની કૃપાથી ત્યાં પ્રગટતી છે.

હરિ:ૐ

## જીવનના ધ્યેયને માટે મરંતાં, શ્રેય ફળતું છે

સતત બસ ચાલવા વિશે, નિરંતર લક્ષ પ્રેરીને,
જવું છે આરપાર જ ત્યાં, મરણિયો દિલ નિશ્ચય છે.

હૃદયનો એકધારો ને સતત એકીટશે પંથે
-સતત પુરુષાર્થ જીવનમાં શું ચાલ્યા ત્યાં કરેલો છે !

'હૃદયની નેકદાનત ને પ્રમાણિકતાથી જીવનમાં
-જીવનના ધ્યેયને માટે મરંતાં, શ્રેય ફળતું છે.'

હૃદયમાં એવી નિષ્ઠાથી, જીવન મંડ્યો રહ્યા કરીને,
સતત બસ ચાલવા વિશે જીવંતું લક્ષ પ્રેર્યું છે.

હરિ:ૐ

## હૃદયનો ભાવ તેવાનો પથે અજવાળું પ્રેરે છે

પથે ઊંડું જ ઊતરાતાં, નવું નવું સૌ મળતું જે
-થતાં પ્રત્યક્ષ, ગભરામણ હૃદય કેવી થયેલી તે !

કદીક ગૂંચવાઈ પડાયું છે, કદીક અથડાઈ જવાયું છે,
ભીષણ ગજગ્રાહ કેવો ત્યાં કદીક ચાલ્યા કરેલો છે !

'જીવનમાં એકધારો જે મથે છે ભાવનાથી તે,
ગમે તેમ થતાં તોયે જરૂર ઠામે જ પડશે તે.'

શું એને આત્મવિશ્વાસ હૃદય સંપૂર્ણ **હરિ** પર છે !
હૃદયનો ભાવ તેવાનો પથે અજવાળું પ્રેરે છે.

હરિઃૐ

## નિરંતરના થતા સાધન થકી, જે અંત વિરમ્યો છે

ઊંચે ચઢવું, નીચે પડવું જીવનનો નિત્યનો ક્રમ તે,
જીવનની સાધના વિશે ખરેખર એ પ્રમાણે છે.

નીચે જ્યારે પડાયું છે, જીવનનું ધ્યેય બઢવાને
-હૃદય ઉત્સાહ લાગ્યો જે, કદી મોળો પડ્યો ના તે.

ઊંચાનીચાતણો એવો હૃદય ઈતિહાસ જાણીને,
રહી નિશ્ચિંત, દિલ તેથી સતત મથવાનું રાખ્યું છે.

જીવનની સાધનારઢને સતત જીવંતી રાખીને
-નિરંતરના થતા સાધન થકી, જે અંત વિરમ્યો છે.

હરિઃૐ

## નિરંતરનો થતાં, ધ્યેય હૃદય સાકાર બનતું છે

અમારો એકનો એક જ જીવનનો માર્ગ પકડીને
-સતત ચાલ્યા જવાનું છે, કહીં ના થોભવાનું છે.

**हरि**ના માર્ગમાં કૂચ બહુજનથી ભરાઈ છે,
પરંતુ ઠેઠના ઠેઠ પથે કોઈક પહોંચ્યા છે.


નિરંતરનો જીવનનો જ્યાં વહેતો ભાવનાપથ છે,
શું તે વિશે ઉમેરાવા ઊંડા ભાવે મથાયું છે !

હૃદયનો ભાવ જ્યાં ઊર્ધ્વ શિખર ટોચે ચઢેલો છે,
-નિરંતરનો થતાં, ધ્યેય હૃદય સાકાર બનતું છે.

હરિ:ૐ

# ખંડ - ૩

# સાધનામાં સ્મરણ, ભજન, કીર્તન, પ્રાર્થના



સ્મરણની શી કળા અદ્‌ભુત સ્વરૂપ એકએકથી બીજે
-નખાવે ફેરવી કેવું ! ચમત્કારિક જાદુ છે.

હરિઃૐ

## હૃદય એકાગ્રતાથી તે થતાં, જે તે ફળેલું છે

જીવનને ખેલવા કૂદવા વિશે કેવું વિતાવીને !
વિના હેતુ જીવ્યા કરીને, કશું દળદર ફીટ્યું ના છે.

રળ્યો જે **જીવ**દશા વિશે ઘડીકની મોજ જેમાં છે,
અખંડાનંદને પછીથી અનુભવવા થયું દિલ છે.

સ્મરણસાધન શરૂ શરૂમાં કૃપાથી જે મળેલું છે,
ડૂબ્યો તેમાં રહ્યા કરીને પછી તેમાં ડૂલેલો જે.

ઊંડું તેમાં જવાયું જ્યાં, બીજાં સાધન જડેલાં છે,
હૃદય એકાગ્રતાથી તે થતાં, જે તે ફળેલું છે.

હરિઃૐ

# કૃપાથી તે રીતે મથતાં, થયું તારવવું જીવનને

સ્મરણના નિત્ય અભ્યાસે જીવનકેડી મળેલી છે,
કર્યું ચાલ્યા જ કેડીએ, છતાં કેડી ભુલાઈ છે.

જીવનની પ્રકૃતિકેરું વલણ ભારે ભયંકર જે,
પ્રવાહે તેતણા કેવો તણાઈ હું ગયેલો જે !

કૃપાથી ભાન જાગંતાં શું તરફડિયાં જ માર્યાં છે !
બહુ જ બાથોડિયાં મારી ઉપર રહેવા મથાયું છે.

કદીક ડૂબતો, કદીક તરતો, કૃપાથી તે રીતે મથતાં,
શી એવી રીત મથામણથી થયું તારવવું જીવનને !

હરિઃૐ

## સ્મર્યાં કરીને, હરિમાં દિલ, સ્મરણભાથું લીધું સાથે

જીવનના તત્ત્વને દિલમાં થવા પ્રત્યક્ષ સાકારે,
પછીથી દોડવા માંડી, અનુભવવા મથાયું છે.

શું અટપટાં જ અંધારાં નયન ત્યારે વળેલાં છે !
બરાબર કંઈ ન સૂઝ્યું છે, નજરમાં પથ રહ્યો ના છે.

છતાં બાથોડિયાં મારી, સતત મથવાનું રાખીને,
સ્મર્યાં કરીને, **હરિ**માં દિલ, સ્મરણભાથું લીધું સાથે.

હૃદયમાં ભાવની બઢતી થતાં જે તે સૂઝેલું છે,
મુકામે શો **હરિ**ભાવ લઈ અંતે પુગાડે છે !

હરિઃૐ

# સ્મરણનો મહાવરો પડતાં સ્મરણથી ભક્તિ લાગી છે

સ્મરણ અભ્યાસથી લાગ્યું **હરિ**નું નામ મોટું છે,
સ્મરણનો મહાવરો પડતાં સ્મરણથી ભક્તિ લાગી છે.

હૃદયની ભક્તિ લાગંતાં શી આછીપાતળી **હરિ**ની
-હૃદયમાં ભાળ લાગી છે, પથે દોરી રહેલી જે.

કદીક કેવું જીવન વિશે શું અંધારું મળેલું છે!
છતાં વિશ્વાસ પાકો કે ઊડી તે પણ જવાનું છે.

હું ડામાડોળ અંધારાં વિશે તેથી થયો ના છું,
રહી નિશ્ચિંત, સંભાર્યા **હરિ**ને દિલ કરેલો છે.

હરિઃૐ

# હવે તો श्रीहरि જીવન અમારું તો બનેલો છે

**हरि** સંભારવાકેરી હૃદય માયા શી લાગી છે!
હવે તો **श्रीहरि** જીવન અમારું તો બનેલો છે.

સ્મરણની ભક્તિથી કેવાં જીવનબીજ વવાયાં છે !
કૃપાની હેલી વર્ષતાં બધાં તે ઊગી નીકળ્યાં છે.

પછી ઊગી, થતાં મોટું, કરેલું નીંદવાનું તે,
ઊગ્યાને તે થવા મોટું, કૃપાથી તક મળેલી છે.

ફરી ફરીને, વળી વળીને બધી ત્યાં ભાળ લીધી છે,
થતો પુરુષાર્થ તે માટે વિચારી સૌ કરેલો છે.

યથાયોગ્ય થવા સઘળું અમે જે તે કરેલું છે,
પરિશ્રમ સૌ કરી કરીને મણા બાકી ન રાખી છે.

હરિઃૐ

## છતાં ત્યારેય હરિને મેં સ્મર્યા દિલમાં કરેલો છે

વિચાર્યાં બહુ બહુ કીધું છતાં ના લહાણ કાઢ્યું છે,
શું અથડાવાનું ઊલટું તો થયેલું છે જીવનમાં તે !

શું ભટકાવાનું ઊંધું તો કદીક કેવું થયેલું છે !
છતાં ત્યારેય **હરિ**ને મેં સ્મર્યા દિલમાં કરેલો છે.

ગમે તેવી પરિસ્થિતિ વિશે પણ મેં સ્મરણને તો
-કદી રેઢું ન મૂક્યું છે, સતત લીધા કરેલું છે.

સ્મરણના નિત્ય અભ્યાસે હૃદય જે ભાવ જાગ્યો છે,
અને તે ભાવથી કેવી ઊગેલી પ્રેરણા દિલ તે !

હરિ:ૐ

## હૃદય દીક્ષિત કરી દઈને, નવા પંથે વળાવ્યો છે

જીવનમાં સાવ ચક્રમની રીતે જીવન જીવેલો જે,
બધાં જે તે તરફથી શો મળ્યો ધિક્કાર ત્યાં મુજને !

બધાંયે અવગણેલો છે, વળી અપમાન કીધાં છે,
અને અન્યાયની ઝડીઓ શું મુજ પર ખૂબ વરસી છે !

ઊંડું ઊંડું મને ત્યારે હૃદય શું લાગી આવ્યું છે !
જીવનનું મૃત્યુ આણીને થવા છૂટા વિચાર્યું છે.

કૃપા કરીને **હરિ**એ ત્યાં સ્મરણ દિલ લેવરાવીને
–હૃદય દીક્ષિત કરી દઈને, નવા પંથે વળાવ્યો છે.

હરિઃૐ

## હઠાવાને જહેમત તો સતત કેવી થયેલી છે !

નયનમાં મોતિયા લીધે ન દેખાતું નયનથી તે
-નીરખવાની છતાં દૃષ્ટિ ન કંઈ અંતરની ઘટતી છે.

બરાબર તે રીતે ચેતન પ્રકૃતિના નયન વિશે
-થયેલા મોતિયા લીધે, જણાતું તે કદી ના છે.

કૃપાથી સ્મરણ અભ્યાસે નયનનાં સ્પષ્ટ નડતરને
-હઠાવાને જહેમત તો સતત કેવી થયેલી છે !

પ્રકૃતિમાં છુપાયેલા સ્મરણના નિત્ય અભ્યાસે
-હૃદયમાં જાગ્રતિ ચેતનતણી ઊપસી જ આવી છે.*

* 'નિરંતર જાગ્રતિ'વાળી ગઝલ સાંભળીને શ્રી કાંટાવાળા સાહેબે મોતિયાની વાત કહી, તે ઉપરથી પૂજ્ય શ્રીમોટાને સ્ફુરેલી ગઝલ.

હરિઃૐ

## ઊંડી દિલ હાક દઈ દઈને હરિને સાદ પાડ્યો છે

કદીક બેદિલી જીવનમાં શી પ્રસરેલી ભયંકર છે !
થવાયું સૂમસામ જ, ને થઈ વિહ્‌વળ જવાયું છે.

મતિ હોવા છતાં, બુદ્ધિ કશી ના કામ લાગે છે,
કશો ઉકેલ કરવાનું યથાયોગ્ય ન સૂઝે છે.

હૃદય તે વેળ **હરિ**ને મેં સ્મર્યા કેવો કરેલો છે !
ઊંડી દિલ હાક દઈ દઈને **હરિ**ને સાદ પાડ્યો છે.

સમય તે, શો **હરિ** તુજથી પ્રતિ ઉત્તર મળેલો છે !
હતો ગળિયો, છતાં તેને શૂરાતન મસ્ત વ્યાપ્યું છે.

હરિઃૐ

# નયનથી આંસુ સારીને, હરિને દિલ સ્તવેલો છે

ભરાતાં ડગ ધીમે ધીમે થયેલું ચાલવાનું છે,
સતત ચાલ્યા જતાં, વચ્ચે વિમાસણમાં પડાયું છે.

જીવનમાં આંધી આવીને, ગહન વંટોળિયાએ તે,
વ્યવસ્થિત સૌ બિછાવેલું, ઉરાડી તે મૂકેલું છે.

ભયંકરમાં ભયંકર તે, ભૂમિકાને નિહાળીને,
નયનથી આંસુ સારીને, **હરિ**ને દિલ સ્તવેલો છે.

બધાંમાં દોષ મારો મેં નિહાળ્યા શો કરેલો છે !
છતાં તેના વિચારોમાં ડૂબી ના હું ગયેલો જે.

'**હરિ**ની ભક્તિનો જ્યારે હૃદય અભ્યાસ જ્યાં પડશે
-બધુંયે **જીવ**દશાકેરું વલણ ઊડી જવાનું છે.'

જીવંતો આત્મવિશ્વાસ હૃદય એવો જ પ્રગટીને
-ગમે તેવી દશા વિશે, હૃદય મક્કમ રખાવે છે.

હરિઃૐ

## ગમે તેવું થતું છો હો છતાં હરિ ત્યાં સ્તવેલો છે

'જગે નિશ્ચય વિના કર્મ ન બનવાનું કશું પણ છે',
ગળે ઊતરી જવાથી તે હૃદય નિશ્ચય થયેલો છે.

શું કર્મારંભને સમયે હૃદય સંકોરી નિશ્ચયને,
જીવંતી જાગૃતિ તેવી ધરેલી હેતુપૂર્વક છે !

છતાં તેમાંય **શ્રીહરિ**ની કૃપા સ્તવી દિલ માગી છે,
ગમે તેવું થતું છો હો છતાં **હરિ** ત્યાં સ્તવેલો છે.

હૃદય નિશ્ચયને ખૂબ ઊંડું મહત્ત્વ શું દીધેલું છે !
છતાં તે સાથ **શ્રીહરિ**ને અમે દિલમાં ભજેલો છે.

હરિઃૐ

## થવાને ઓતપ્રોત જ દિલ હરિમાં, પ્રેમ કીધો છે

થવાને એકરસ **હરિ**માં હું તલપાપડ થયેલો શો !
સતત બસ એકની એક જ લગાતારે ધૂને કેવો !

મનન ચિંતવન **હરિ** વિના કશુંક પણ જો થયેલું છે,
મને ઊધડો પૂરો શો મેં લઈ લીધેલ ત્યારે છે.

ભૂલેચૂકે **હરિ**માંથી જરીક જો ચિત્ત હઠતું છે,
બધું ખાવાનું, પીવાનું પછી છોડી દીધેલું છે.*

જીવનમાં એ રીતે મેં તો મને શો કેળવેલો છે !
થવાને ઓતપ્રોત જ દિલ **હરિ**માં, પ્રેમ કીધો છે.

---

* આ સાચેસાચી હકીકત લખેલી છે. ઘણી વાર ખાવાનું, પીવાનું છોડી દીધું છે.

હરિ:ૐ

# પૂરેપૂરું જહીં દિલ છે, રહેવાયે સતત ધૂને

જીવનની પર જબરજસ્તી, કદી પણ ના કરેલી છે,
થતું જેમ ગયું તેમ થવા તેમ જ દીધેલું છે.

સ્મરણ અભ્યાસ પડવાને ભલે જહેમત લીધેલી છે,
કંઈ બળજબરી ત્યારેયે જીવનમાં ના કરેલી છે.

ગરજ ને સ્વાર્થ હોવાથી સ્મરણ લેવાનું બનિયું છે,
બઢંતાં સ્મરણ અભ્યાસ વળાયું તેથી તે વિશે.

પૂરેપૂરું જહીં દિલ છે, પછી તો કર્મને વિશે
-લગાતાર સતત ધૂને રહેવાયે સહજમેળે.

હરિઃ ૐ

## **हरि**ને દિલ પ્રતિષ્ઠિત થવા, **हरि** દિલ સ્તવેલો છે

જગતને ખેલદિલીએ હૃદય નાણી, નિહાળીને,
પરાઙ્મુખ દિલ પામીને **हरि**પદમાં વળાયું છે.

સ્મરણના ભાવથી પદને પલાળીને પલાળીને,
**हरि**ને દિલ પ્રતિષ્ઠિત થવા, **हरि** દિલ સ્તવેલો છે.

હૃદય બસ એકતાનેથી, સતત ધૂનથી મથ્યા કરીને,
હૃદય પુરુષાર્થ તે સાથે **हरि**ની પ્રાર્થના થઈ છે.

કૃપાને દિલ મેળવવા, કૃપાઆધાર અનુભવવા,
કૃપામાં શોધવા શરણું **हरि**ની યાચના થઈ છે.

હરિઃૐ

## हरिने दिल स्मरंतां शो पछी तो स्वाद लाग्यो छे !

જીવનવિકાસ આરંભ થયો, તેવે સમય હૃદયે
-શી વારંવાર **श्रीहरि**ની કૃપાની પ્રાર્થના થઈ છે !

જીવનનું ધ્યેય ફળવાને સ્તવનના માત્ર સાધનને
-ખરા દિલથી સ્વીકારીને, અમે પડતું મૂકેલું છે.

સ્મરણમાંથી સ્તવન દિલનું કૃપાથી તે ઊગેલું છે,
હૃદયનું પ્રાર્થનાસાધન જડેલું તે જ રીતે તે.

ભજનકીર્તન પછીથી તો સ્ફુરીને તે ચગેલાં છે,
**हरि**ને દિલ સ્મરંતાં શો પછી તો સ્વાદ લાગ્યો છે !

હરિઃૐ

## સ્મરણમાંથી ભજન કીર્તનતણું સાધન મળેલું છે

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લેતાં થવાયું છે,
સ્મરણમાંથી ભજન કીર્તનતણું સાધન મળેલું છે.

હૃદયનું પ્રાર્થનાસાધન, ભજન કીર્તનથી ઊગ્યું છે,
નિવેદન ને સમર્પણ તે ઊગેલાં પ્રાર્થનાથી તે.

બધાં તે સાધનોમાંથી, નિદિધ્યાસન મળેલું છે,
સતત અભ્યાસ એવાથી જીવન વૈરાગ્ય ફૂટ્યો છે.

સતત અભ્યાસ વૈરાગ્યે મનાદિ શાં **હરિ**ચરણે
-પૂરાં તે પ્રેમભક્તિથી, હૃદયરસથી વેળલાં છે !

હરિઃૐ

## ભજન કીર્તનતણો કેવો નિરંતરનો હવે રસ છે !

સ્મરણની શી કળા અદ્‌ભુત સ્વરૂપ એકએકથી બીજે
-નખાવે ફેરવી કેવું ! ચમત્કારિક જાદુ છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, શું લેવાયા કરાયું છે !
નિરંતરનું થતાં જુદું, સ્મરણની હૂંફ ત્યારે છે.

નિરંતરના સ્મરણમાંથી હૃદયમાં ભાવ નીતર્યો છે,
અને તે ભાવથી કેવું **હરિ**માં દિલ વળેલું છે !

સતત ભજવું, સતત ભજવું, **હરિ**ને દિલ ગમતું છે,
ભજન કીર્તનતણો કેવો નિરંતરનો હવે રસ છે !

હરિઃૐ

# નિરંતરનું ટીપું ટીપું કઠણ પથ્થરને કોરે છે

સ્મરણનો નિત્ય અભ્યાસ જીવનમાં કેટલાં કેવાં
-શકે નિપજાવી પરિણામ ! શકાયે માની ના એવાં.

જીવનની સ્થૂળ ભૂમિકાની નરી જે ઝંખનાઓને,
નિરંતરનો જ અભ્યાસ નૂતન દેશે શું પલટાવે !

બધાયે પ્રાકૃતિક ધર્મ મનાદિ ને શરીરના જે,
નિરંતર ભાવ અભ્યાસે નર્યા પલટાઈ જાયે છે.

સતત અભ્યાસની એવી અસર અદ્‌ભુત ઊપજતી છે,
નિરંતરનું ટીપું ટીપું કઠણ પથ્થરને કોરે છે.

હરિ:ૐ

## સતત દોટો મુકાવી છે, વિના જોયાં દિવસરાત્રિ

ભજન કીર્તન સતત કરતાં હજુ જોનાર મોજૂદ છે,
કશુંયે કલ્પનાથી મેં કદી પણ ના લખેલું છે.

બનેલી જે હકીકત છે, જીવનના ધ્યેયને અર્થે,
જીવનવર્તન કરેલું જે, કૃપાથી તે લખાયું છે.

અમારા દિલમાં ઊંડો શો પ્રજ્વલતો હતો અગ્નિ !
સતત દોટો મુકાવી છે, વિના જોયાં દિવસરાત્રિ.

સતત આગેકદમ ભરવા તલસતી દિલ તત્પરતા,
કદી નવરો ન પડવા દઈ ભરાવ્યાં છે પથે ડગલાં.

હરિઃૐ

## ભજન કીર્તન હરિકેરું હૃદય ઉલ્લાસ પ્રેરે છે

જીવનમાં જીવવા જેવું **હરિ**ભક્તિ લીધે તે છે,
ભજન કીર્તન **હરિ**કેરું હૃદય ઉલ્લાસ પ્રેરે છે.

કઠણમાં પણ કઠણ જે છે, ભૂમિકા એવી તે વિશે,
**હરિ**નો ભાવ તેમાંથી પસાર શો કરાવે છે !

ભયંકર ભુલભુલવણી શી પથે વચ્ચે પ્રગટતી છે !
નિરંતરનો **હરિ**ભાવ કરાવે મોકળો પથ તે.

શી સૂક્ષ્માતીત ભૂમિકા જીવનપથમાં ડખોળાવે !
**હરિ**નો ભાવ તે વેળા મદદ કરનાર ઊભો છે.

હરિઃૐ

## જીવનમાં સર્વ જે તે કંઈ ભજનથી તો મળેલું છે

**હરિ**ના ભજનની સોબત, ખરી સોબત ગણેલી છે,
જીવનમાં સર્વ જે તે કંઈ ભજનથી તો મળેલું છે.

નિરંતરનું ભજન જ્યારે જીવનમાં થઈ જતું તે છે,
ભજનનો સ્વાદ કેવો તે હૃદય ચાખી શું મહાલે તે !

ભજન નાનકડું સાધન છે, છતાં કેવો **હરિ** પોતે
-જતો વેચાઈ મેળે શો ! ભજનના શા પ્રભાવે તે !

**હરિ**ને ખરીદવા માટે ભજન તો યોગ્ય સાધન છે,
હૃદય નિશ્ચય થવાથી તે ભજનમાં તો રમાયું છે.

હરિઃૐ

## ઘડી-પળ મૃત્યુ છો આવે, ચરણ ના છૂટવાનાં છે

**हरि** ભજવાનો સંસારે અમારો માત્ર ધંધો છે,
થવા નિપુણ સંપૂર્ણ હૃદય નિશ્ચય જીવંતો છે.

પડી જાતાં કદીક તૂટ મને ચક્કર શું આવ્યાં છે !
ભમી માથું ફરી જઈને હું બેવડ શો વળેલો જે !

'થવા ફરી વાર ના ભૂલ' મરણિયો દિલ નિશ્ચય જે,
કૃપાથી દિલ પ્રગટીને, થઈ શ્રદ્ધા જીવંતી તે.

સચેતન તેથી તો દિલમાં ફરી કેવું થવાયું છે !
ઘડી - પળ મૃત્યુ છો આવે, ચરણ ના છૂટવાનાં છે.

હરિઃૐ

## પરંતુ પ્રાર્થનાએ શો રૂડો દિલ ભાગ ભજવ્યો છે !

જીવનમાં આંટીઘૂંટીઓ બહુ જ કંઈ અટપટી ભારે,
કદીક શી આવી આવીને મને ભરમાવી માર્યો છે !

મતિથી દિલ વિચારાતાં પડ્યું અજવાળું કંઈ ના છે,
પરંતુ પ્રાર્થનાએ શો રૂડો દિલ ભાગ ભજવ્યો છે !

પથે ખચકાવું જ્યાં પડતાં, રૂંધામણ જ્યાં કંઈક થઈ છે,
હૃદયની પ્રાર્થનાકેરો ત્યહીં આશ્રય લીધેલો છે.

હૃદયની પ્રાર્થનાએ શો ટટારીથી ટકાવ્યો છે !
જીવનમાં એકલો મારો જીવનભેરુ થયેલી તે.

હરિઃૐ

## હૃદયમાં પ્રાર્થનાભાવ સ્ફુરંતાં, યોગ્ય સૂઝે છે

જીવનમાં વાંકીચૂકી શી, કંઈક પગથી મળેલી છે !
કઈ ગમ તે સમય જાવું ગતાગમ ના પડેલી છે.

ન સામું કોઈ મળતું છે, ન ત્યાં કોઈ ભોમિયો પણ છે,
ન સાથીદાર પથ કો છે, જવાનું એકલાએ છે.

સ્મરણ, કીર્તન, ભજનકેરો હૃદય જ્યાં ભાવ જાગે છે,
હૃદયમાં પ્રાર્થનાભાવ સ્ફુરંતાં, યોગ્ય સૂઝે છે.

હૃદય એકાગ્ર, કેંદ્રિત થતાં, દિલ પ્રેરણા જાગે,
શી એવી પ્રેરણાથી તો, પથે ચાલ્યા જવાયું છે !

હરિઃૐ

## બધા હેઠા પડ્યા દા છે, હરિને પ્રાર્થના થઈ છે

ચઢાતું ઊર્ધ્વમાં જેમ પથે શા સૂક્ષ્મથી સૂક્ષ્મ !
પડે અવરોધ કેવા તે ન સમજાયે કશાથીય !

કદીક ફંટાવી દે અવળે, કળણ ભીષણ પથે આવે,
મથાતાં ઉગ્ર પણ ત્યારે, હૃદયનું જોમ ખૂટે છે.


થતું મુજથી બધું તે તે કરી જોયા કરેલું છે,
હૃદયથી આવડી તેવી મથામણ સૌ થયેલી છે.

ફવાતું જ્યાં પૂરું નહોતું, બધા હેઠા પડ્યા દા છે,
**હરિ**નો પ્રાર્થનાકેરો પછી આશ્રય લીધેલો છે.

હરિઃૐ

## ખંડ - ૪

# સાધનામાં કૃપાશક્તિનો પ્રતાપ



મથામણ એકલી માત્ર કશી ના કામ લાગે છે,
કૃપા સાથે **હરિ**કેરી જરૂરી યોગ્ય સાચી તે.

હરિઃૐ

# તપશ્ચર્યા બહુવિધની, કૃપાથી તો થયેલી છે

જીવનમાં જાણવા કરતાં સમજવું યોગ્ય માન્યું છે,
હૃદય સમજી અનુભવવા પરે મેં ઝોક દીધો છે.

વિના અનુભવ કશી સમજણ, પૂરી ના પાર ઊતરે છે,
ખરે ટાણે જ અધવચમાં, પથે લટકાવી મારે તે.

કંઈક જ્યાં દિલ સમજાતાં, ઊંડું ઊતરી જ તે વિશે
-જીવન પ્રત્યક્ષ અનુભવવા, ખરી જહેમત ઉઠાવી છે.

ઊંડી અંતરની શક્તિને છતી કરવા જીવન વિશે
-તપશ્ચર્યા બહુવિધની, કૃપાથી તો થયેલી છે.

હૃદયની શક્તિ વિના તો, અનુભવવું ન શક્ય જ છે,
**હરિ**ની ભક્તિથી, શક્તિ શી પાંગરવા જ માંડી છે !

હરિઃૐ

## કૃપા વિના કશું ડગલું ભરી ના કંઈ શકાતું છે

કૃપા પર માત્ર આધાર અમારે તો જીવનમાં છે,
કૃપા વિના કશું ડગલું ભરી ના કંઈ શકાતું છે.

કૃપાના માત્ર ઈશારે જીવન જંગલતણા કંઈ જે
-પડાયે ભૂલું પથ એવા થકી, નીકળી શકાયું છે.

છતાં શો કેટલીક વાર હું ત્યાં રખડી પડેલો છું !
બિયાબાંમાં જ અટવાતો હતો કેવો ભયંકર હું !

ન ક્યાંયે માર્ગ સૂઝતો'તો, હું ખાલી ખાલી ફરતો'તો,
હૃદયના આર્તભાવે ત્યાં કરી શી પ્રાર્થના **હરિ**ને !

હરિઃૐ

## કૃપાથી શ્રીહરિકેરી જીવનમાં ત્યાં ફવાયું છે

**હરિ**ની જાગ્રતિ જેમાં ખરું તે કર્મ એક જ છે,
થતાં એવાં જ કર્મોથી જીવનઘડતર થતું રહે છે.

સતત બસ એકનું એક જ જીવનના ધ્યેય પ્રત્યેનું
-હૃદયનિષ્ઠાથી તે કર્મ અમે પ્રેમે કરેલું છે.

ઊંડો અંતરમાં ચેતનનો થવા અનુભવ જીવન વિશે,
મરણિયો દિલમાં પાકો ઊંડો નિશ્ચય થયેલો છે.

સતત તેજસ્વી તે નિશ્ચય રહેવા યત્ન કીધા છે,
કૃપાથી **શ્રીહરિ**કેરી જીવનમાં ત્યાં ફવાયું છે.

હરિ:ૐ

## પુરુષાર્થ કડીતોડ કૃપાથી શો થયેલો ત્યાં !

બહુ જ કડકાઈ, કઠણાઈ કરેલી મેં શી મુજ સાથે !
ન લાપરવાપણું ક્યાંયે દીધેલું ચાલવા સહેજે.

‘જીવનના ધ્યેયના રીતની વ્યવસ્થાથી જ જીવનને,
-મથેલો મઠારવા સજ્જ’, ન કર્મ તે ચુકાયું છે.

મળેલાં કર્મમાં **પ્રાણ** પૂરેપૂરા પરોવાવા,
પુરુષાર્થ કડીતોડ કૃપાથી શો થયેલો ત્યાં !

જુદાં જુદાં નવાં સાધન મથાતું જ્યાં જવાયું છે,
ઊગ્યાં દિલમાં કરી, દીધો નૂતન ઘાટ જીવનનો જે.

હરિઃૐ

## ઘૂંટાવાને હૃદયભાવ, કૃપાથી શો મથેલો જે !

જીવનના હેતુ અભ્યાસે મથ્યા કરવાનું સૂઝ્યું છે,
મથ્યા વિના જીવનમાં તો હવે ના ચેન પડતું છે.

જીવનની કાર્યવાહીમાં પ્રભુપ્રીત્યર્થ સમજી તે,
ઘૂંટાવાને હૃદયભાવ, કૃપાથી શો મથેલો જે !

સતત બસ તે વિશે કેવો હૃદય મશગૂલ ઊંડો જે
-રહેલો એકધારો ને હૃદય એકીટશે શો જે !

હૃદય પ્રત્યક્ષ સાકાર જીવનના હાર્દને મારે
-અનુભવવાતણી ઊંડી તલપ લાગી હતી ત્યારે.

થવાને ધ્યેય સાકાર થતા યત્ન રહેલા જે,
તલપથી તે વિશે શક્તિ વણાઈ શી ગયેલી છે !

હરિઃૐ

## અશક્યનું કરે શક્ય, કૃપા કેવી ખરેખર તે !

જીવનમાં ઠોઠ ને ભોટ હતો નિશાળિયો, તેને
-કૃપાએ શો મઠાર્યો છે ! ચમત્કારિક ઘટના તે.

મને સૌ જોઈને આજે કદી ના માનશે તેવો,
પરંતુ સત્ય હકીકતને અહીં વાચા શી આપી છે !

મૂંગાને બોલતો કરી દે, ગિરિ ચઢવે લૂલાને **તે**,
અશક્યનું કરે શક્ય, કૃપા કેવી ખરેખર તે !

જીવનના સાધનાભ્યાસે લગાતાર ઊંડું ઊંડું
-રહેવાતાં, જીવનધ્યેય જરૂર ફળતું જીવનમાં ત્યાં.

હરિઃૐ

## બલિહારી કૃપાની ત્યાં, હરિની બોલબાલા છે

બહુ ફેરા જ ઝાટકણી બધી મેં મારી કાઢી છે,
ઊંધુંચતું ચલાતાંમાં, કંઈક ડંડા લગાવ્યા છે.

કદીક મુજ પર જરા સરખો મુલાયમ ના થયેલો છું,
કઠણ હું વજ્ર જેવો શો કદીક મુજ પર થયેલો હું !

જીવનપથ ચાલતાં, મારી દયા મેં તો ન ખાધી છે,
સતત ચાનક શી સંપૂર્ણ જીવનમાં ચાલવા ધરી છે !

હૃદય ને દૃષ્ટિ એકાગ્ર ધરેલાં લક્ષ્ય પરથી તે
-કદીક ચ્યુત થવાતાંમાં, હૃદય ચોંકી જવાયું છે.

હૃદય જ્યાં ચોંકી ઊઠતાંમાં સીધે પંથે વળાયું છે,
બલિહારી કૃપાની ત્યાં, **હરિ**ની બોલબાલા છે.

હરિ:ૐ

# કૃપાની હૂંફ ને ઓથે ટકી, આગળ ચલાયું છે

જીવનમાં જામતાં પહેલાં મુસીબત શી નડેલી છે !
વિના અનુભવ ન કોઈને વિશે તે દિલ સમજાશે.

મરણિયો ટેક ને નિશ્ચય જીવનને સાધવા અર્થે,
સતત ધૂનથી જ પ્રગટેલા, પથે એણે ધકેલ્યો છે.

અમૂંઝણ ઉગ્રમાં ઉગ્ર કદીક કેવી ઊગેલી છે !
'કદીક જાણે શું દેવાળું બધી બુદ્ધિનું નીકળ્યું છે !'

ગૂંચાઈ ના જતાં ત્યારે સમર્થ જે ધણી **હરિ** છે,
કૃપાની હૂંફ ને ઓથે ટકી, આગળ ચલાયું છે.

હરિઃૐ

## સમસ્યાઓતણી કેવી કૃપાએ ચાવી બક્ષી છે !

પ્રમાણિકતાથી જીવનમાં, હૃદયની ભવ્ય નિષ્ઠાથી,
જવાતું આગળે જેમ, જવું આગળનું સૂઝે છે.

નવું સૂઝેલ તે રીતે જીવનમાં ચાલવું થયું છે,
જવાતાં આગળે, પાછી નવીન મુશ્કેલી ઊભી છે.

નૂતન નૂતન સમસ્યાઓ, નૂતન શા પથ વિશે પ્રગટે !
કૃપાને પ્રાર્થી પ્રાર્થી ત્યાં હૃદય અવતારવાની છે.

સમસ્યાનો કૃપાએ શો તહીં ઉકેલ બક્ષ્યો છે !*
અને તે ચાવીથી તાળાં બધાં શાં ઊઘડેલાં છે !

---

* સમસ્યાઓતણી કેવી કૃપાએ ચાવી બક્ષી છે !

હરિઃૐ

## કૃપાની કેવી બલિહારી, સતત એકાગ્ર રહેવાયું !

ભૂલેચૂકે ન કીધા છે, જીવનમાં ગોરખી ધંધા,
છતાં તેવા અખતરા તે શું મુજ પર તો થયેલા છે !

કદી પણ સામનો તેનો કૃપાથી ના થયેલો છે,
અને તે સર્વની ઉપર હૃદયથી ભાવ ધાર્યો છે.

હજારો વાંક તે હોવા છતાં, શા જવા દીધેલા છે !
**हरि**નો દાખલો લઈ શો, મથેલો વર્તવાને તે !

કૃપાની કેવી બલિહારી, શી મુજ પર વર્ષી એવી કે,
'સતત એકાગ્ર, રત કેવું રહેવાયું જીવન વિશે !'

હરિઃૐ

## મરણિયો ઉગ્ર પુરુષાર્થ, કૃપાથી તો થયેલો છે

કદીક તો ચાલી ચાલીને લથડિયાં ખૂબ ખાધાં છે,
કશો અણસાર ના'વ્યો છે, હવે તે અંતનો મુજને.

છતાં ના હામ ચૂક્યો છું, હૃદય ભાવ બઢવવાને
-લીધેલાં સાધનો વિશે, પૂરું ત્યાં જોમ રેડ્યું છે.

મનાદિને પૂરેપૂરાં થવા એકાગ્ર તે વિશે,
મરણિયો ઉગ્ર પુરુષાર્થ, કૃપાથી તો થયેલો છે.

બલિહારી કૃપાની કે, પથે સાબૂત રખાવીને
-પૂરેપૂરું મથાવીને, શરણ ચરણે ગ્રહેલું છે.

હરિઃૐ

## કૃપાની મહેરબાનીથી પછી મંડી પડાયું છે

પથે ભટકી જ ભટકીને ડૂચો નીકળી ગયેલો છે,
બહુ રખડ્યો છતાં કુશકા કરે મુજ માત્ર આવ્યા છે.

કમાણીમાં મને હાથ મળ્યા છોલાયેલા શા તે !
છતાં ફરિયાદ એની મેં, ન કોઈ આગળ કરેલી છે.

કૃપાની મહેરબાનીથી, જીવનના કોઈક સદ્ભાગ્યે
-થયેલું જાણવાનું તે, શું ઓચિંતું અકસ્માતે !

જીવનઆદર્શ મુજ સામે પછી ખુલ્લો થયેલો છે,
થવા તે ધ્યેય સાકાર, પછી મંડી પડાયું છે.

હરિઃૐ

## મળ્યો મોકો, કૃપા એ તો हरि તારી ખરેખર છે

જીવનની સાધનાકેરો કંઈક ઈતિહાસ લખવાનો
-મળ્યો મોકો, કૃપા એ તો **हरि** તારી ખરેખર છે.

જીવનની સાધનાકેરા જુદા જુદા તબક્કામાં,
પથે વર્તાયું શી રીતે, બધું તે તે લખાયું છે.

બન્યું છે જેમ જે રીતે, ચલાયું પંથ જે રીતે,
હકીકત સર્વ વર્તનની ઉતારાઈ કલમથી છે.

કશું ના છાનું રાખ્યું છે, બધું ખુલ્લું જ ગાયું છે,
ભૂલેચૂકે વધારીને કશું પણ ના લખેલું છે.

હરિઃૐ

## કૃપાથી શાં મનાદિએ હરિને દિલ ભજાવ્યા છે !

શરીર આ કોથળી ખાલી સમું કેવું બનેલું છે !
કશા કંઈ બોલવામાંયે જરા ના હોશકોશ જ છે.

બીજાં બોલે કશું તે પણ સહેવાતું ન તે કાળે,
ભયંકર છે અમૂંઝણ તે શી અપરંપાર તે સમયે !

કૃપાથી તે સમય **હરિ**ની, સ્મરણ **હરિ**નું ઊગી હૃદયે,
કૃપાથી શાં મનાદિએ **હરિ**ને દિલ ભજાવ્યા છે !

મનોમન પ્રાર્થના ત્યારે શી ગદ્‌ગદ ભાવથી સ્ફુરીને
-**હરિ**નાં પદકમળને તે પખાળી કેવી વિરમે છે !

હરિઃૐ

# જીવનના ધ્યેયને અર્થે કૃપાથી તો મથાયું છે

તડાકા મારવા ખાલી, નકામાં મારવાં ગપ્પાં,
સમય તે બગાડવો જાણી, હું ખચકાયો જ વર્તાતાં.

પળેપળનો જ ઉપયોગ થવાને જ્ઞાનપૂર્વક તે,
જીવનના ધ્યેયને અર્થે, કૃપાથી તો મથાયું છે.

ફળાવા ધ્યેય, લાગેલો ઊંડામાં જે ઊંડો સ્વાર્થ,
સતત લક્ષ રખાવ્યું છે, મને એણે ધરી ટેક.

કદીક તૂટ પડેલી છે, કદીક અટકાવ આવ્યો છે,
છતાં ત્યારેય કદી પણ મેં સ્મરણ દિલથી ન છોડ્યું છે.

જીવંતો ભાવ ટકવાને હું તેથી સભાનતા વિશે
-દઢાવાઈ રહી, તેવું હૃદયમાં લક્ષ પ્રેર્યું છે.

હરિઃૐ

## હૃદય પ્રાર્થ્યાં કરી કરીને, હૃદય અજવાળું પાડ્યું છે

કૃપાના માત્ર આધારે જીવનઆદર્શ લાધ્યો છે,
અને સાકાર કરવા તે મથામણ શી થયેલી છે !

સતત મથતાં, સતત મથતાં, મથામણને વિશે પંથે
-મથામણ થઈ શકે ના કંઈ મળ્યા સંજોગ એવા જે,

છતાં ત્યારેય બે કરથી ધીરજ, હિંમતને પકડીને
-હૃદય પ્રાર્થ્યાં કરી કરીને, હૃદય અજવાળું પાડ્યું છે.

'કશું સહેલાઈથી મળવું જીવનમાં ના મુનાસિબ છે',
હૃદય એવી પ્રતીતિથી કૃપાથી પથ ટકાયું છે.

હરિઃૐ

# જરીક તુજ આવતાં પાસે, મને તેં ખેંચી લીધો છે

ઝીંકાયું કેટલી વાર જીવન **આ** દુઃખને દરિયે,
સહી લેવા કૃપાશક્તિ, **હરિ**એ શી દીધેલી છે !

**હરિ**ના ઉપકારોને કશું ક્યાંયે ન લેખું છે,
સતત વારી જઈ તેથી શું લોટાયું **હરિ**પદ છે !

પડેલો કેટલીક વાર જીવનમાં હું ભૂલો જ્યારે,
**હરિ**ને સાદ કરતાંમાં **હરિ**એ હાથ પકડ્યો છે.

બધાં મુજ પાપ કે પુણ્ય, **હરિ**એ તો ન નીરખ્યાં છે,
જરીક **તુજ** આવતાં પાસે, મને **તેં** ખેંચી લીધો છે.

હરિઃૐ

## ફળવવા હેતુની નેમ જહીં સંપૂર્ણ, ફળતો તે

મથામણમાં કદીક ડૂચો પૂરો નીકળી ગયેલો છે,
પડેલા હાથ હેઠા છે, બહુ મથતા વળ્યું ના કૈં.

બહુ મનને શું ઠપકાર્યું, ‘પરિણામતણી શાને
-ફિકર-ચિંતા કરે છે તું ?’ સમર્થ શો ધણી માથે !

‘તું તારે ભાગ આવેલું પૂરેપૂરું બધી રીતે
-થતું હો યોગ્ય જે રીતે બધું તે તે કરી લેને.’

‘જીવનપુરુષાર્થ સેવાતો હૃદય સંપૂર્ણ સદ્ભાવે,
ફળવવા હેતુની નેમ જહીં સંપૂર્ણ, ફળતો તે.’

શી પાકી એવી સમજણથી કૃપાથી યત્ન કીધા છે !
બધું જે આવડ્યું તેવું મથી મથી સૌ થયેલું છે.

હરિઃૐ

## **हरि**નો ભાવ અનુભવવા, મથી મથીને મચેલો જે

મથામણ એકલી માત્ર કશી ના કામ લાગે છે,
કૃપા સાથે **हरि**કેરી જરૂરી યોગ્ય સાચી તે.

સખતમાં શો સખત ભારે પુરુષાર્થ થયેલો છે !
છતાં એમાં કશું મારું જરા સરખું ન જોમ જ છે.

જીવનની સર્વ શક્તિનો પૂરો ઉપયોગ લઈ લઈને
-**हरि**નો ભાવ અનુભવવા, મથી મથીને મચેલો જે.

નિરંતરના જ અભ્યાસે સ્ફુરેલી પ્રેરણા શી તે !
પથે આગળ ધપાવીને ચરણમાં ઠામ પાડ્યો છે.

હરિઃૐ

## જીવનમાં ધ્યેયનું ભાન, હૃદય એણે જગાડ્યું છે

જીવન **આ** જીવતાં, જીવતાં કૃપા શી અવતરેલી કે
-જીવનમાં ધ્યેયનું ભાન, હૃદય **એણે** જગાડ્યું છે !

જગાડીને શું ખાલી **તે** કદી બેસી રહ્યો ના છે,
મને ગોદાટી ગોદાટી જીવનપથમાં ધપાવ્યો છે.

થઈ છે જો નજરચૂક તો કૃપાએ કાનપટ્ટી તે
-મને પકડાવીને, કેવો સીધે રાહે ચઢાવ્યો છે !

ચૂકામૂક શી જીવન વિશે બહુ વેળા થયેલી છે !
છતાંયે **શ્રીહરિ**ની ત્યાં કૃપાએ કામ કીધું છે.

હરિઃૐ

# કરીને બાવડાં મજબૂત પથે આગળ ધપેલો છું

મળેલું માનવી જીવન કૃતાર્થ તે થવા કાજે,
કૃપાથી દિલ વિચારાયું ઊંડું ઊંડું જ તે વિશે.

ફળવવા માનવી જીવન હું કૃતનિશ્ચય થયેલો જે,
સતત પુરુષાર્થમાં તેવા જીવન મંડ્યા કરેલો જે.

કદીક પાછો પડેલો છું, છતાં હિંમત ધરી ધરીને,
કરીને બાવડાં મજબૂત પથે આગળ ધપેલો છું.

સતત મથતાં રહેવાતાં **હરિ**એ સહાય કીધી છે,
કૃપાની સહાયથી તેવી જીવનમાં તો ફવાયું છે.

હરિઃૐ

## મથામણ ભાવથી બનતાં, જરૂર પોબાર પડતા છે

બહુ મથતાં, બહુ મથતાં છતાં ના મેળ પડતો છે,
વિના મેળ ભલીવાર કશામાં કંઈ ન પડતો છે.

બહુ મથતાં રહેવાતાં, છતાં ના પ્રસન્નતા ટકતાં,
થતાં ઉદ્વિગ્ન દિલમાં, ત્યાં **હરિ**ને દિલ પ્રાર્થ્યો છે.

કૃપાપુરુષાર્થનો એવો જીવન સુમેળ પ્રગટાવી,
પ્રજ્વલિત શો જીવનદીપ રહેવા, દિલ મથાયું છે.

થવાતાં પૂર્ણ એકાગ્ર, મથામણ ભાવથી બનતાં,
જીવનનાં સર્વ ત્યાં પાસાં જરૂર પોબાર પડતા છે.

હરિઃૐ

## મળેલા તાર સૌ જ્યાં છે, સૂરીલું યંત્ર વાગે છે

પરસ્પર ભાગ જીવનમાં કશો શો પાડવાનો છે ?
પછીથી ભાંજગડ શેની પરસ્પર આપણી વચ્ચે ?

બધો જ્યાં મેળ મનનો ના, નરી ત્યાં ભાંજગડ રહે છે,
મળેલા તાર સૌ જ્યાં છે, સૂરીલું યંત્ર વાગે છે.

જીવનના તાર મેળવવા **હરિ**નાં પદકમળ વિશે
-મથી મથીને, ફરી ફરીને સતત પુરુષાર્થ કીધો છે.

જીવનમાં જ્યાં ફવાતું ના, ફરી ફરીને, ઊઠી ઊઠીને,
સતત યત્ને શું વળગીને ફરી ફરી હામ ભીડી છે !

થતા એવા જતા યત્ને કૃપાએ મહોર મારીને,
શું બોલાવી નજીક પાસે કરી સ્મિત હેત ઢોળ્યું છે !

હરિઃૐ

## ભયંકર યુદ્ધ ખેલાતાં હરિએ શો બચાવ્યો છે !

નિરાશાની પળો એવી વિશે જ્યારે પડેલો છું,
શી નાહિંમત થવાકેરી ખરી પળ કેવી પાકી છે !

હવે જ્યારે પૂરેપૂરું જવું ડૂબી અણી પર છે,
ઊંડું સર્વસ્વ દિલ જોમ કૃપાથી વાપરેલું છે.

મથાતાં તે પળે એવી **હરિ**ને મેં સ્તવેલા છે,
ઊંડા ઊંડા હૃદય વિશે **હરિ**ને નોતરેલા છે.

કૃપાથી તે પળે કેવું હૃદયમાં જોમ પ્રેરીને
ભયંકર યુદ્ધ ખેલાતાં **હરિ**એ શો બચાવ્યો છે !

હરિ:ૐ

## હૃદયના ભાવઅભ્યાસે હરિ કેવો મળેલો છે !

બધા સંસારમાં કેવા થતા અન્યાય ભાળ્યા છે !
અને અન્યાયનો ભોગ થઈ કેવો ગયેલો જે !

ભયંકર કારમી એવી ગરીબાઈ વિશે જ્યારે
-રહ્યો'તો હું ભીંસાઈ જે, સહેવું કેવું અઘરું તે !


વિના વાંકે શું દબડાવ્યા કરેલો છે મને ત્યારે,
ગરીબને મુનસફી મોટાતણી પર ચાલવાનું છે.

કૃપાથી શો જીવન અમને સહુથી શ્રેષ્ઠ એવો જે,
હૃદયના ભાવઅભ્યાસે **હરિ** કેવો મળેલો છે !

હરિઃૐ

## ખંડ - ૫

# સાધનાવિકાસમાં હરિરસનો મહિમા



જીવનનો ભાવ જેનો છે, બધો સંસાર અદ્‌ભુત તે,
અલૌકિક ને અનોખો જે હૃદયરસથી ભરેલો છે.

હરિઃૐ

## જીવનમાં દાખલા એવા બનેલા કેટલા શા છે !

**હરિ**રસમાં પળે પળનું જીવન જીવવું ખરેખર જે,
કદી કંઈ કલ્પનામાં તો જરી આવી ન શકતું તે.

મીઠાની પૂતળી દરિયે સમાઈ શી જતી તે છે !
હૃદયની ભક્તિથી તેમ **હરિ**રસમાં ભળાતું છે.

જીવનવ્યવહાર સંસારી કરે ચાલ્યા જ એવાનો,
પૂરું સંભાળતો રહે છે, જીવનયોગ બધો તેનો.

પ્રયોગાત્મક જીવન મારું બધું એ રીત ચાલ્યું છે,
જીવનમાં દાખલા એવા બનેલા કેટલા શા છે !

હરિઃૐ

# હરિ તારા સ્મરણ માત્રે મને ત્યારે નભાવ્યો છે

જીવન **આ** કેટલીક વાર શું ખોરંભે પડેલું છે !
અને એ રીત જીવન **આ** વહ્યા કેવું ગયેલું છે !

**હરિ**ના કોઈક એવા તે ફિરસ્તાએ કૃપા કરીને
-ઈશારાથી ગહન સૂક્ષ્મ શું અંતરમાં જગાડ્યો છે !

જગાડ્યો છે છતાં પાછો હું કેવો સૂઈ ગયેલો જે,
સમય તે હચમચાવીને મને પાછો હલાવ્યો છે.

ચઢાણો ચાલતાં પંથે ભયંકર કેવાં આવ્યાં છે !
બધા છક્કા છૂટી ત્યારે જતા કેવા જણાયા છે !

બધો શ્વાસ જઈ થંભી, અમૂંઝણ દિલ વ્યાપી છે,
**હરિ** તારા સ્મરણ માત્રે મને ત્યારે નભાવ્યો છે.

હરિઃૐ

## પડી નબળો જતો ત્યારે હરિને યાદ કીધો છે

જીવનમાં કેટલીક વાર અમે બળવો કરેલો છે,
પડેલું ખેલવું કેવું સતત સંગ્રામની સાથે !

જીવનમાં ખેલતી વેળા જીવનઆદર્શનો હેતુ
-કૃપાથી જીવતો ધારી, રહ્યા ભાવે કરેલું છે.

શી સામી છાતીએ માર બધો પ્રેમે ઝીલેલો છે !
વળી ઘા પીઠ પર તો મેં કદી પણ ના ઝીલેલો છે.

કદીક તો સામનો કરતાં હૃદયનું જોમ ખૂટ્યું છે,
પડી નબળો જતો ત્યારે **હરિ**ને યાદ કીધો છે.

હરિઃૐ

## હરિને દિલ વરવાને શી તત્પરતા હતી ત્યારે !

જીવનમાં માંડવાળ જ તો અમે જે તે કરેલી છે,
**હરિ** સાથે જ જોડાવા જીવનસંબંધ સઘળો છે.

હૃદયમાં નોતરી **હરિ**ને બહુ વેળા શું આમંત્ર્યો !
ન બોલાવ્યો કદી આવે, ખરેખર શો **હરિ** એવો !

ભલે આવે ન આવે તે અમારે મન વિશે એવો
-ન તે હિસાબ કરવો છે, ન ધરવી ગણતરી દિલ તે.

હૃદયથી વારી વારીને કરી ન્યોછાવરી ચહીને,
ઉમળકા-હર્ષ-ઉન્માદે **હરિ**ને દિલ પરણવું છે.

બધી તૈયારી સંપૂર્ણ હૃદય વરવાની કરવાને
-અમારા દિલમાં કેવી શી તત્પરતા હતી ત્યારે !

હરિઃૐ

## હરિરસ સ્વાદ ચાખ્યાથી જીવનમાં સ્થિર થવાયું છે

ભટકવાનું જીવનમાં તો થયેલું કેવું કેવું તે !
અને શા સ્વાદ ચાખેલા જુદા જુદા વળી શા તે !

જુદા જુદા વળી ભસકા જીવન તેથી પડેલા છે,
ફરી ફરી ચાખવાને તે શું વલખાં મારતું મન છે !

કશું વળવાનું તેથી કંઈ ન સાચું જાણ્યું પાકું તે,
**હરિ** ભજવાનો તેથી તો કૃપાએ પથ સુઝાડ્યો છે.

**હરિ**ના હેતથી માત્ર ચઢી ઉપર શકાયું છે,
**હરિ**રસ સ્વાદ ચાખ્યાથી જીવનમાં સ્થિર થવાયું છે.

હરિઃૐ

# જીવનમાં કેટલી વાર હરિએ તો ઉગાર્યો છે

અવળચંડી કંઈક ચાલ જીવનમાં શી ચલાઈ છે !
બહુ ભોગવવું તેનાથી મને કેવું પડેલું છે !

અરેરે ! ત્રાસદાયી તે, ભયંકર દિલ લાગ્યું છે,
સહેવાતાં બધું તે તે શું કંઠે પ્રાણ આવ્યા છે !

દુઃખદ ને કારમી એવી જીવનની તે દશા વિશે,
**હરિ**ને ના ભૂલેલો છું, સ્મરણ એનું થયેલું છે.

સ્મરણના ભાવ-ના એવા પ્રતાપેથી કરી મુજને
-જીવનમાં કેટલી વાર **હરિ**એ તો ઉગાર્યો છે.

હરિઃૐ

## જીવનનું લક્ષ્ય મેળવવા ધસ્યા કેવો રહેલો જે !

વિના લક્ષ્ય ગમે તેવું શું અથડાયા જવાયું છે !
ખરેખર તેથી તો કેવું ભીંતે અથડાયું માથું છે !

ચઢી જઈ કળ, શિરે તમ્મર ભયંકર ખૂબ આવ્યાં છે,
ઘડીકભર તો શું કર માથે દઈ બેસી પડાયું છે !

વળતાં કળ, ફરી પાછો ઊભો થઈને, કમર કસીને
-જીવનનું લક્ષ્ય મેળવવા ધસ્યા કેવો રહેલો જે !

સતત બસ એક ને એક જ વિશે રમમાણ જીવતો જે
-રહેલો છે લગાતાર, **हरि** તેને મદદ દે છે.

હરિઃૐ

## હૃદયમાં ભાન જાગ્યું છે, પથે તેથી અવાયું છે

જીવનમાં કોઈક વેળાએ ભૂલો ભારે થયેલી છે,
પછીથી ઉગ્ર પસ્તાવો મને દિલમાં થયેલો છે.

'કદી ના પુનરાવર્તનને જીવનમાં સ્થાન હોવાને,
ભૂલેચૂકે જરા સરખું', રહ્યો સાવધ હું તે વિશે.

રખાવા સાવચેતી તે કૃપાથી તો મથાયું છે,
જીવનના લક્ષ્યની ચીવટે થયેલું વર્તવાનું તે.

હૃદયનું લક્ષ સંપૂર્ણ ધરીને, સાવધાનીને
-મથ્યો છું ધારવા તોયે કદીક કેવું ચુકાયું છે !

કૃપા કેવી **હરિ**ની કે ભુલાયાનું તરત મુજને
-હૃદયમાં ભાન જાગ્યું છે, પથે તેથી અવાયું છે.

હરિઃૐ

## હરિના ભાવમાં જીવવું જીવન સાચું ખરેખર તે

જીવનમાં સારું કે નરસું ઉભય સ્થિતિ વિશે **હરિ**ને
-મહત્ત્વે મોખરે ધારી, હૃદયમાં ચિંતવેલો છે.

જીવનમાં સારું કે નરસું મહત્ત્વ કંઈ ન તે તે - ને
-ભૂલેચૂકે ન દીધું છે, **હરિ**માં લક્ષ કિંતુ છે.

**હરિ**નો ભાવ જીવંતો જીવનમાં એકધારો તે
-ટકી રહેવા સતત, દિલથી મથામણ શી થયેલી છે !

**હરિ**ના ભાવમાં જીવવું **હરિ** સર્વોપરી હૃદયે,
ચહી ચહીને, લળી લળીને, **હરિ**ને હેત કીધું છે.

હરિઃૐ

# હરિમાં ભાવ જાગંતાં, હૃદય તરબોળ બનિયું છે

ઉધાર ને જમા પાસાં જીવનનાં જે ખરેખર છે,
**હરિ**માં લક્ષ પ્રોયાથી અમે તેને ન જોયાં છે.

**હરિ**માં રસ બઢવવાને, જીવનમાં એકલું માત્ર
–અમે તે કર્મ કીધું છે, કશું બીજું ન નીરખ્યું છે.

અવરનો કંઈ જ તુલનાત્મક ન તે અભ્યાસ રાખ્યો છે,
સતત બસ માત્ર **હરિ**માં શાં મનાદિને પરોવ્યાં છે !

**હરિ**ના એકલાનામાં અમારું ચિત્ત પ્રોવાવા,
હૃદય જાગ્રત, પૂરા દક્ષ અમે ત્યારે રહેલા શા !

હૃદયમાં ભાવ જાગંતાં, **હરિ**રસ દિલ લાગંતાં,
**હરિ**રસમાં પછી કેવું હૃદય તરબોળ બનિયું છે !

હરિઃૐ

## **हरि**ને ચાહતાં કેવી હૃદય ભરતી ચઢે છે જે !

અનેકે રીતની લીલા **हरि**ના પ્રેમમાં શી છે !
કળા નૂતન, નૂતન જુદી શી ખેલંતાં **हरि** સાથે !

**हरि**ને ચાહતાં કેવી હૃદય ભરતી ચઢે છે જે !
સીમાડાને જ ઓળંગી કહીંની કહીં જ પહોંચે છે !

કરું શું શું **हरि** કાજે ઉમળકા કોડ કેવા તે
-હૃદય નવતર સૂઝી સૂઝીને જીવન તે આચરેલા છે !

**हरि**ને દિલ સંતોષ પૂરેપૂરો જ દેવાને,
શું થનગનતા હૃદયમાં તે અનેકે કોડ સેવ્યા છે !

ન સેવ્યા માત્ર તેને મેં, પરંતુ આચરેલા છે,
પડેલો ભાવ ટૂંકો ત્યાં, થવાને આચરણ તે તે.

હરિઃૐ

# સતત મથતાં, મદદ દેવા હરિને દિલ પુકાર્યો છે

જવાતાંમાં, જવાતાંમાં પથે આગળ જવાતાંમાં,
ઊંડી ખીણો અને કેવી શિખરટોચો મળેલી ત્યાં !

ઊંડી ખીણો વિશે જ્યારે શું ઓચિંતું પડાયું છે !
મનાદિનાં વલણ પરથી ખબર તેની પડેલી છે.

પથે ગબડી પડાતાંમાં થતી મહેનત બધી કંઈ જે,
-કરી કરીને **હરિ**ને મેં કરેલી પ્રાર્થના દિલ છે.

ગમે તેવી સ્થિતિ વિશે **હરિ**ને પકડી રાખીને,
સતત મથતાં, મદદ દેવા **હરિ**ને દિલ પુકાર્યો છે.

હરિ:ૐ

## સતત વીનવ્યા કરીને મેં હરિને રીઝવેલા છે

સતત બસ ચાહી ચાહીને **હરિ**ને, જીવવાનું છે,
વિના ચાહ્યા હવે તો દિલ જરા વળતી ન કળ કંઈ છે.

હૃદયથી ઊછળી, ઊછળી સતત બસ વારી વારીને
-ઊછળતા દિલથી **હરિ**ને સતત બસ વહાલ કીધું છે.

પરંતુ કેટલીક વેળા **હરિ**એ મુખ મોડીને,
નજર મારી તરફથી તો લીધી છે ફેરવી શી તે !

શું કાલાવાલા **હરિ**ને મેં બહુ ત્યારે કરેલા છે !
સતત વીનવ્યા કરીને મેં **હરિ**ને રીઝવેલા છે.

હરિઃૐ

## હરિની કેટલી મોટી કરુણા તેથી મુજ પર છે !

દૂરંદેશીપણું ક્યાંયે જીવન મુજમાં નહોતું કૈં,
પરંતુ જેમ ભક્તિમાં રસાવાતાં જ સુધર્યું તે.

થતાં ભક્તિ, શું બુદ્ધિમાં થયેલો ફેરફાર જ છે !
**હરિ**ની કેટલી મોટી કરુણા તેથી મુજ પર છે !

**હરિ**એ કેટલી વાર મદદ મુજને કરેલી છે,
થઈ આભારવશ તેથી, **હરિ** તુજ ભક્તિ કીધી છે.

સ્મરણના નિત્ય અભ્યાસે હૃદયથી પ્રાર્થના થઈ છે,
**હરિ**ની ભક્તિમાં પછી શાં મનાદિ કેળવાયાં છે !

સ્મરણ અભ્યાસ સાતત્યે સ્મરણનો નાદ લાગ્યો છે,
હૃદયના નાદથી તેવા ઊંડો રણકાર ફાલ્યો છે.

હરિઃૐ

## **હરિએ માર્ગદર્શન દઈ મને શો બહાર કાઢ્યો છે !**

જીવનનાં જંગલો કેવાં ભયંકરમાં ભયંકર જે !
નીકળવું બહાર તેમાંથી મહામુશ્કેલ, કપરું છે.

શરૂ શરૂનો બધો ભય શો ભમાવી દિલ માર્યો છે !
મને ચોમેરથી ખાવા ધસી જાણે રહ્યું સૌ તે.

પરંતુ આશરો **હરિ**નો હૃદય પાકો લઈ લઈને,
ભીડી હિંમત હૃદય પાકી તહીં મેં ઝંપલાવ્યું છે.

સ્તવ્યાં કરીને બહુ વેળા **હરિ**ની સહાય માગી છે,
**હરિ**એ માર્ગદર્શન દઈ મને શો બહાર કાઢ્યો છે !

હરિઃૐ

## પરિપક્વ પૂરો ત્યારે અભય કેવો બનેલો છે !

અભયને પરીક્ષવા કાજે શી સામી છાતીએ કેવો
-સ્મર્યાં કરીને, ખસ્યા વિના શું લાઠીમાર ખાધા છે !

ભયંકર જંગલો વિશે જહીં સિંહો વસેલા છે,
દિવસ રાત્રિ તહીં ગાળી અભયને નાણી જોયો છે.

ભયંકર ધોધની વચ્ચે શું બેસી સાધના વિશે,
અભયમાં કેટલું પાણી અમે તે માપી લીધું છે.

જમાવાતાં જમાવાતાં જહીં જામ્યો **હરિ**રસ છે,
પરિપક્વ પૂરો ત્યારે અભય કેવો બનેલો છે !

હરિઃૐ

## ગહન, ગૂઢ સાધનો સૂક્ષ્મ હૃદય ત્યારે મળેલાં છે

શરીરનું બળ પૂરેપૂરું ગયેલું ઓસરી જ્યાં તે,
ખરેખર **પ્રાણ** શા કંઠે તહીં આવી ગયેલા છે !

'તૂટી હમણાં પડાશે ત્યાં', ખરે જ્યાં એમ લાગ્યું છે,
કરીને પ્રાર્થના, ફરીથી ઝઝૂમીને ઝઝૂમ્યો જે.

બધાં હથિયારના દાવ ભલે શા ખેલી જોયા છે !
પરંતુ યોગ્ય પરિણામ હજુ સુધી ન આવ્યું છે.

થતાં સાધન ગયાં જેમ, થતાં એકાગ્રતા દિલ જ્યાં,
જવા આગળના સાધનને કૃપાએ તો ઉગાડ્યું ત્યાં.

અનેકે વાર એ રીતે નૂતન નૂતન સૂઝેલું છે,
ગહન, ગૂઢ સાધનો સૂક્ષ્મ હૃદય ત્યારે મળેલાં છે.

હરિઃૐ

# અકળ રીતથી, દઈ દીક્ષા, ચરણ બેસાડી દીધો છે

**હરિ**નો ઓલિયો કોઈ ચમત્કારિક મળેલો જે,
અકળ, અદ્‌ભુત રીતેથી મને એણે મઠાર્યો છે.

પકડમાં આવું એવો હું નહોતો તે છતાં તેણે
–અકળ રીતથી, દઈ દીક્ષા, ચરણ બેસાડી દીધો છે.

અભય ને મૌન, એકાંત વળી જે નમ્રતા સાધન,
જીવન ઉતારવા અર્થે પઢાવેલા મને પાઠ.

જીવનમાં ઉગ્રમાં ઉગ્ર તપશ્ચર્યા કરાવીને,
જીવનના ધ્યેયનું સ્પષ્ટ તરંતું લક્ષ પ્રેર્યું છે.

હૃદયમાં સાવધાની તે ઊંડી ચેતાવી દીધી છે,
ફળવવા ધ્યેય અર્થે મેં બધી તે કામ લીધી છે.

હરિઃૐ

## ઊંડો નિશ્ચય થતાં એવો અમલ જે તે થયેલો છે

તિતિક્ષા ઉગ્ર જીવનમાં સમજી દિલ હેતુપૂર્વક તે
-ફળવવાને જીવનધ્યેય, કૃપાથી શી પળાઈ છે !

તિતિક્ષા શી જુદી જુદી બહુ બહુ રીતની પણ છે !
જીવનમાં તે સમજપૂર્વક બધી પાલન થયેલી છે.

'વિના હેતુ જીવન જીવવું', જીવન મૃત્યુ બરાબર છે,
ઊંડો નિશ્ચય થતાં એવો અમલ જે તે થયેલો છે.

જીવનમાં વર્તતાં એવું જીવનના ધ્યેય-હેતુની
-હૃદયમાં સભાનતા જાગ્રત કૃપાથી તો રહેલી શી !

હરિઃૐ

## જીવનમાં એકલા હરિનો મળ્યો ટેકો, મને બસ છે

અમૂંઝણ કેટલી ભારે નૂતન, નવી રીતની મુજને
-જીવનમાં તો થયેલી છે, છતાં ના હાર ખાધી છે.

ભયંકર હુમલા કેવા અનેકે વાર આવ્યા છે !
કૃપાબળ માત્ર આધારે ટકી રહેવાયું ત્યારે છે.

ગજું બાકી કશું પણ કંઈ ન મુજ સમનું હતું ત્યારે
- **હરિ**એ સામનો ત્યારે કૃપાથી શો કરાવ્યો છે !

ઊભો એણે રખાવ્યો છે, કૃપાથી શો ટકાવ્યો છે !
જીવનમાં એકલા **હરિ**નો મળ્યો ટેકો, મને બસ છે.

હરિઃૐ

## મને એણે કૃપા કરીને બધું આ શિખવાડ્યું છે

શરીરશક્તિ અને અંતરતણી શક્તિ નિરાળી છે,
અનુભવતાં જીવનશક્તિ, શરીરશક્તિ શી સમજાયે !

શું પ્રત્યેક તબક્કામાં **हरि** જે અવતરેલો છે !
બધા તે તે તબક્કાની શી શક્તિ સૌ નિરાળી છે !

પરસ્પરથી જુદી તે છે, કશું સરખાપણું ના છે,
થવાતાં **એકમાં એક** બધો ત્યાં મેળ મળતો છે.

**हरि** એવાતણી દિલમાં કૃપાથી ભક્તિ લાગી જે,
મને **એણે** કૃપા કરીને બધું **આ** શિખવાડ્યું છે.

હરિઃૐ

## છતાં ત્યાં માંહ્યલાકેરું કશું ના પાણી હાલે છે

શરીરની ચેતના જુદી, વળી જે માંહ્યલાકેરી
-શી અક્ષરાતીત ચેતનની બલિહારી જ ન્યારી છે !

શરીરને આગવી નિજની સ્વતંત્ર સભાનતા જે છે,
શરીરના ગુણધર્મોનું શું સંચાલન કરે છે તે !

**હરિ**ની સભાનતા જીવતી શી આધારે પળેપળ છે !
શરીરની પ્રકૃતિ ત્યારે બની દાસી રહે છે તે.

શરીરની છો ગમે તેવી ભયંકર હો દશા તોયે,
છતાં ત્યાં માંહ્યલાકેરું કશું ના પાણી હાલે છે.

હરિઃૐ

## હૃદયના ભાવ ગદ્‌ગદનો શું પ્રત્યુત્તર હરિ દે છે !

જવું આગળ, જવું આગળ, જવું આગળ હજીયે છે,
જવા આગળ વિશે કેડો ન એનો ક્યાંય છેડો છે.

શિખર એકએકથી ઊંચાં જીવનપથ શો ચઢેલો જે !
છતાં ખીણ સામી આવીને ઊભી પથમાં રહેલી છે.

પૂરું ત્યાં ખીણમાં શાંત પડી રહેવું થયેલું છે,
છતાં ત્યારેય મેં દિલમાં **હરિ**ને બહુ સ્તવેલો છે.

'કરુણાળુ **હરિ** કેવો ! હૃદયના ભાવ ગદ્‌ગદનો
-શું પ્રત્યુત્તર **હરિ** દે છે !' થયા એવા અનુભવ છે.

હરિઃૐ

# બધું વિજ્ઞાન એનું તો ખરેખર સાવ જુદું છે

શરણજનની હૃદયદાદ **હરિ**એ સાંભળેલી છે,
કદી ના ફેંકી દેવાઈ **હરિ**કાને પડેલી જે.

'બધીયે વાર **હરિ**એ તો હૃદયદાદ ન સાંભળી છે',
ભલે એવું હૃદય લાગે, છતાં ના તથ્ય તેમાં છે.

હૃદયના આર્દ્ર ને આર્ત ઊંડા ભાવે કથાયેલું
-કશું કંઈ સંભળાયા તે, વિનાનું ના રહે અમથું.

થવું કે ના થવું એવું બધું તેના પ્રમાણેનું,
બધું વિજ્ઞાન એનું તો ખરેખર સાવ જુદું છે.

હરિઃૐ

## નિરંતરનો થતાં ભાવ, હરિ પોતે પધાર્યો છે

વ્યવસ્થા સર્વ જીવનની થવા યોગ્ય બધી રીતે,
જીવનઆદર્શના ધ્યેયે કૃપાથી કર્મ કીધાં છે.

પ્રભુપ્રીત્યર્થથી કર્મ સ્વીકારીને જીવન વિશે
-થતાં સૌ કર્મને યજ્ઞસ્વરૂપે દિલ ગણેલાં છે.

થતાં કર્મો રહેલાં જે **હરિ**નો ભાવ તે વિશે
-હૃદયમાં હેતુપૂર્વક તો અમે ધારણ કરેલો છે.

થતાં એવી રીતે કર્મો, હૃદયમાં ભાવ સ્ફુર્યો છે,
નિરંતરનો થતાં ભાવ, **હરિ** પોતે પધાર્યો છે.

હરિઃૐ

## જીવનમાં સર્વનું મૂળ રહેલું ભાવમાં શું તે !

'**हरि हरि**' દિલથી ભાવે પુકારાતાં ઊંડે, ઊંડે,
**हरि**નો ભાવ સાકાર જીવનમાં થઈ જતો શો તે !

થવું પ્રત્યક્ષ, આધાર બધો શો ભાવની પર છે !
બધું પરિણામ જે તે-નું ખરેખર ભાવની રીતે.

વિના ભાવ કશું કોઈનું ન અસ્તિત્વ કશે પણ છે,
જીવનમાં સર્વનું મૂળ રહેલું ભાવમાં શું તે !

જીવનમાં ભાવને તેથી મહત્ત્વ મોખરે દઈને,
અનુભવવા જીવનને મેં દીધેલું ઝંપલાવી છે.

હરિઃૐ

## હૃદયના ભાવને કોઈ સીમાડો એક પણ ના છે

જીવનમાં ભાવ જેનો છે, બધો સંસાર અદ્‌ભુત તે,
અલૌકિક ને અનોખો જે હૃદયરસથી ભરેલો છે.

નિરંતર ભાવની દુનિયા નિરાળી ને રસિક શી છે !
હૃદયના ભાવને કોઈ સીમાડો એક પણ ના છે.


હૃદયનો ભાવ દ્વંદ્વાતીત, ગુણાતીત શો ખરેખર છે !
શું ચેતનનું જ વ્યક્તત્વ હૃદયનો ભાવ પોતે છે !

તપશ્ચર્યા ગહન, ગૂઢ શી ! શું સૂક્ષ્માતીત સાધન જે !
અનુભવવા હૃદયભાવ કૃપાથી સૌ થયેલાં છે.

હરિ:ૐ

## ખંડ - ૬

# સાધનાવિકાસનાં વિવિધ પાસાંઓ



સમન્વય ને સમાધાન બહુ રીતનાં જીવન વિશે
-કૃપાથી શાં સધાયાં જે ! પ્રસાદીરૂપ નીવડ્યાં તે.

હરિઃૐ

## જીવનમાં મોખરે હેતુ સતત ધાર્યા કરેલો છે

જીવનને સાધનાભ્યાસે બહુ તપવ્યા કરેલું છે,
*વિવિધ રીતના જીવનમાં મેં બહુ શાં તપ કરેલાં છે !

હૃદયના મસ્ત ઉમળકે વિવિધ તે તપ વિશે હેતુ
-જીવનના ધ્યેયનો કેવો હતો ત્યાં તીવ્ર તરવરતો !

જીવનનાં સર્વ કર્મોને પ્રભુપ્રીત્યર્થ સમજીને
-જીવનના ધ્યેયનો હેતુ જીવંતો ત્યાં ધરેલો છે.

જીવનમાં કંઈ કશું પણ તે વિના હેતુ થયું ના છે,
જીવનમાં મોખરે હેતુ સતત ધાર્યા કરેલો છે.

---

*વાંચો 'શ્રીસદ્‌ગુરુ' પૃષ્ઠ ૨૬૬ થી ૨૮૧

હરિઃૐ

## થયેલો દિલ સંપૂર્ણ, હું કૃતનિશ્ચય કૃપાથી જે

જીવનઆદર્શ સંપૂર્ણ જીવન અવતારવા કાજે
-થયેલો દિલ સંપૂર્ણ, હું કૃતનિશ્ચય કૃપાથી જે.

પરંતુ માર્ગમાં કેવી બહુ જ અડચણ નડેલી છે !
ગૂંચો ને પ્રશ્ન, મુશ્કેલીતણી વરસી જ ઝડીઓ છે.

તટસ્થ, સ્વસ્થ શું ત્યારે રહેવાને મથાયું છે !
ઉપાયો તેથી તો સૂઝી થયું વર્તન પ્રમાણે તે.

જીવનમાં યોગ્ય વર્તનથી થતું છતું આત્મબળ નિશ્ચે,
અને વર્તનમાં તે શક્તિ બહુ ઉપયોગ આવી છે.

હરિઃૐ

## વિચારેલું બધું, તેને અમલ મૂકવાનું જાણ્યું છે

જુદાં જુદાં દિશાપાસાં જીવનનાં તો બહુ બહુ છે,
અમે તેમાંથી તો એક પસંદ જ દિલ કરેલું છે.

પસંદ તે કર્યા માર્ગે ચહેલું ચાલવાનું તે,
વિચારોમાં કશું ખાલી રહેવા ના દીધેલું છે.

જીવનમાં માત્ર શીખ્યો કે જીવનને યોગ્ય ઘડવાને
-વિચારેલું બધું, તેને અમલ મૂકવાનું જાણ્યું છે.

જીવનઆદર્શના એવા વિચારોનું જીવન વિશે
-થતાં વર્તન, જીવનશક્તિ છતી કેવી થતી રહે છે !

હરિઃૐ

## સમર્પણ કર્મની ધારા ચરણ એવી ધરાવી છે

જીવંતી ધારણા તેવી થતાં તે નિત્ય અભ્યાસે
-જીવનમાં શી પ્રગટતી રહે ! જીવન તેથી ઘડાતું છે.

જીવનમાં ધારણા જેવી નિરંતર જે પ્રમાણે છે,
જીવનનું યોગ્ય નિશ્ચિત થવાનું તેમ ઘડતર તે.

ઉમેરાતાં ઊંડો તેમાં હૃદયનો ભાવ **હરિ** પ્રત્યે,
થતાં રહેતાં <u>સકળ</u>/પછી કર્મ શું પ્રેરાઈ **હરિ**ભાવે !

થતો તે કર્મનો યજ્ઞ જીવનનો ઉત્તમોત્તમ છે,
સમર્પણ કર્મની ધારા ચરણ એવી ધરાવી છે.

હરિઃૐ

# જવાનું તેથી દિલ ચેતી કૃપાથી તો બનેલું છે

બરાબરીનો, ખરાખરીનો કટોકટીનો જીવનમાં જે,
અણીવેળાતણો કેવો સમય કંઈ આવી પહોંચ્યો છે !

'હૃદયની સાવધાનીથી, હૃદયથી સાવચેતીએ,
હૃદયમાં દક્ષતા ધારી સમય તે વર્તવાનું છે !'

હૃદયમાં ભાન એવું કૈં કૃપાથી જાગવાથી તે,
જવાનું તેથી દિલ ચેતી કૃપાથી તો બનેલું છે.

તકેદારી બહુ રીતની જીવન તે વેળ રાખીને,
પ્રસંગે તે સમય યોગ્ય થયેલું વર્તવાનું છે.

હરિઃૐ

# વિચારાતાં, વિચારાતાં, જીવનનું કંઈક જાણ્યું છે

મકરકૂદી* જીવનમાં તો થયેલી કેવી કેવી તે !
જીવનમાં કંઈક તોફાનો થયેલાં મુજથી શાં તે !

બધું પરિણામ એનું જે જ્યહીં સહેવાનું આવ્યું છે,
ત્યહીં વિચારતો એણે કરી મૂક્યો મને શો તે !

ઊંડું ઊંડું વિચારાતાં ઊંડું તેથીય તે ઊંડે
-વિચારાતાં, વિચારાતાં, જીવનનું કંઈક જાણ્યું છે.

જીવનઆદર્શનો નિશ્ચય જીવન તેથી થયેલો છે,
જીવનને તે પ્રમાણેનું પછી ઘડવા મથાયું છે.

*મકરકૂદી=તોફાન

હરિઃૐ

## હૃદય ઉત્સાહનો પોરો ગગનમાં શો ચગેલો છે !

તલપ લાગ્યાથી જીવનની જીવનપથમાં સતત કેવો
-મને દોડાવીને, સહેજે ન લેવા થાક દીધો છે.

સતત પરિશ્રમ થવાથી તો નજીક જ્યારે જવાયે છે,
હૃદય ઉત્સાહનો પોરો ગગનમાં શો $\frac{\text{ચઢેલો}}{\text{ચગેલો}}$ છે !

ચઢેલા તે નશાકેરો શું ઉન્માદ જીવન વિશે
-રગેરગ ને નસેનસમાં પ્રસરતો દિલ લાગ્યો છે !

શી ઉન્માદક ભૂમિકામાં થયેલું મસ્ત વર્તન તે !
ઊંચી ઊંચી કૂદી ભેખડ કહીં જ પાર ઉરાડે છે.

હરિઃૐ

# જડી પગથી ન ક્યાંયે છે, છતાં ના હાર ખાધી છે

કુટાતાં ને કુટાતાંમાં શરીર તૂટી પડેલું છે,
થયેલો ખોખરો કેવો ! બધું **આ** દિલ જાણે તે.

પરંતુ દિલ મેળવવાતણી લગની મને જે છે,
તૂટેલામાં છતાં તેણે શો પ્રોત્સાહિત કરેલો છે !

પડ્યો છું. આથડ્યો છું હું, શું ભટક્યો જંગલો વિશે !
જડી પગથી ન ક્યાંયે છે, છતાં ના હાર ખાધી છે.

પથે તે ચાલતાં, ઊંડા હૃદયભાવે **હરિ**ને મેં,
સ્તવી સ્તવીને, ઊંડો ઊંડો હૃદયપોકાર પાડ્યો છે.

હરિઃૐ

# ભલે તૂટી જવાતું હો છતાં નિશ્ચય મરણિયો છે

અનેકે વાર હાર્યો છું, પીછેહઠ પણ થયેલી છે,
પડેલું ભાગવું મારે બહુ વેળા થયેલું છે.

છતાં ત્યારેય જીતવાની કદી આશા ન છોડી છે,
બધી જીતવાની સામગ્રી કર્યાં કરી એકઠી શી તે !

હૃદય લડવાની તત્પરતા શી જુસ્સાભેર કીધી છે !
ફરી ફરી ગોઠવી વ્યૂહને બધું ત્યાં લક્ષ પ્રેર્યું છે.

બધાયે મોરચા જુદા જુદા શા યુદ્ધના જ્યાં છે !
નિહાળી, દક્ષતા ધારી, બધું ત્યાં ગોઠવેલું છે.

જીવનનો જીતવાકેરો મરણિયો દિલ નિશ્ચય જે,
ભલે તૂટી જવાતાંમાં ટકાવી તે રખાવે છે.

હરિઃૐ

## જીવનની સાધનામાં તો ચીલો હંમેશ નૂતન છે

નવો આરંભ કરવાને મથામણ બહુ પડેલી છે,
જીવનમાં તો નૂતન ચીલો શું અઘરો પાડવાનો તે !

ચીલે ચીલે બધાં ચાલે, ન ત્યાં મર્દાનગી પણ છે,
જીવનની સાધનામાં તો ચીલો હંમેશ નૂતન છે.

થયેલું એકનું એક જ શું સાધન નિત્યનું તે છે,
જતાં આગળ નૂતન નૂતન નવાં સાધન મળંતાં છે.

જૂનાને દિલ સંઘરવા જીવનની સાધના વિશે
-મમત્વ ના કશું પણ છે, નૂતન તે નિત્ય શોધે છે.

નવીન, મૌલિક સાધન કંઈ વિનાની જે જીવનની તે
-પૂરી ના સાધના ફળતી, ખરો ક્રમ સાધનાનો તે.

હરિઃૐ

## જીવનમાં લાગતાં લગની બધા પોબાર પાકા છે

જીવનનો નિત્ય અભ્યાસ ચૂક્યા ના કોઈ પણ રીતે,
બીજું પડતું મૂકી દઈ સૌ મહત્ત્વ ત્યાં જ દીધું છે.

ભલે કાર્યો પથે ભારે જીવનમાં આવી ચૂકિયાં છે,
છતાં ત્યારેય અભ્યાસ અમે રેઢો ન મૂક્યો છે.

સતત અભ્યાસની લગની હૃદય લાગી ચૂકેલી જે,
જીવનમાં તે પ્રમાણેનું બધું વર્તન કરાવ્યું છે.

સતત અભ્યાસને લીધે શી લગની એવી લાગી છે !
જીવનમાં લાગતાં લગની બધા પોબાર પાકા છે.

હરિઃૐ

# જીવનનું દોરડું ત્યારે શું મક્કમ પકડી રાખ્યું છે !

જીવનપથ આદરેલું જે કદી પડતું ન મૂક્યું છે,
ન તેનો તંત છોડ્યો છે, શું મજબૂત પકડી રાખ્યું છે !

કદીક ગજગ્રાહ ચાલ્યો છે, કદીક ખેંચાવું પડતું છે,
તણાઈ ત્યાં જવાતું છે, છતાં રહેવાનું મક્કમ છે.

શી ખેંચાખેંચી તે વેળા ભયંકર તો થયેલી છે !
શી બાજુ સામસામીથી બધી વપરાતી શક્તિ છે !

છતાં ત્યારેય મક્કમ રહી, મરણિયો ટેક ધારીને,
જીવનનું દોરડું ત્યારે શું મક્કમ પકડી રાખ્યું છે !

હરિઃૐ

## સતત ચઢતાં રહ્યા કરીને, ઢળાયું ત્યાં હરિપદમાં

જીવનના ધ્યેયને પંથે જહીં બઢવું થયેલું છે,
થવા સાકાર તે ધ્યેય પછી સાચું મથાયું છે.

શિખર જ્યાં એક પછી એક ચઢાતાં જ્યાં જવાયું છે,
ઊંચાં ઊંચાં બીજાં શિખર નજર ત્યારે શું આવ્યાં છે !

પછી જ્યારે શિખર એક થકી જ્યારે બીજે શિખર
-જવાનું તે થતાં, વચ્ચે ખીણોમાં ઊતરાયું છે.

ખીણોમાંથી શિખર ઊંચે ચઢી ચઢીને જવામાં તે,
પૂરો નીકળી ગયો દમ છે, ચઢી શ્વાસ ગયેલો છે.

ચઢેલો થાક ભારે છે, છતાં વિશ્રામ શોધ્યો ના,
સતત ચઢતાં રહ્યા કરીને, ઢળાયું ત્યાં **હરિ**પદમાં.

હરિઃૐ

# હરિને મોખરે રાખી હૃદય આરાધીએ એને

સતત બસ એકનું એક જ મનન ચિંતવન થતાં ઊંડે,
નૂતન આગળનો ત્યાં રસ્તો જણાઈ શો ગયેલો છે !

બઢાતું ત્યાં જતાં ઊંડું, લગની અગ્નિ થયેલી છે,
જીવનના માર્ગનું સ્પષ્ટ તહીં દર્શન થયેલું છે.

જીવનમાં યજ્ઞ માંડ્યો છે, **હરિ**ને આપવાકેરો,
વિના આપ્યા **હરિ**ને, દિલ કશો ના જંપ વળતો છે.

બધો તે આપવામાં શો હૃદય આનંદ જીવતો છે !
હૃદય આનંદમાંથી તે જીવનદર્શન થતાં રહે છે.

જીવનનાં શાં જુદાં જુદાં બધાં દર્શન થતાં રહે છે !
બધાં દર્શન થકી ન્યારો, જીવનનો માંહ્યલો શો તે !

મહત્ત્વે દિલમાં **એને** અમે શો ધારી ધારીને !
**હરિ**ને મોખરે રાખી હૃદય આરાધીએ **એને.**

હરિઃૐ

## તટસ્થ પૂર્ણ રહેવાતાં, કદીક તે શક્ય બનતું છે

જીવનને સર્વ બાજુથી નીરખવું તે ન સહેલું છે,
તટસ્થ પૂર્ણ રહેવાતાં, કદીક તે શક્ય બનતું છે.

જીવનનું પૃથક્કરણ જે તે બધી બાજુતણું ઊંડું
-કરી કરીને, પૂરું એને અમે ઠીકઠાક કીધું છે.

જીવનની નેમને સીધી શી દાંડી નાકની સામે
-ધરી ધરીને, અચળ પૂરી અડગ શી રાખી **હરિ**ચરણે !

**હરિ**નાં પદકમળને તો જીવનના હાર્દના કેંદ્રે
-શું પ્રસ્થાપિત કરી દઈને ! અમે પધરાવી દીધાં છે.

હરિઃૐ

# નિદિધ્યાસનની પ્રક્રિયા વડે શી ભક્તિ જાગી છે !

બહુ મથતાં, બહુ મથતાં, કંઈક સમજણ પડેલી છે,
પરંતુ યોગ્ય સમજાતાં, બહુ જ ત્યાં વાર લાગી છે.

સ્વીકારાત્મક ભૂમિકા જ્યાં નહોતી તે થયેલી છે,
ગળે ત્યાં સુધી ઊતરવું કદી શક્ય બને ના તે.

સ્મરણ ને પ્રાર્થના, કીર્તન, નિવેદન ને સમર્પણ જે
-નિદિધ્યાસનની પ્રક્રિયા વડે શી ભક્તિ જાગી છે !

હૃદયની ભક્તિ જાગંતાં, સ્વીકારાત્મક સ્થિતિ *જ્યાં છે,
**हरि**નો ભાવ સંપૂર્ણ ચુસાઈ ત્યાં જતો શો છે !

* સ્થિતિ = ભૂમિકાના અર્થમાં

હરિઃૐ

# લડત તે લાંબી શી લડતાં ! પદે અંતે ઠરાયું છે

જીવનપથમાં મને કેવા નડેલા અંતરાયો છે !
પરંતુ દૃષ્ટિ બદલાતાં ન તે તે રૂપ લાગ્યા છે.

ફળવવાને જીવનહેતુ મળે તે તે સ્વીકારીને
-જીવનધ્યેય ફળાવાને શું તે સામે મથાયું છે !

મથામણ હેતુપૂર્વક જે ફળવવા ધ્યેયના અર્થે
-થતું જે સભાનતાપૂર્વક શું માખણ તે થકી નીકળે !

જુદાં જુદાં ગહન સાધન પથે જે જે થયેલાં છે,
કદીક તેથી બિયાબાંમાં જવાયું આડફંટે છે.

મનાદિનાં વલણ પરથી તુરત ચેતી જવાયું છે,
લડત તે લાંબી શી લડતાં ! પદે અંતે ઠરાયું છે.

હરિઃૐ

## અનેકે વાર શીખીને જીવન સમજ્યો હું તે રીતે

અગન શૌ ઉગ્ર તલસાટ જીવનને સાધવા અર્થે
-હૃદય પ્રગટેલ છે તેને ! જીવનકેડી સુઝાડી છે.

સળંગાકાર એ રીતે જીવનમાં કેડીઓ મુજને,
કૃપાપુરુષાર્થના મેળે સૂઝ્યાં દિલમાં કરેલી છે.

કદીક કોઈક કેડીને વિશે ભરમાઈ જવાયું છે,
બહુ મથતાં ન નીકળાયું, બહુ બળ વાપરેલું છે.

જરૂર કળની પડે છે શી ! કદીક બળનાય કરતાં તે,
મથે એકાગ્ર સંપૂર્ણ મળે કળ શી બધી તેને !

અનુભવથી જીવનમાં શો નૂતન નૂતન શીખેલો જે !
અનેકે વાર શીખીને જીવન સમજ્યો હું તે રીતે.

હરિઃૐ

# ધસારાબંધ વહેવાનું પછીથી તો થયેલું છે

બધી સંપૂર્ણ ચોકસાઈ થકી સંભાળવાનું છે
-જીવનને સર્વ બાજુથી, જીવન વિકસાવવા કાજે.

પરંતુ કેટલીક વાર ડહાપણમાં કદીક કેવો
-પૂળો મૂકેલ છે ! જેથી ન યોગ્ય કંઈ સૂઝેલું છે.

છતાં ઊંડી શી જિજ્ઞાસા જીવનવિકાસને અર્થે
-હૃદયમાં બળી રહેલીયે મને ચેતાવી દીધો છે !

ધસારાબંધ પછી કેવો જીવનનો વેગ ઊમટ્યો છે !
ધસારાબંધ વહેવાનું પછીથી તો થયેલું છે.

હરિઃૐ

## શી ધગધગતી તમન્નાએ કરેલો શો મથાવ્યા ત્યાં !

જીવનની નીરખી બેહાલી હૃદય વ્યગ્ર થવાયું છે,
ઊંડા વિચારના વમળે ચઢી ત્યારે જવાયું છે.

યથાયોગ્ય પૂરેપૂરું થવા જીવન, ઊંડું ઊંડું
-હૃદયમંથન થયેલું છે, પછી જાગી જવાયું શું !

જીવનના અર્થ ને મર્મ શું પારખવા થયેલા તે !
જીવન ઘડવા પછી બુદ્ધિ પૂરી ખૂંપવા શી લાગી છે !

જીવનઆદર્શ સંપૂર્ણ થવા સાકાર હૈયામાં
-શી ધગધગતી તમન્નાએ કરેલો શો મથાવ્યા ત્યાં !

હરિઃૐ

## પછી જાગી, થઈ બેઠો, કસી કમર લડાયું છે

જીવનમાં ગડમથલ કેવી જુદી જુદી થયેલી છે !
થતાં તે ગડમથલમાં શી મથામણ દિલ થયેલી છે !

મથામણમાં ઊંડી ઊંડી કદીક શી વ્યગ્રતા થઈ છે !
જીવનમાં વ્યગ્રતાથી તો થવાયું બાવરું શું તે !

જીવન બેબાકળું ઉગ્ર થયું ત્યારે ખરેખર છે,
જીવનનું ચિત્ર સંપૂર્ણ થયેલું ધૂંધળું શું તે !

થયું દેખાતું જ્યાં બંધ, જીવનની સ્પષ્ટતા ગઈ છે,
શી વિહ્‌વળતા જ પ્રગટીને બધું અંધેર વ્યાપ્યું છે !

શું ઓચિંતું કૃપાદર્શન મને ત્યારે થયેલું છે !
પછી જાગી, થઈ બેઠો, કસી કમર લડાયું છે.

હરિ:ૐ

## રહસ્ય કંઈ ગહન, ગૂઢ જે અનુભવવા મતિ થઈ છે

જીવનમાં કેટલી કેવી થઈ ખાનાખરાબી છે !
હતો હું બેવકૂફ શો કે ન તેનું ભાન જાગ્યું છે !

રખડતાં પથ રખડતાંમાં બહુ ઠોકર શી ખાધી છે !
અને તે ઠોકરે કેવું કંઈક ડહાપણ જગાડ્યું છે !

ઊંડું ઊંડું વિચારાતાં મનાદિથી જીવન વિશે,
રહસ્ય કંઈ ગહન, ગૂઢ જે અનુભવવા મતિ થઈ છે.

મરણિયા દિલ મક્કમનું વલણ ભડભડતું સળગે છે,
વિના પામ્યા પરિણામ કદી પણ તે ન જંપે છે.

હરિઃૐ

## હૃદય ધક્કેલી ધક્કેલી શું પથ પર લાવી મૂક્યો છે !

જીવનમાં આડુંતેડું તો રખડવાનું થયેલું છે,
ગમે તેવું જ સ્વચ્છંદે બધે જ્યાં ત્યાં ભમાયું છે.

પડેલી લાત છાતી પર શી ઓચિંતી અકસ્માતે !
મને સમજણની ભૂમિકા પરે શો લાવી મૂક્યો છે !

પરંતુ જાગતાં દિલથી પરિશ્રમ શો થયેલો છે.
છતાં સૂઈ જવાનું તો વળી વળીને થયેલું છે.

પરંતુ દિલ જાગેલા ઊંડા ભાને સતત મુજને
–હૃદય ધક્કેલી ધક્કેલી શું પથ પર લાવી મૂક્યો છે !

હરિઃૐ

## રમત જીવનમાં ચાલીને શું અંતે તો જગાયું છે !

નિરાંતે સોડ તાણીને જનમભરનો સૂતેલો જે,
સતત ઘોર્યાં કર્યું તોયે ન ઊઠવાનું થયું દિલ છે.

કંઈક વાર જીવનમાં તો મને ઢંઢોળી ઢંઢોળી
-કરેલો જગાડવાનો તે પ્રયત્ન દિલ ઉમળકાથી.

કદીક આળસ હું મરડીને જરીક બેઠો થયેલો જે,
વળી આવી જતાં ઝોકું સૂવાનું તો બનેલું છે.

અનેકે વાર એ રીતે સૂવા ને જાગવાની તે
-રમત જીવનમાં ચાલીને, કૃપાથી શું જગાયું છે !
શું અંતે તો જગાયું છે !

હરિઃૐ

## મૂરખ, નાદાન આ કેવો શું ઓચિંતો જ ઝબક્યો છે !

કહીંના કહીં જીવન વિશે શું અથડાયા અમે તો શા !
કરેલા ચેનચાળા તે જીવનમાં જુદી રીતના શા !

કશી સમજણ વિના જ્યાં ત્યાં બધે માથાં શું માર્યાં છે !
બહુ વાગ્યું છતાં તોયે ન સમજણ કંઈ જ ઊગી છે.

પરંતુ જ્યાં કૃપા તારી ઊતરતાં **આ** જીવન વિશે,
મૂરખ, નાદાન **આ** કેવો શું ઓચિંતો જ ઝબક્યો છે !

પછી તો તે સ્મરણભક્તિ વિશે મશગૂલ થઈ થઈને
-**હરિ**માં માત્ર રાચીને, **હરિ**પદમાં ભળેલો છે.

હરિઃૐ

# લીધેલાં કર્મમાં લક્ષ પૂરું દેવા, મથાયું છે

લીધેલું ધ્યેયનું કર્મ કદી ના વીસરાયું છે,
પરોવાઈ રહેવાયું સતત તેથી લગાતારે.

સતત બસ એકની એક જ જીવનના ધ્યેયની ધૂને
-ચઢી જઈ, ત્યાં દિવસરાત્રિ સમય એમાં જ ગાળ્યો છે.

જીવનની બીજી પંચાતોની લમણાઝીક છોડીને,
લીધેલાં કર્મમાં લક્ષ પૂરું દેવા, મથાયું છે.

સતત બસ એકના એક જ મથામણના વિચારોમાં
-મળ્યું મળવાનું તે, દિલમાં લગાતાર રહેવાતાં.

હરિઃૐ

## તલસવાનો હૃદયમાંનો ઊંડો ઉન્માદ અદ્‌ભુત છે

નીરખવું એકનું એક જ, તલસવું એકને માટે,
તલસવાનો હૃદયમાંનો ઊંડો ઉન્માદ અદ્‌ભુત છે.

હૃદયઉન્માદને જોડી દીધો પુરુષાર્થની સાથે,
સતત એવી જહેમતમાં નૂતન શા **પ્રાણ** ફૂટયા છે !

જીવનનો યજ્ઞ એ રીતે સતત ચાલ્યા કરેલો જે,
હૃદયમાં ભાવનો પડઘો શું એણે ત્યાં પડાવ્યો છે !

ગરજની સભાનતા કેવાં ભગીરથ કર્મ જીવનમાં
-કરાવ્યાં શા કરી ! છેડો શું લાવી દે જ અંતરમાં !

હરિઃૐ

## સતત શું એકનું એક જ થયા ચિંતવન કરેલું છે !

તલપ લાગી હૃદય એણે ભૂરકી નાખી દીધેલી છે,
સતત શું એકનું એક જ થયા ચિંતવન કરેલું છે !

હૃદયથી એકનું એક જ સતત નીરખ્યા કરેલું છે,
અસર ભૂરકીતણી કેવી ચમત્કારિક, મૌલિક છે !

**हरि**નો કેટલો મોટો થયો ઉપકાર મુજ પર તે !
કયા તે શબ્દમાં એને કરું હું વ્યક્ત શી રીતે ?

હૃદયના ભાવને ઘૂંટવા દઈને લક્ષ તે વિશે,
સતત શો એકધારો મેં હૃદય ઘૂંટ્યા કરેલો જે !

હરિઃૐ

# હૃદયતલસાટથી એવા સૂઝ્યો આગળતણો માર્ગ

ઊંધીચત્તી શી અથડામણ જીવનમાં આવી આવીને,
શી અટવામણથી ગૂંચવાડો ઊભો એણે કરાવ્યો છે !

જીવનના ધ્યેયને માટે તલસતો તીવ્ર તલસાટ,
હૃદયતલસાટથી એવા સૂઝ્યો આગળતણો માર્ગ.

ભરાતાં ડગ ગયાં આગળ જીવનમાં જેમ જેમ જ તે,
જીવંતો આત્મવિશ્વાસ હૃદય પ્રગટી ગયેલો છે.

ઊંડું આગળ જતાં ઊંડું બઢાતું જ્યાં જવાયું છે,
થતા પુરુષાર્થમાં ત્યારે ચમકતા **પ્રાણ** પ્રગટ્યા છે.

હરિઃૐ

# બધું જોનાર જીવન તે, હજુ પ્રત્યક્ષ મોજૂદ છે

જીવનના ટેકનો કેવો શું અપરંપાર મહિમા છે !
જીવનના ટેકને લીધે હ્રદયમાં **પ્રાણ** સ્ફુરતા છે.

જીવંતો ટેક જીવનમાં ઊંડું ચેતન શું તે વિશે
-પરોવાવા, હ્રદય કેવાં ગહન સાધન થયેલાં છે !

જુદાં જુદાં ગહન, ગૂઢ થયાં જે સૂક્ષ્મ સાધન છે,
હકીકત તે બધાં સાધનતણી કથવી ન મંજૂર છે.

જીવંતો સર્વ ઇતિહાસ, જીવનમાં જે થયેલું છે,
બધું જોનાર જીવન તે, હજુ પ્રત્યક્ષ મોજૂદ છે.

હરિઃૐ

## ઊંડો જે નાદ લાગેલો, મને એણે ચગાવ્યો છે

જીવનનું ધ્યેય જાગ્યું જ્યાં સધાશે કે સધાશે ના,
કશા વિચાર તેવામાં પડી ત્યારે જવાયું ના.

સતત બસ એકનું એક જ મથ્યા કરવા વિશે હૃદયે
-ઊંડો જે નાદ લાગેલો, મને **એણે** ચગાવ્યો છે.

ચગાવીને ચગાવીને ગગન ગમ લક્ષ્ય ધારીને,
સતત ત્યાં ઊડવા પાંખો શું ફફડાવ્યાં કરેલી છે !

કદીક ચક્કર શું ખાઈને ગગનથી સાવ નીચે જે,
કદીક ગબડી પડાયું છે, તહીં **હરિ**ને સ્તવેલો છે.

હરિઃૐ

## બધું કર્મ કરાવીને, પછી વિરામ શોધ્યો છે

સદા તત્પર અને તત્પર રહેવાનું ખડે પગ છે,
જીવનના સાધનાપથમાં, સતત મંડ્યા કરી કરીને,

કશી ચૂક તે વિશે મેં તો કદી પડવા ન દીધી છે,
સતત શો ચેતતો રહીને થયેલો એકલક્ષી જે !

સતત તત્પર રહેવાથી જીવનમાં હોશિયારીને
-જીવંતી પૂર્ણ પ્રત્યક્ષ, હૃદય સાકાર કીધી છે.

પછી તે હોશિયારીથી જીવનની સાધનાનું જે
-બધું કર્મ કરાવીને, પછી વિરામ શોધ્યો છે.

હરિઃૐ

# જરૂરી જેટલું લાગ્યું બધું તે તે કથેલું છે

જીવનમાં કંઈક અથડામણ નૂતન નૂતન ઊભી થઈ છે,
વિચારાતાં, ઊભો રહીને તહીં માથું ચલાવ્યું છે.

ઊંડે દિલ ઊતરાતાંમાં નવું દર્શન થયેલું જે,
નવાં ડગલાં ભરાવાને હૃદય શી સ્પષ્ટતા થઈ છે !

જવું આગળ કઈ રીતે સહજમેળે જણાયું છે,
પછી ડગ ત્યાં ભરાઈને જીવન વહેતું થયેલું જે.

જીવનમાં ડગ ભર્યાની તે બધી હકીકત સ્મરણમાં છે,
સૂઝી છે એટલી તેનો અહીં ઉલ્લેખ કીધો છે.

ઝીણું ઝીણું બહુ કાંત્યાંતણો તો અર્થ કંઈ ના છે,
જરૂરી જેટલું લાગ્યું બધું તે તે કથેલું છે.

હરિઃૐ

## જીવનની વાસ્તવિકતાની, ખરી ચીતરી હકીકત તે

કદીક શો ભૂસકો ઊંડો અજાણ્યામાં જ મારીને
-પડેલાં ખેલવાં મારે, જીવનમાં કંઈક જોખમને.

પથે ક્યારેક જીવનમાં લઈ બથ ગુણસાહસને
-પસાર આગમાંથી તો થવું મારે પડેલું છે.

ભયંકર ભલભલા છો હો ભલે સંગ્રામ ભારે તે,
પરંતુ સામનો કરતાં, ન થડકી છાતી મારી તે.

જવાંમર્દીતણો રંગ *ખરો ત્યારે જ જામ્યો છે,
ત્યહીં મર્દાનગીને પણ, નૂતન શી પાંખ ફૂટી છે !

ચઢીને કલ્પનાપાંખે વધુ પડતું લખ્યું ના છે,
જીવનની વાસ્તવિકતાની, ખરી ચીતરી હકીકત તે.

---

* ખરો પુરબહાર ખીલ્યો છે !

હરિઃૐ

## જીવનના ઊર્ધ્વને છેડે હરિશક્તિનું દર્શન છે

મથામણ પણ જુદું જુદું, જુદી જુદી ભૂમિકામાં,
સમજના પણ પ્રકારો શા બધા એકમેકથી નોખા !

જીવનમાં ઊર્ધ્વ પંથે જ્યાં ચઢાતું ત્યાં જવાતું છે,
હૃદયબળ કેવું એકાગ્ર થઈ, તેજસ્વી બનતું છે !

જીવનની ઊર્ધ્વની શક્તિ પરાક્રમી પાર વિનાની,
જવાતાં આગળે તેથી છતી થતી દિવ્ય શી શક્તિ !

જીવનમાં શક્તિકેરાયે જુદા જુદા પ્રકારો છે,
જીવનના ઊર્ધ્વને છેડે **હરિ**શક્તિનું દર્શન છે.

હરિઃૐ

## હરિમાં દિલ જેનું છે, હરિ તેને બધી રીતે સાચવી લે

પ્રમાણિકતાથી જીવનમાં મથ્યા ભાવે કરેલું છે,
છતાં ભૂલો પડેલો છું, શું ખચકાવું પડેલું છે !

છતાં ત્યાંયે હું અટકીને નથી થોભ્યો કદી પંથે,
**હરિ**ને કરગરી વીનવ્યો નૂતન સુઝાડવાને તે.

પ્રકાશ આથડેલાને અનેકે વાર પાડ્યો છે,
જીવનમાં એ રીતે મુજને કૃપાથી તારવેલો છે.

**હરિ**માં ભાવ જેનો છે, **હરિ**માં દિલ જેનું છે,
ભુલાતાં પથ, **હરિ** તેને બધી રીત સાચવી લે છે.

હરિઃૐ

## નયનપટ શાં બધાં તેનાં હરિ ઊલટાવી નાખે છે

જીવનમાં સાચી રીતે દિલ મથાતું હોય છે જ્યારે,
ભૂલું છોને પડાતું હો છતાં યોગ્ય સૂઝે તેને.

જીવનમાં કેડીઓ કંઈક જુદી જુદી શી આવે છે !
ખરે તેમાંની તો કંઈક ભયંકર, બિહામણી શી છે !

પરંતુ જેનું દિલ **હરિ**માં હૃદય ભાવે રમંતું છે,
નયનપટ શાં બધાં તેનાં **હરિ** ઉલટાવી નાખે છે !

હૃદય સદ્‌ભાવ, નિષ્ઠાથી મથે છે જે જીવન વિશે,
કદી વિનાશ તેનો ના, સદા કલ્યાણ તેનું છે.

હરિઃૐ

## જીવનપથ ચાલતાં અંતે હરિપદમાં ઢળાયું છે

પથે આરામ કરવાને કદી બેસી પડ્યો ના છું,
મને લાગેલ શો રસ છે ! શું ઠામે પહોંચવાકેરો !

સતત ચાલ્યા જ કરવાનો જીવનમાં યજ્ઞ મંડાયો,
ભૂલેચૂકે થતાં દોષ ઊંડો હું દિલ પસ્તાયો.

હૃદય લાગેલ લગનીની હતી ધૂન જે ફરી પાછો,
ચઢાયું પથ અને કેવો મળ્યો પાછળથી હડસેલો !

અનેકે વાર હડસેલા જીવનમાં તો મળેલા છે,
સતત બસ ધૂન ને ધૂનમાં પથે દોડી ધપાયું છે.

જીવનપથ ચાલતાં અંતે **હરિ**પદમાં ઢળાયું છે,
**હરિ**એ અંક લઈ મુજને પૂરી નિરાંત બક્ષી છે.

હરિ:ૐ

## થતું કલ્યાણ અર્થે જે, વિનાશ ના થવાનું તે

જીવનમાં જ્યોત ચેતનની મથ્યો સળગાવવાને તે,
શું વાવંટોળ ત્યારે શા જીવનમાં તો ચઢેલા છે !

જરીક સળગેલ છે તેને બધું ઓલવી જ નાખ્યું છે,
ફરી પાછો મથેલો શો હૃદય ચેતાવવાને તે !

**हरि** પ્રત્યેનું મથવાનું કૃપાથી જે થયેલું છે,
મથામણ તેતણી ક્યાંયે ભૂંસાઈ કંઈ જતી ના છે.

જીવનકલ્યાણને અર્થે થયું સદ્‌ભાવથી કૈં જે,
વિનાશ તેતણો સહેજે જીવનમાં ના થવાનો છે.

હરિઃૐ

# શું અફળાયાં ફરી ફરીને હરિપદમાં ઢળેલાં છે

ઊંઘ્યાં ઘોર જ કર્યાં કીધું બધું અજ્ઞાનને લીધે,
'હતું અજ્ઞાન', તે એવું નહોતું ભાન તે સમયે.

મનાદિમાં થઈ તેથી અશાંતિ ખૂબ ભારે જે,
અજંપો, ક્લેશ પ્રગટીને મનાદિને અફાળ્યાં છે.

શું અફળાયાં ફરી ફરીને મનાદી તે વિશે પંથે !
પછી અફળાઈને કેવાં **હરિ**પદમાં વળેલાં છે !

સ્મરણમાં ને સ્તવન પાછાં ભજન કીર્તન વિશે શાં જે,
થઈ શાં ઓતપ્રોત જ તે, **હરિ**પદમાં ઢળેલાં છે !

હરિઃૐ

## હૃદયશ્રદ્ધાના મેરુની શું આગળ, બુદ્ધિ ઠિંગુ છે

બધી બુદ્ધિની સમજણથી 'જિગર' શું જોરદાર જ છે !
જિગર વિના કશું જોમ ન દાખવી કૈં શકાતું છે.

જિગર **આ** તેજનો દરિયો, અજબ મર્દાનગી પ્રેરે,
બધું અજવાળું ફેલાવી નવાં દર્શન કરાવે છે.

ઊંચેરો દિલઆનંદ અનુભવતાં ખરેખર તે,
બધીયે **જીવ**દશા વૃત્તિ ખરી પડતી જણાયે છે.

શી પ્રત્યેક ભૂમિકાની જુદી જુદી શી શ્રદ્ધા છે !
હૃદયશ્રદ્ધાના મેરુની શું આગળ, બુદ્ધિ ઠિંગુ છે !

હરિઃૐ

# ચલાવીને, ચલાવીને પછી પદ ઠામ પાડ્યો છે

જુદા જુદા નશા કેવા ખરેખર **જીવદશા** વિશે !
નશાનું ઘેન જીવનમાં ચઢી ત્યારે ગયેલું છે.

નશાની ઘેલછા કેવી ! નર્યું ત્યાં ગાંડપણ જીવને
-ભયંકર વ્યાપીને, કેવો મને બેફામ બનવ્યો છે !

કઈ રીત જીવવું તેનું કશું ના સ્પષ્ટ દર્શન તે
-મને ત્યારે થયેલું ના, હતી જે દુર્દશા શી તે !

કરુણાળુ ! કૃપા કિંતુ પ્રભુ તારી અપાર જ છે,
**हरि** તારા ફિરસ્તાએ મને આવી જગાડ્યો છે.

જગાડીને, કરી બેઠો, મને કમર કસાવીને,
ચલાવીને, ચલાવીને, પછી પદ ઠામ પાડ્યો છે.

હરિઃૐ

## હૃદય લાગ્યો ઊંડો રસ જે, બધું પરિણામ તેનું છે

કશી એલફેલ વાતોમાં કશો રસ ના લીધેલો છે,
જીવનમાં આડુંતેડું ના ભૂલેચૂકે જવાયું છે.

અકસ્માતે કદીક એવું થતાં, ચોંકી ઊઠેલો જે,
સફાળો એકદમ જાગી થઈ સાવધ ગયો ત્યારે.

ફરી ફરી જાગવાનું તે થયેલું છે જીવન વિશે,
પરંપરા થકી એવી, જીવન પંથે પડાયું છે.

પછીથી ટોકવાનું તો કદી પણ ના થયેલું છે,
હૃદય લાગ્યો ઊંડો રસ જે, બધું પરિણામ તેનું છે.

હરિઃૐ

# સમન્વય ને સમાધાન પ્રસાદીરૂપ નીવડ્યાં તે

મને જેણે કહ્યો જેવો, મૂંગે મોઢે સહી લઈને,
સ્વીકારી તે લઈ લઈને બધું અપનાવી લીધું છે.

મને અડબોથ ને ભોટ કહેલો કેટલાકે છે,
પરંતુ સામનો તેનો કદી પણ ના કરેલો છે.

જીવનની વાસ્તવિકતાનો હૃદય સ્વીકાર કીધો છે,
સુમેળ જ સાધવા તેનો જીવનપથમાં મથાયું છે

સમન્વય ને સમાધાન બહુ રીતનાં જીવન વિશે
-કૃપાથી શાં સધાયાં જે ! પ્રસાદીરૂપ નીવડ્યાં તે.

હરિઃૐ

## જીવનમાં તેથી નિશ્ચયને મહત્ત્વ દિલથી દીધું છે

બધી ક્ષુલ્લક નજર, ક્ષુલ્લક બધી વિચારણાઓ જે,
ફળવવા ધ્યેયનો નિશ્ચય થતાં, ઊડી ગયેલું તે.

જીવનના ધ્યેયનો નિશ્ચય થતો પાકો ગયેલો છે,
તહીં છીછરાપણું મનનું બધું પરવારી ચૂક્યું છે.

પછી પાજીપણું પણ ના રહેવા સ્થાન પામ્યું છે,
બધુંયે આડુંઅવળું તે યથાયોગ્ય થતું ગયું છે.

જીવન નિશ્ચયતણા મંદિર વિશે વસતો **હરિ** શો તે !
જીવનમાં તેથી નિશ્ચયને મહત્ત્વ દિલથી દીધું છે.

હરિઃૐ

## હૃદયની ધારણામાંથી, હરિની સભાનતા ઊગે

સતત અભ્યાસ જેનો છે, ધબકતું દિલ જેનું છે,
નર્યો ઉત્સાહ ભરપૂર છે, વળી શું ખંત ઉદ્યમ છે !

સતત અભ્યાસમાંથી શી જીવંતી ધારણા વહે છે !
ફળવવા ધ્યેયનો હેતુ શું થનગનતું હૃદય ત્યાં છે !

જવા હોમાઈ સંપૂર્ણ જીવનના યજ્ઞ વિશે તે,
તલસતી તીવ્ર તત્પરતા શી હાડોહાડ વ્યાપે છે !

હૃદય તેજસ્વી પ્રગટેલી જીવંતી ચેતનાત્મક તે
-હૃદયની ધારણામાંથી, **હરિ**ની સભાનતા ઊગે.

હરિ:ૐ

## થવા સુમેળ સંપૂર્ણ હૃદય પડકાર ઝીલ્યો છે

ગહન, સૂક્ષ્મ અને ઊર્ધ્વ સમસ્યાઓ જીવન વિશે
-પ્રગટી, પ્રગટી, ભયંકર શો મને પડકાર ફેંક્યો છે !

જીવનની સમગ્રતા જેવું ઊંડું ચિંતવન થયેલું જે,
જીવન તેવા વિશે કંઈક થયું સાકાર દર્શન છે.

સમસ્યાઓતણો કેવો જીવનઆદર્શ સાથે જે
-થવા સુમેળ સંપૂર્ણ હૃદય પડકાર ઝીલ્યો છે !

જીવનધ્યેય ઘડાવાને હૃદયના તીવ્ર તલસાટે,
ગૂંચો, પ્રશ્નો, સમસ્યાઓતણો ઉકેલ શોધ્યો છે.

હરિઃૐ

## ગણતરી પાકી કરવાનો સ્વભાવ જ શો અમારો તે

મળેલાં કર્મની ચારે તરફ ગણના કરી કરીને,
ગણતરી પાકી કરવાનો સ્વભાવ જ શો અમારો તે !

મળેલાં કર્મ પ્રત્યેની બધી ચોકસાઈ કરવાનો
બધુંયે તોળી તોળીને સ્વભાવ જ શો નીરખવાનો !

બધાં પાસાં વિશે ઊંડું, ઊંડું વિચારવાનો તે
-ઝીણું ઝીણું પીંજવાકેરો સ્વભાવ જ શો અમારો તે !

'પરંતુ સાધનામાર્ગે જતાં, અડચણ સમો શો તે !'
ગળે ઊતરી જતાં, તેથી થવા મુક્ત મથાયું છે.

હરિઃૐ

## થયેલા સાધનાભ્યાસે જીવનશિક્ષા મળેલી છે

જીવનમાં કંઈક ઉત્પાતો પ્રગટી પ્રગટી જીવનને તે,
બધું ફંગોળી દેવાને ભયંકર શા મથેલા જે !

પરંતુ 'તટસ્થતા કેવી જીવનમાં કેળવાઈ છે !'
પરીક્ષા તે થવા કાજે કૃપાથી સૌ મળેલું તે.

જીવનમાં જાગૃતિ તેવી જીવંતી રાખવા કાજે,
થયેલા સાધનાભ્યાસે જીવનશિક્ષા મળેલી છે.

મળેલા સૌ પ્રસંગોમાં તટસ્થ દિલ રહેવાને,
મથાયું તેતણું રૂડું, હાવાં તો ફળ મળેલું છે.

હરિઃૐ

## લગાતાર મને एणे સતત એમાં પરોવ્યો છે

થતાં એકાગ્ર એકાગ્ર સતત બસ સાધના વિશે,
બધુંયે **જીવ**દશાકેરું વલણ બદલાતું ચાલ્યું છે.

જીવનમાં ધૂન અદ્‌ભુત સ્મરણની લાગી'તી હૃદયે,
લગાતાર મને **एणे** સતત એમાં પરોવ્યો છે.

સતત બસ ધૂનમાં ઊંડું રહેવાતાં, જિવાતાં તે,
વલણ **જીવ**વૃત્તિનું ઊઠતાં ન તેનું જોર ચાલે છે.

જીવનના ધ્યેયનો વેગ સતત ઊર્ધ્વ પ્રમાણે તે
-રહેવાતાં ક્રિયામાં જે શો ઝડપીલો બઢેલો છે !

હરિ:ૐ

## જીવંતો આત્મવિશ્વાસ પછી તેવો પ્રગટતો છે

કૃપાથી સાધનાભ્યાસે ટકાતાં ને રહેવાતાં,
સતત શી એકની એક જ ધૂને રહેવાનું બનતું ત્યાં.

હૃદયમાં તટસ્થતા ત્યારે જીવંતી કેળવાતી છે,
પછી **જીવ**વૃત્તિ જે ઊઠતાં નકારી તે શકાયે છે.

જહીં ઈન્કાર કરવામાં ફવાતું જ્યાં જવાતું છે,
જીવંતો આત્મવિશ્વાસ પછી તેવો પ્રગટતો છે.

લગની ઉત્કટમાં ઉત્કટ જ્યાં અગનજ્વાળા સમી દિલ છે,
ગમે તેવું જ ટકરાતાં ખડક સમ ત્યાં ટકાતું છે.

હરિઃૐ

## હૃદયના આંતરિક બળને મથેલો શો હું કેળવવા !

બધીયે **જીવ**વૃત્તિનો ખરેખર સામનો કરવા,
હૃદયના આંતરિક બળને મથેલો શો હું કેળવવા !

ઊગેલાં સાધનો વિશે મથી મથીને, ચહી ચહીને,
લગાતાર સતત રહેવા મથ્યા કરવાનું કીધું છે.

ચઢાતાં ઊર્ધ્વની ધૂને હૃદયરસ ઊર્ધ્વ જીવનનો
-મથાવાતાં લગાતાર ખરેખર દિલ પ્રગટેલો.

પછીથી લાગતાં રસ જ્યાં વળાયું રસ પરત્વે તે,
બધુંયે **જીવ**પણું મૂળગું રસાતું રસ વિશે ત્યારે.

હરિઃૐ

## હૃદય એણે ફરી ફરીને કંઈક વાર જગાડ્યો છે

જીવન શી અટપટી ચાલ કદીક આવી પડેલી છે !
અવળચંડી રીતે કેવો પડેલો ભેરવાઈ જે !

ફસાયેલો પૂરેપૂરો, ભરાઈ શો પડેલો તે !
થતું મુજથી કરી કરી સૌ મથાયું છે છટકવાને.

પરંતુ ભીંસ જે સજ્જડ શી અજગર પેઠ કંઈ મુજને
-બધી ગમથી ભીંસાયેલી ન છોડાઈ છૂટે કેમે !

છતાં જે સાધનાભ્યાસે ઊગેલી જાગૃતિ કંઈ જે,
હૃદય એણે ફરી ફરીને કંઈક વાર જગાડ્યો છે.

હરિઃૐ

## જીવનમાં જીતવા કરતાં અનુભવવું જ ઝંખ્યું છે

જીવનમાં જીતવા કરતાં અનુભવવું જ ઝંખ્યું છે,
જીવનમાં જય મળેલો જે અનુભવ અર્થ કિંતુ તે.

જીવનમાં હાર ને જીતની પરંપરા મળેલી છે,
ઉભયમાંથી અનુભવનું જીવનશિક્ષણ મળેલું છે.

શું ઉત્તરોત્તર રીતે તે અનુભવ ઊર્ધ્વના ક્ષેત્રે
-જતાં આગળ, વળી પાછું ઊંડે ખીણમાં પડાયું છે.

પરંતુ જવાયું છે જાગી કૃપાના માત્ર ઈશારે,
ઝપાટાભેર ચપોચપ શું ઉપર આવી જવાયું છે !

હરિઃૐ

## ન મૃત્યુ કે ન જન્મ જ છે, તહીં ઠરવાનું પદમાં છે

ચઢી ચઢીને ઉપર, પાછું નીચે પડવાનું આવ્યું છે,
સહજ કુદરતતણો ક્રમ તે કૂદી મારે જવાનું છે.

જવાનું, આવવાનું તે ઉભયમાંથી ન એકે જ્યાં,
ન મૃત્યુ કે ન જન્મ જ છે, તહીં ઠરવાનું પદમાં છે.


પ્રકાશ જ ના, ન અંધકાર, સહજ એવો પ્રદેશ જ જે,
જીવનનાં બેસણાં કેવાં અમારાં ત્યાં થવાનાં છે !

હૃદયમાં ધારી તે નિશ્ચય અમે નીકળી પડેલા જે,
અનુભવીને જ પરિણામ વિરમશું દિલ ત્યાં અંતે.

હરિઃૐ

# ખંડ - ૭

# સાધનાપથની
# વિવિધ તપસ્યા



જીવનમાં ખેલદિલીએ ઊંડો વિવેક જગવીને,
સમજ, દષ્ટિ નૂતન બક્ષી, જીવનને ઓપ આપ્યો છે.

હરિ:ૐ

## જીવનનું સમતુલન કરવા ત્યહીં મુજથી મથાયું છે

જીવનના સાધનાપથના સ્મૃતિ તર્પણના અવશેષો
-રજૂ કરતી પળે કેવી ઊંડી ઊંડી લાગણી થઈ સૌ !

શું ઝંઝાવાતની વસમી થપાટો કંઈક ખાધી છે !
છતાં ઈતિહાસને તેવા અહીં સાકાર કીધો છે.

જીવનમાં કેટલીક વાર પલીતો દિલ ચંપાયો,
ઉછાળો ચોંકી ઊઠીને મરાયો મુજથી કેવો !

જીવનનું સમતુલન કરવા કૃપાથી યત્ન કીધા છે,
જીવનધોકાથી ઊગરવા ત્યહીં મુજથી મથાયું છે.

હરિ:ૐ

## જીવનની લેણ ને દેણ હરિ સંગાથે સઘળી છે

**હરિ**ની સભાનતા વિશે અમારે જીવવાનું છે,
**હરિ** વિનાનું અસ્તિત્વ ન ક્યાંયે કોઈ બ્રહ્માંડે.

**હરિ**ની સાથ જીવનમાં અમે લગ્ન કરેલાં છે,
*શરીરનાં લગ્નના સમયે, **હરિ** સાથે જ શાં લગ્ને !

જીવનના સર્વ વ્યવહારે **હરિ**ને ચિંતવેલા છે,
**હરિ** વિના બીજું ચિંતવન જરા સરખું ન રુચતું છે.

બધો સંસાર વ્યવહાર અમારો શો **હરિ** સાથે !
જીવનની લેણ ને દેણ **હરિ** સંગાથે સઘળી છે.

---

* પૂજ્ય શ્રીમોટાના શરીરનાં લગ્ન વખતે તેઓ સમાધિની સ્થિતિમાં હતા, તેના સાક્ષી આજે પણ હયાત છે. - સંપાદક

હરિઃૐ

## થવાતાં એકરસ જ્યારે, થતી રહે શી સહજમેળે !

જીવનનું ધ્યેય આધારે પ્રતિષ્ઠિત જ્યાં થતું રહે છે,
સમન્વય શો બધો ત્યારે કૃપાથી દિલ થતો રહે છે !

જીવનના ધ્યેયથી ઊંધું જીવનમાં જ્યાં પ્રગટતું છે,
પૂરો ત્યાં સાથ-સહકાર ન દેવાનું જ બનતું છે.

બધીયે **જીવ**વૃત્તિનું ઊગી ઊગીને વિસર્જન તે
-મળંતાં આવકાર જ ના, સહજમેળે થતું રહે છે.

ખરેખરી શુદ્ધિ જીવનની, થતાં સાધન વિશે લગ્ન
-થવાતાં એકરસ જ્યારે, થતી રહે શી સહજમેળે !

હરિ:ૐ

## સમજ, દૃષ્ટિ નૂતન બક્ષી, જીવનને ઓપ આપ્યો છે

જીવનમાં ખેલદિલીએ નવો પ્રકાશ પાડીને,
સહિષ્ણુતા મનાદિની ખરેખર કેળવેલી છે.

બધાં સંપૂર્ણ સંકુચિત મનાદિ જે હતાં તેને,
કળાથી સૂક્ષ્મ સંકોરી થતાં ઉદાર શીખવ્યું છે.

જીવનમાં ખેલદિલીએ ઊંડો વિવેક જગવીને,
સમજ, દૃષ્ટિ નૂતન બક્ષી, જીવનને ઓપ આપ્યો છે.

પછીથી ખેલદિલી શી નિરંતર તે ટકેલી છે!
જીવંતી નિત્ય સક્રિય કૃપાથી તે રહેલી છે.

જીવનનો ભાગ સંપૂર્ણ ખરેખર તે બની જઈને,
જૂના જીવનના ચીલાને પૂરો બદલાવી નાખ્યો છે.

હરિઃૐ

## પથે આગળ મને એણે ખસેડ્યા શો કરેલો છે !

ધમાચકડી બહુવિધની જીવનમાં શી મચેલી જે !
મનાદિ તે સમય કેવાં થયેલાં વ્યગ્ર તે વિશે !

હૃદય નિશ્ચય મરણિયો જે જીવનનું ધ્યેય વરવાને,
પથે આગળ મને એણે ખસેડ્યા શો કરેલો છે !

જીવનપથ ઊર્ધ્વમાં આગળ જવાનું જ્યાં થયેલું છે,
હૃદયનો મૂળ નિશ્ચય, તે થયેલો ચેતનાત્મક છે.

સતત તેથી સહજ રીતે સૂરજ જીવનનો ઊગીને
-પ્રકાશ જ પાડતો રહીને, જીવન આખું દીપાવ્યું છે.

હરિઃૐ

## હરિના ભક્ત એવાને જીવનમાં રસ ખરેખર છે

પૂરો ઉસ્તાદ સંપૂર્ણ જીવન જે જે વિશે છે જ્યાં,
કશાથી કંઈક અથડાતાં બગડતાં વાર એને ના.

છતાં ત્યારેય નિજ વિષયે પૂરો ગુલતાન શો રહે છે !
મનાદિથી નૂતન સર્જન કર્યાં કરતો રહે છે તે.

ન આભડછેટ એને છે, ન કજિયો કોઈ સાથે છે,
ન ક્લેશ કોઈ પણ સાથે, **હરિ**નો ભક્ત એવો તે.

મનાદિમાં પૂરેપૂરો **હરિ** જેને જીવંતો છે,
**હરિ**ના ભક્ત એવાને જીવનમાં રસ ખરેખર છે.

*થતાં રસભંગ એવો શો તરત તે ચડભડી ઊઠતો !
છતાં નિજ રંગથી પાછો કદી જુદો ન તે બનતો.

---

* થવું રસભંગ એવું તે ઉપરછલ્લું જ એનું છે.

હરિઃૐ

## ભૂમિકા ઊર્ધ્વના જંગ, શું કલ્પનાતીત કેવા છે !

જીવનના ઊર્ધ્વના ક્ષેત્રે જવાતાં સૂક્ષ્મમાં ઊંડે,
ભૂમિકા કોઈકમાં ત્યારે મહાસંગ્રામ આવે છે.

કરંતાં સામનો તેનો ત્યહીં મર્દાનગી ખૂટે,
જીવનના સાધનાક્ષેત્રે સતત સંગ્રામ સાથે છે.

જવાતાં ઊર્ધ્વમાં, તેજ થતી મર્દાનગી પોતે,
તહીં તે સૂક્ષ્મની શક્તિ શી અપરંપાર પોતે છે !

છતાં સંગ્રામમાં ત્યારે પડે છે તેય ટૂંકી તે,
ભયંકર જંગ શા નિત્યે સતત બસ ખેલવાના છે !

ભૂમિકા ઊર્ધ્વના જંગ, શું કલ્પનાતીત કેવા છે !
ગતાગમ ત્યાં પડે તેમાં વિના અનુભવ ન કોઈને.

હરિઃૐ

# પ્રતિષ્ઠા દિલ પામીને જીવન તેજસ્વી બનવ્યું છે

જીવનમાં કેટલી વાર ભુલાયું છે, ભુલાયું છે.
છતાં શરણે ઢળેલાની બહુ સંભાળ લીધી તેં.

બહુ વેળા પ્રભુ મુજને કૃપાથી સ્વચ્છ કીધો તેં,
છતાં કેવાં મનાદિ તે કદીક રખડી પડેલાં છે !

પરંતુ દિલમાં તેં તો હૃદયબળ પ્રેરવેલું જે,
ખરું તે કાળ ઉપયોગી શું પ્રગટી કામ આવ્યું છે !

જીવન એવા પ્રયોગોથી **हरि** કેવો જીવન વિશે
-પ્રતિષ્ઠા દિલ પામીને જીવન તેજસ્વી બનવ્યું છે !

હરિઃૐ

# નડંતાં ઉગ્ર અવરોધો કંઈક સંગ્રામ ખેલ્યા છે

જુદી જુદી ભૂમિકામાં જતાં આગળ શું અધવચ્ચે
-નડંતાં ઉગ્ર અવરોધો કંઈક સંગ્રામ ખેલ્યા છે.

ન ખેલ્યા છે, પરંતુ તે શું ખેલાયા કૃપાથી જે !
'કૃપાશક્તિ શી બળવત્તર', અનુભવથી જણાયું છે.

'જીવનમાં સિલસિલાબંધ' અનુભવ તે પ્રકારે જે
-થયેલાથી પ્રગટ, તેથી પ્રતીતિ દિલ બેઠી છે.

જીવન તેથી **हरि** પરનો મદાર તો બધી રીતનો
-ધરાવાનું શિખાયું છે, હૃદયથી જ્ઞાનપૂર્વકનો.*

* તા. ૨૭-૧-૧૯૭૪ની મધરાતના દમના ભારે હુમલા વખતે લખાયેલું.

હરિઃૐ

# મનન ચિંતવન વિશે ભાવે પરોવાવા મથાયું છે

પરંપરા વિચારોની વિશે અટવાઈ જવાનું તે
-બનતું હોવાથી ઉદ્વેગે ઊંડું મંથન થયેલું છે.

પ્રકૃતિથી ઊંચા એવા સ્તરે ઊંડું મનાદિને
-મનન ચિંતવન વિશે ભાવે પરોવાવા મથાયું છે.

જીવનના ધ્યેયને વિશે લગની લાગેલ જે ભારે,
મને એણે જ ધક્કેલી ટકોરી કામ લીધું છે.

મનાદિ તેથી દ્વંદ્વાદિક વિશે વિચારતાં અટકી,
**हरि** ચિંતવનની ભક્તિમાં પરોવાયાં કૃપાથી શી !

હરિ:ૐ

## કૃપાથી સ્મરણ અભ્યાસ થયેલું પાડવાનું ત્યાં

ભ્રમણકક્ષા જીવનની તો જુદા જુદા તબક્કામાં,
જુદી જુદી રહેલી તે મળેલી જાણવા શી ત્યાં !

પરસ્પર એકબીજાનો કશો ના મેળ સાથે છે,
જુદા જુદા તરંગોની પ્રમાણેનું જ વર્તન તે.

પરસ્પર તે વિશે ક્યાંયે કશી ના એકરાગિતા,
ઊંડું ઘમસાણ જાગે છે, ખરું તેથી મનાદિમાં.

શું વારંવાર એવાં તે થતાં ઘર્ષણ રહેવાથી
-અજંપાનો ઊંડો ઊંડો વધ્યો પરિવાર શું ચિત્તમાં !

જવાયું તેથી અકળાઈ, થવાને શાંતિ કંઈ દિલમાં,
કૃપાથી સ્મરણ અભ્યાસ થયેલું પાડવાનું ત્યાં.

હરિ:ૐ

## સ્મરણ તારું જપાવીને શરણ ચરણે ઢળાવ્યો છે

જીવનમાં કંઈક તુક્કાઓ ઊઠી ઊઠીને મને ક્યાંયે
-અહીંથી તહીં ભગાડ્યો છે, કહીંનો કહીં ઉરાડ્યો છે.

'ગમે ત્યાં ભાગતાં, ફરતાં કશું ના હાથ લાગ્યું છે',
જીવનમાં તે પૂરેપૂરું ગળે ઊતરી ગયેલું છે.

**હરિ** તુજ ઓલિયાએ કોઈ ગ્રહી મુજ કર પથે ત્યારે,
સ્મરણ તારું જપાવીને શરણ ચરણે ઢળાવ્યો છે.

પ્રકૃતિના, મનાદિના બધા જે સર્વ ધર્મો છે,
**હરિ**ની ભક્તિમાં પીગળી જતાં, શરણાગતિ શી તે !

હરિઃૐ

## બધું ચાલ્યા કરે છે જે, ખરું તે કોની શક્તિએ ?

ઊંડું અંતર છુપાયેલું વળી જે સૂક્ષ્મથી પણ છે
–અતિ સૂક્ષ્મ, ગહન કેવું ! ન બુદ્ધિથી જ સમજાયે.

છતાં પણ કલ્પનામાં તે કશું ના આવી શકતું છે,
છતાં પણ તત્ત્વ એવું કોઈ ખરેખર વર્તમાન જ છે.

જીવનની હાલની સ્થિતિ વિશે વિચાર કરતાં તે,
બધું ચાલ્યા કરે છે જે, ખરું તે કોની શક્તિએ ?

શું સંચાલન કરે છે જે શરીરનાં સર્વ કરણોને,
યથાવત્ જે રખાવે છે, જીવનને સૌ સ્થિતિ વિશે,

અકલ્પ્ય ને અગમ્ય જ તે છુપાયેલી ખરેખર જે,
ઊંડી ઊંડી શી અંતરની **હરિ**ની શક્તિ પ્રત્યક્ષે !

હરિઃૐ

## શું ખેંચી તાણી રાખ્યું જ્યાં, હરિએ બાંય પકડી છે

થતી **જીવ**વૃત્તિ સંગાથે ન કંઈ લડવાનું રાખ્યું છે,
ઊઠંતાં વૃત્તિ તે કાળે **હરિ** ભજવું થયેલું છે.

ઊઠેલો હુમલો ભારે કદીક જો જોરદાર જ છે,
કંઈક મન તટસ્થ હોવાથી હૃદયથી પ્રાર્થના થઈ છે.

ઊછળતા દિલ ઉમળકાથી વધારે ને વધારે જે
-શી આર્ત આર્દ્રતાથી ત્યાં **હરિ**ને દિલ સ્તવેલો છે.

કદીક કેવું તણાવાયું ! છતાં દિલ જ્ઞાનપૂર્વક તે
-શું ખેંચી તાણી રાખ્યું જ્યાં, **હરિ**એ બાંય પકડી છે.*

---

* તા. ૨૭-૧-૧૯૭૪ની મધરાતના દમના ભારે હુમલા વખતે લખાયેલું.

હરિઃૐ

## બધું ચોક્કસપણું કેવું હરિનું તો જીવનમાં છે !

હવે તો ધ્યેયની રીતે જીવન **આ** જીવવાનું છે,
હવે શંકા ન તે વિશે, હવે તો પક્વ નિશ્ચય છે.

રહેવાનું ન અધવચ્ચે, જવાનું આરપાર જ છે,
અટકવાનું પથે ના છે, પૂરું અંતે જ કરવું છે.

ન મિથ્યા બોલવાનું **આ** જીવનમાં તેમ વર્તીને,
કૃપાથી નિપજાવેલાં, બધાં પરિણામ નીરખ્યાં છે.

પ્રયોગાત્મક વિના ખાલી, અમે કશું પણ ન માન્યું છે,
બધું ચોક્કસપણું કેવું **હરિ**નું તો જીવનમાં છે !

નક્કરપણું

હરિઃૐ

# મનાદિ સ્વસ્થ સંપૂર્ણ, હરિભાવે પ્રવર્તે છે

શરીરનો દમ પરીક્ષા તો, શી ભલભલાની લેતો છે !
ઉરાડી હોશકોશ જ દઈ, પૂરો કાયર બનાવે છે.

જરા હિલચાલ સરખીયે થવા શક્તિ ન રહેવા દે,
જરા સરખી કશે કળ તે ખરેખર કંઈ ન વળવા દે.

શરીરની સાથ તો કેવાં મનાદિ એકતારે છે !
છતાં તે દમતણો સ્પર્શ મનાદિને ન વળગે છે.

છતાં કેવી કરામત તે, બલિહારી કૃપાની કે
-મનાદિ સ્વસ્થ સંપૂર્ણ, **હરિ**ભાવે પ્રવર્તે છે !

હરિ:ૐ

## ગમે તેવું થતાં તનનું, હરિ મોજૂદ મનમાં છે

શરીરનાં અન્ય દર્દોની પીડા સહેવી સરળ દિલ છે,
અમૂંઝણ કિંતુ દમની તે સહેવાવી ભયંકર છે.

શરીરથી પ્રાણ જાણે કે અબી હમણાં જ નીકળીને
-ઊડી જાણે જશે એવું ખરે ત્યારે શું લાગે છે!

કશી કોઈ બાબતે શક્ય પરોવાવાં મનાદિ ના,
પરંતુ **હરિ**સ્તવનમાં શાં મનાદિ રાચતાં ત્યારે!

હૃદયમાં આત્મવિશ્વાસ પૂરો ઊતરી ગયેલો છે,
ગમે તેવું થતાં તનનું, **હરિ** મોજૂદ મનમાં છે.

હરિઃૐ

## પ્રવાહે ભાવના કેવું રૂડું સર્જન કરાવે તે !

સ્થિતિ દમની વિશે જ્યારે શરીર ભારે પીડાતું છે,
અમૂંઝણ કારમી કેવી બહુ મુશ્કેલ સહેવી તે !

અમૂંઝણની રિબામણની અસર શી ત્રાસદાયી છે !
ભયંકર શ્વાસ લેવામાં થવું હેરાન પડતું છે.

બધા આધારને કેવા શું દમ **આ** હચમચાવે છે !
બધી રીતની જ લાચારી વિશે દમ શો મૂકી દે છે !

છતાં શો માંહ્યલો સ્વસ્થ, શું સંપૂર્ણ બરાબર છે !
પ્રવાહે ભાવના કેવું રૂડું સર્જન કરાવે તે !

હરિઃૐ

## વિના આપ્યા લડત કેમે, કરી તે તો જિતાતી ના

શરીરના રોગ દેખીતા ન તે કંઈ રોગ પોતે છે,
ભયંકર ઊર્ધ્વના કિંતુ નર્યા અવરોધ પ્રત્યક્ષે.

ભૂમિકા ઊર્ધ્વના ક્ષેત્રે તસુયે શી તસુ જગ્યા
-વિના આપ્યા લડત કેમે, કરી તે તો જિતાતી ના !

સતત સંગ્રામ શા ઊર્ધ્વે શું એકએકથી જ ચડિયાતા !
શી શક્તિ દિવ્ય ત્યાં સ્થિર થવા, તે તે જરૂરી શા !

જીવનની સૂક્ષ્મ **આ** વાત ગળે કોઈને ન ઊતરશે,
જીવનની વાસ્તવિકતાની છતાં સાચી હકીકત તે.

હરિઃૐ

## હરિની તે કૃપાલીલા, ગજું ના માનવીનું છે

શરીરમાં દમ ભયંકર છે, શરીરમાં દમ રહ્યા ના છે,
છતાં દમ શા મનાદિના ખરેખર પ્રાણવાળા છે!

અમૂંઝણ કેટલી ભારે થતી છે દમ સમય મનને ?
છતાં કેવાં ભજનસર્જન મનાદિથી થતાં રહે છે !

શરીરની સાવ લાચારી પૂરેપૂરી બધી રીતે,
જીવંતો માંહ્યલો કિંતુ ટકોરાબંધ મજબૂત છે.

અનેકે વાર પુરાવા મનાદિએ બતાવ્યા છે,
**હરિ**ની તે કૃપાલીલા, ગજું ના માનવીનું છે.

હરિ:ૐ

## નિરંતર ભક્તિરસથી તે જતા પલટાઈ લાગે છે

કદીક કેવી શરીરની તો થયેલી દુર્દશા ભારે !
પ્રચંડ જ વેદના કેવી ખીલી ત્યારે ઊઠેલી છે !

મનાદિ તે સમય કેવાં ભજનસર્જન વિશે રહે છે !
પરંતુ સર્વ ગુણધર્મ શરીરના જે હતા, તે છે.


શરીરની સર્વ રગરગમાં જીવંતું એ જ ચેતન છે,
પરંતુ એ જ ચેતનથી ન બદલાયું શરીર પોતે.

મનાદિના જીવનકેરા બધા ગુણધર્મ જે જે છે,
નિરંતર ભક્તિરસથી તે જતા પલટાઈ લાગે છે.

હરિઃ ૐ

# ખંડ - ૮

# સાધનાની અનુભવકથા



**હરિ**ની ચેતનાત્મક જ્યાં હૃદયમાં ભક્તિ લાગે છે,
મનાદિને અને **હરિ**ને પછી છેટું ન ક્યાંયે છે.

હરિઃૐ

## જીવનપાસાં સ્ફુરેલાં જે, બધું તે તે લખાયું છે

શું સંસ્મરણો જીવનભરનાં થયેલી સાધનાનાં જે,
તરી અંતરપટે *હમચીં શું માંડી ખૂંદવા એણે !

પળે તે લાગણીઓનું શું વાવાઝોડું ઊઠીને
- કહીંનો કહીં મને કેવો બધે જ્યાં ત્યાં ઉરાડ્યો છે !

જુદા જુદા સમયનાં તે જીવનપાસાં સ્ફુરેલાં જે,
મને ત્યારે નજરમાં જે પડ્યું તે તે લખાયું છે.

સ્વભાવ પ્રકૃતિકેરાં સ્વરૂપો સાથ જે રીતે
- લડાયું, તેતણો ખ્યાલ અછડતો અહીં જ આપ્યો છે.

* હમચીં = ઘુમરડી

હરિઃૐ

# જીવનના હેતુનું મૂલ્ય પછી પરખાતું આવ્યું છે

શરૂ શરૂમાં કશી ચેતનતણી સમજણ નહોતી કૈં,
પરંતુ પ્રાપ્ત જે ધર્મતણી સમજણ હતી મુજને.

મળેલો ધર્મ આચરતાં હૃદયથી ટેક ધારીને,
ઊંડી વ્રતભાવનાથી તે અમલ પૂરતો કરેલો છે.

થતાં સંપૂર્ણ વર્તન તે, હૃદયમાં ભાવ જાગ્યો છે,
જીવનના હેતુનું મૂલ્ય પછી પરખાતું આવ્યું છે.

જીવનઆદર્શ શો ત્યારે ખરો મુજ હાથ લાગ્યો છે !
પૂરો તે પાળતાં, કેવો અમલ દિલમાં ચઢેલો છે !*

* શ્રી ઍચ. ઍન. શાહને ત્યાં, રાતે દમને સમય.

હરિઃૐ

## મળ્યું જે જે બધું શીખવા નૂતન, નૂતન જીવનમાં તે

ખરેખર આડુંઅવળું કંઈ જીવનમાં ચાલવાથી તે,
પડી પંચાત કેવી તે ! બધું મુજ દિલ જાણે છે.

જીવનમાં કેટલી કેવી મળી પંચાત એવી જે,
પથે રખડાવી મારીને, મને માથું કુટાવ્યું છે.

છતાં તેમાંથીયે મુજને કૃપાએ પાઠ ભણાવ્યો છે,
મળ્યું જે જે બધું શીખવા નૂતન, નૂતન જીવનમાં તે.

નૂતન પાછું જૂનું કેવું જીવનપથ થઈ જતું છે જે,
વળી પાછું નૂતન ઊગી, નૂતન, નૂતન મળંતું છે.

હરિઃૐ

## ન ગળવા યોગ્ય પણ તેને હૃદય ગળવું પડેલું છે

મને સંસારમાં ભારે શી ગમ ખાવી પડેલી છે !
ન ગળવા યોગ્ય પણ તેને હૃદય ગળવું પડેલું છે.

વળી તેવી પળે કેવી જીવંતી સ્વસ્થતા ધરીને,
જીવનની સમતુલાને શી કૃપાથી ધારી રાખી છે !

પ્રસંગે સ્થિર રહેવાનું ગજું ના માનવીનું તે,
કૃપા માત્ર **હરિ**નીથી જીવનમાં શક્ય બનવું તે.

**હરિ**ને એકધારા શા હૃદયમાં ને મનાદિમાં
-જીવંતા પકડી રાખીને, અમે **એમાં** ઠરેલા શા !

હરિઃૐ

## કદી ક્યાંયે અટકવાનું કૃપાથી ના બનેલું છે

સતત ચાલ્યા જ કરવાનું 'જીવનમાં ટેક શો ધરીને' !
કદી ક્યાંયે અટકવાનું કૃપાથી ના બનેલું છે.

જીવનમાં તો સતત તારી મદદ માગ્યા કરેલી છે,
સ્મર્યા વિના તને દિલમાં કદી પણ ના રહેલો જે.

ઘણા આડા અને અવળા મળ્યા રસ્તા જુદા શા તે !
હૃદય તે વેળ **હરિ**ની મેં કરેલી પ્રાર્થના ભાવે.

કદીક ગદ્‌ગદ થવાયું છે, નયન આંસુ પડેલાં છે,
સ્તવી સ્તવીને **હરિ**ને દિલ બહુ વીનવ્યા કરેલો છે.

હૃદય અજવાળું શું ત્યારે અચાનક દિવ્ય પ્રગટ્યું છે !
જીવનને પ્રકાશમય કેવું બધું તેથી બનાવ્યું છે !

હરિ:ૐ

## હૃદય જ્યાં માંકડી માંડી, પછી હરિ કેવો પ્રવેશ્યો છે !

જીવનમાં કેટલીક વાર મને પાણીચું મળિયું છે,
નિરાશા તે છતાં ના'વી, કૃપાની મહેરબાની તે.

નિરાશા શી રીતે આવે ? હૃદય જ્યાં આગ જલતી છે,
શી જ્વાળામુખીના જેવી તમન્નાની જ લગની છે !

અનુભવવા જીવનતત્ત્વ હૃદય લાગેલ લગનીએ
–સતત ગોદાટી, ગોદાટી મને એણે ધકેલ્યો છે.

ધકેલાતાં, ધકેલાતાં પથે આગળ જવાયું છે,
જવાયું આગળે જેમ, **હરિ**માં ચિત્ત બેઠું છે.

હૃદય જ્યાં માંકડી માંડી મનાદિએ **હરિ** વિશે,
પછીથી તો મનાદિમાં **હરિ** કેવો પ્રવેશ્યો છે !

હરિઃૐ

## હરિના ભાવનું માત્ર નર્યું અસ્તિત્વ જ્યાં ત્યાં છે

'પથે અથડાઈ, કુટાઈ કદીક ભૂલું પડાયું છે',
મનાદિનાં વલણ પરથી હૃદય સમજાઈ ગયેલું તે.*

હૃદયથી પ્રાર્થના કરતાં હૃદય ત્યારે ઊગેલું જે,
પ્રમાણે તે મથી સઘળું જીવન સાકાર કીધું તે.

અનેકે વાર શાં એવાં જીવનદર્શન થયેલાં છે!
બધો તેમાંથી છુટકારો **હરિ**એ શો કરાવ્યો છે!

હવે બંધન, ન છુટકારો રહ્યાં ના કંઈ કશા વિશે,
**હરિ**ના ભાવનું માત્ર નર્યું અસ્તિત્વ જ્યાં ત્યાં છે.

---

* સ્ફુરંતાં નિમ્ન વૃત્તિથી ખબર ત્યારે પડેલી તે.

હરિઃૐ

## જીવનમાં એ રીતે મથતાં પછી લાગી ગયો રસ છે

જીવનમાં કેટલીક વાર ચઢેલો ઑર ચગડોળે,
ઊંચાંનીચાં ગયા કરીને શું પછડાયો ઊંચેનીચે !

છતાં ઉપર જવાકેરી શી લાગી તીવ્ર ચાનક જે !
ફરી ફરીને મને **એણે** ખરેખર શો મથાવ્યો છે !

મથામણ કારમી કેવી શી ત્યાં કરવી પડેલી છે !
જીવનમાં એ રીતે મથતાં પછી લાગી ગયો રસ છે.

અને રસ લાગવાથી તો ધપાયા શું જવાયું છે !
પછી શી દોટ જીવનમાં સહજમેળે મુકાઈ છે !

હરિઃૐ

## જીવનના ઊર્ધ્વનો માર્ગ બધો ખુલ્લો જ તેને છે

સતત મથવા વિશે જ્યારે જીવન વ્યાપેલ જે ઊંડો
-જીવંતો આત્મવિશ્વાસ, પછી શો ત્યાં ઊંડો જુસ્સો !

થતા રહેતા પુરુષાર્થે હૃદય જુસ્સો પ્રગટતો છે,
હૃદય પુરુષાર્થમાંથી તે ઊંડો શો ભાવ પ્રગટે છે !

મળેલાં પ્રાપ્ત કર્મોમાં જહીં તે ભાવ ભળતો છે,
પછી તો કર્મ તે ખાલી કદી ના કર્મ રહેતાં છે.

સતત જે કર્મનો યજ્ઞ કરે ચાલ્યા જીવન જેને,
જીવનના ઊર્ધ્વનો માર્ગ બધો ખુલ્લો જ તેને છે.

હરિઃૐ

# પ્રકૃતિનું સ્વરૂપ ત્યારે થતું છે દિવ્ય પોતે તે

જીવનની નિમ્ન જે વૃત્તિ બધી વૃત્તિ શી સરવાળે !
પ્રકૃતિનાં વમળ નિમ્ન વિશે તે તો શી ઘૂમરાવે !

ભલેને વૃત્તિ ઊંચી હો, ભલે સદ્‌ભાવ તેમાં જે,
પરંતુ પ્રકૃતિકેરી બધી ત્યાં **જીવ**દશા શી છે !

સતત જ્યાં પ્રકૃતિનુંયે બધું સદ્‌ભાવનું વર્તન,
નિરંતર જ્યાં થતું રહે છે, પ્રકૃતિ ત્યાં ચડે ઊર્ધ્વ.

પ્રકૃતિને નિરંતરનો જહીં અભ્યાસ એવો છે,
પ્રકૃતિનું સ્વરૂપ ત્યારે થતું છે દિવ્ય પોતે તે.

હરિઃૐ

## પ્રકૃતિનાં સ્વરૂપો પણ અનંતાનંત કેવાં છે !

અનુભવતાં, અનુભવતાં, પ્રકૃતિના પ્રદેશે જે,
પ્રકૃતિના જુદા જુદા પ્રવેશાતું નૂતન ક્ષેત્રે.

પ્રકૃતિનું જુદું જુદું સ્વરૂપ પ્રત્યક્ષ ક્ષેત્રે જે,
નૂતન તેનાથીયે જુદું નવી શું ભૂમિકાનું તે !

પ્રકૃતિનાં સ્વરૂપો પણ અનંતાનંત કેવાં છે !
પછી ચેતનનું પૂછવું શું ? અનન્ય સર્વથીયે તે.

પ્રકૃતિમાં લીલા **હરિ**ની અનંત રીતની શી જે !
કદીક શી ત્યાં પડે ટૂંકી ખરેખર પ્રજ્ઞા શક્તિયે !

હરિઃૐ

# ‘કૃપાપુરુષાર્થ’ના જોરે શરણ હરિને ઢળાયું છે

જીવનની કેડી પ્રત્યેક મને કેવું જિતાવાને
-પડેલું ફેણ, માર્મિક બધો ઈતિહાસ તેનો છે.

લડત જે સામી ઊભી છે, કદી તેથી છટકવાને
-ભૂલેચૂકે કર્યું ના છે, કૃપાની મહેરબાની તે.

તસુ તસુયે લડત સામે જુદી જુદી શી આવે છે !
કળા લડવાની ત્યાં ન્યારી, જુદી જુદી તરેહની છે.

બહુ રીતનો ઘવાઈને લડત વચ્ચે પડેલો છું,
છતાં ત્યારે શહૂર કેવું શું ઓચિંતું ફૂટેલું છે !

**હરિ**ની પ્રાર્થનાએ ત્યાં મને ટેકો દીધેલો છે,
કૃપાના માત્ર આશ્રયથી બધું જે તે થયેલું છે.

ગણતરી સર્વ પુરુષાર્થતણો, હિસાબ ના કંઈ છે,
‘કૃપાપુરુષાર્થ’ના જોરે શરણ **હરિ**ને ઢળાયું છે.

હરિઃૐ

## પછી અંતરની શક્તિ શી છતી ચેતન સ્વરૂપે તે !

જીવનની સાધના વિશે મળેલી કેડી પ્રત્યક્ષે,
સરળતાથી કશું ના ત્યાં થયેલું ચાલવાનું છે.

લડાતું ત્યાં જવાયું છે, જબરજસ્ત પૂરેપૂરો
-તહીં સંગ્રામ આપ્યો છે, ઊંડો ઊંડો નવી રીતનો.

જવાતું આગળે જેમ પ્રકાશ બુદ્ધિને વિશે,
નૂતન નૂતન પડ્યા કરતો, ખૂબી આગળ વધ્યાની તે.

જવાતું આગળે જ્યાં છે, શું અંતરની ઊંડી શક્તિ
-નવો અવતાર પામીને, વધુ તેજસ્વી બનતી છે !

બધીયે તે ભૂમિકાના બધા સંગ્રામ જિતાતાં,
પછી અંતરની શક્તિ શી છતી ચેતન સ્વરૂપે તે !

હરિઃૐ

## કૂદી કૂદી ઉમળકાથી જીવન આ મસ્ત ઊછળ્યું છે

જૂની લત, સમજણો, ટેવો, મડાગાંઠો પડેલાં જે,
થવાને મુક્ત તે સૌથી ભજનમાં દિલ પરોવ્યું છે.

ભજન કીર્તનતણા ભાવે હૃદય એકાગ્ર, કેંદ્રિત તે
- થવાતાં રસથી સંપૂર્ણ, **હરિ**માં શાં મનાદિ છે !

પછી ક્યારેય પણ સહેજે મનાદિ ના છટકતાં છે,
સતત રસમાં જ તરબોળ પળેપળ શાં રહે છે તે !

ઉમળકાના ઉછાળાનો શું જુસ્સો ઑર ન્યારો છે,
ઊંડો આધારમાં ત્યારે ફરી વળતો જ લાગે છે.

જીવન તે જીવવાકેરો હૃદયરસ ચાખતાં શો તે !
કૂદી કૂદી ઉમળકાથી જીવન **આ** મસ્ત ઊછળ્યું છે.

હરિઃૐ

# हरिने જે શરણ પૂરો ન તેને પાપ કે પુણ્ય

કરોડો મણ ભલેને હો ગટરમાં ગંદકી ભારે,
ભળંતાં મહાનદી વિશે અશુદ્ધિ ત્યાં ઘટે મેળે.

મહાન પાપીમાં પાપી છતાંયે તે **हरि**ચરણે
-વળ્યો જો હો કૃપાથી તો, ખરેખર ભક્ત બનતો છે.

**हरि**નો ભક્ત જે કોઈ પૂરેપૂરો જીવનમાં છે,
ન તેને પાપ કે પુણ્ય, જમા ઉધાર ક્યાંયે છે.

પૂરેપૂરા હૃદયભાવે **हरि**ને જે શરણ તેને,
ભલે ખરડાયેલો છો હો, **हरि** સ્વચ્છ કરે તેને.

હરિઃૐ

## હૃદયમાં ભક્તિ લાગે છે, જીવન રંગાતું ત્યારે છે

સ્મરણ અભ્યાસનો હૃદયે થયો આરંભ ત્યારે તે,
અનેકે વાર ભુલાઈ જતું'તું, કેવું કેવું તે !

હૃદય જાગેલ ચાનકથી ફરી ફરીને સ્મરણ વિશે
-અવાતું'તું, અને એમ જીવનમાં તો મથાયું છે.

મથામણમાં મનાદિ જ્યાં પરોવાતાં પૂરેપૂરાં,
જીવન રંગાતું ત્યારે છે, **હરિ**રસ છાંટણાંથી ત્યાં.

**હરિ**ની ચેતનાત્મક જ્યાં હૃદયમાં ભક્તિ લાગે છે,
મનાદિને અને **હરિ**ને પછી છેટું ન ક્યાંયે છે.

હરિઃૐ

## જીવનમાં ભાવના બઢતાં હૃદયભાવ ખીલેલો છે

જીવાદોરી અમારી તો શું બંધાણી **હરિ**પદ છે !
**હરિ**ચરણે શું ટીંગાઈ સરકવા દિલ માંડ્યું છે !

સ્મરણના નિત્ય અભ્યાસે **હરિ**પદ ભાવના થઈ છે,
જીવનમાં ભાવના બઢતાં હૃદયભાવ ખીલેલો છે.

નિરંતર ભાવનું જીવન **હરિ**રસ મસ્તીથી કેવું
-છલોછલ રસભર્યું છે, તે જીવનનો મસ્ત લહાવો શું !

**હરિ**પદમાં જ સંધાઈ જીવન જ્યારે જતું તે છે,
જીવનની તે બધી કથની રસિક, મૌલિક, અનોખી છે.

હરિઃૐ

## તમન્ના તીવ્ર લાગ્યાથી બધું જે તે ઊગેલું છે

**હરિ**ને દિલ વરવાને જીવનમાં તુજ કૃપાથી જે,
મરણિયો પક્વ નિશ્ચય શો અમારે દિલ થયેલો તે !

જુદાં જુદાં બધાં સાધન થયેલાં એ જ અર્થે છે,
તમન્ના તીવ્ર લાગ્યાથી બધું જે તે ઊગેલું છે.

કદી ના કોઈની પાસે જવું ક્યાંયે પડેલું છે,
જીવન બઢતાં જતાં ભાવ વિકસતું તે ગયેલું છે.

બધું આગળનું તે તેમ ગયું છે સૂઝતું જ્ઞાન,
શું એમ ઉત્તરોત્તર તે બઢાવાનું થયું ઠેઠ.

હરિઃૐ

## હૃદયથી ધસમસી જઈને, ચરણમાં દિલ વાર્યું છે

જીવનમાં જાણવા કરતાં થવાને એકરૂપ ચરણે,
મહત્ત્વ દિલ ધારીને સતત મેં કર્મ કીધું છે.

ગળાવાને **હરિ**પદમાં પૂરું **હરિ**માં રસાવાને,
**હરિ**માં દિલ સંપૂર્ણ થવા વિશે, હું મંડ્યો જે.

ચહી ચહીને ઉમળકાથી નદીનાં પૂરની પેઠે
-હૃદયથી ધસમસી જઈને, ચરણમાં દિલ વાર્યું છે.

**હરિ**ને પણ શું મારી પર અતિશય હેત ઊપજ્યું છે !
મને ઊંચકી લઈ હર્ષે, હૃદય નવરાવી દીધો છે.

હરિઃૐ

## જીવન ન્યોછાવરી કરીને હરિપદ શું ઢળાયું છે !

જીવનમાં જેટલું જોમ હતું તેને બધુંયે મેં
-જીવનવિકાસના પથમાં કૃપાથી વાપરેલું છે.

જીવનમાં પ્રાણ રેડીને, જીવનને હોમી પણ દઈને,
જીવન ન્યોછાવરી કરીને **હરિ**પદ શું ઢળાયું છે !

સતત **હરિ**માં મનાદિને પરોવી રાખવા ભાવે,
સતત તે પ્રક્રિયા વિશે, જીવન આખું જ ગાળ્યું છે.

અચાનક કોઈક વેળાએ **હરિ**એ તો કૃપા કરીને
-મને નિજ બાથમાં લઈને હૃદય સરસો જ ચાંપ્યો છે.

હરિઃૐ

## હરિ તેને મથાવીને પ્રતિષ્ઠા પદ કરાવે તે

ઊંડું ઊંડું જ ઊતરાતાં ઊંડો દરિયો ગહન શો તે !
નૂતન નૂતન બધું કેવું તહીં દૃષ્ટે પડેલું છે !

કદીક મોહી જવાયું છે, ભરાઈ ત્યાં જવાયું છે,
છટકવાનું જરા સરખું ત્યહીંથી દિલ થયું ના છે.

પરંતુ દિલ ભક્તિથી **હરિ**નો આશરો જેણે
-લીધેલો છે પૂરેપૂરો, ગ્રહે ત્યાં હાથ તેનો તે.
ન તેને તે મૂકી દે છે.

જીવનમાં સાચું મથનારો કદી ડૂબી જતો ના તે,
**હરિ** તેને મથાવીને પ્રતિષ્ઠા પદ કરાવે તે.

**હરિ**ને ભક્ત વહાલા છે, શરણ જનને હૃદયમાં તે
-સ્વીકારી તેથી લઈને શો **હરિ** તેને લડાવે છે !

હરિઃૐ

# પ્રયત્નો જે થયેલા છે, રહસ્ય તેથી લાધ્યું છે

'જીવનને ખાલી ખાલી મેં જીવ્યા અમથું કરેલું છે',
કૃપાની લાતથી મુજને હૃદય સમજણ પડેલી તે.

જીવનઆદર્શનો ખુલ્લો પછીથી માર્ગ શો મુજને
-જણાયા જે કરી સ્પષ્ટ, શું લોભાવાયું તેથી છે !

હવે તો મેળવ્યા વિના કશે આરામ લેવાને
-ઘડીભરની ન ફુરસદ છે, તલપ શી એવી લાગી છે !

તલપમાં ને તલપમાં શા જવાને ધ્યેય નજદીક તે,
પ્રયત્નો જે થયેલા છે, રહસ્ય તેથી લાધ્યું છે.

હરિઃૐ

# નિરંતરનો થવા ભાવ હૃદય તેથી જ તલસ્યું છે

હૃદયમાં ભાવનાકેરું ચઢેલું પૂર ભારે છે,
શું સંવાદિતપણું ત્યારે જીવનમાં લાગતું સઘળે !

અનુભવમાં મને તેવું પૂરું જ્યાં દિલ લાગ્યું છે,
નિરંતરનો થવા ભાવ હૃદય તેથી જ તલસ્યું છે.

સતત અભ્યાસની ધારા સળંગે જ્યાં વહેતી છે,
જીવન તે ધારણામાંથી ઘડાતું છે જ તે રીતે.

સતત અભ્યાસમાંથી તે હૃદયનો ભાવ પ્રગટીને,
**हरि**માં એકધારું ત્યાં જીવનનું લક્ષ્ય ચોંટ્યું છે.

અને એમ ચોંટવાથી તો નિરંતરનો થયેલો છે
–હૃદયભાવ, જીવનકેરો થયો ઉદ્ધાર તેથી છે.

હરિઃૐ

# પ્રતીતિની પ્રતિષ્ઠા શી જીવન મારે થયેલી છે !

ઊંડો ભભૂકેલ જે અગ્નિ પડે ના એકદમ શાંત,
શી જિજ્ઞાસાનું પણ તેવું સમજી લેવું બધું ખાસ !
ન તેને જંપવા દેશે, ન તેને ઊંઘવા દેશે,
ફળાવી નિજનું કર્મ, પછી પદમાં જ ઠરશે તે.
જીવનમાં જીવતો'તો હું, છતાં જીવતો નહોતો જે,
હવે શીખવા જ માંડ્યું છે, જીવનમાં જીવવાનું તે.
**हरि**ના ભાવમાં જીવવું જીવન તે સાચું જીવન છે,
પ્રતીતિની પ્રતિષ્ઠા શી જીવન મારે થયેલી છે !
જીવનમાં એક પછી એક અનુભવ તે વિશે મુજને
-કૃપાથી જે થયેલા છે, પ્રતીતિ તેથી મુજ દિલ છે.
જીવનમાં **श्रीहरि** પોતે બહુ રીતે પ્રવર્તે છે,
અનુભવ તે વિશે એવા કૃપાથી તો થયેલા છે.

હરિઃૐ

## જીવનનો કેટલો મોટો રસિક લહાવો ખરેખર તે !

કદી સંપૂર્ણ ધારેલું પૂરેપૂરું ન ફળતું છે,
છતાં પણ પૂરું મેળવવા પરે નિર્ધાર અમ શો છે !

અમારું આ વચન કોઈને વિરોધાત્મક ભલે લાગે,
ફળવવાને મચેલા તો લીધેલા શા વચનને તે !

જીવનમાં મંડવા વિશે સતત ઉમંગ જેને છે,
નિરાશાને કશું સ્થાન ન તેવાના જીવન વિશે,

કૃપાથી કિંતુ જિજ્ઞાસા હૃદય પ્રગટેલ અગ્નિ શી !
મથાવી **આ** જીવન તેણે મૂક્યું લાવી **હરિ**પદથી.

મળે સંપૂર્ણ આરામ **હરિ**નાં પદકમળ વિશે,
જીવનનો કેટલો મોટો રસિક લહાવો ખરેખર તે !

હરિઃૐ

# અનુભવથી પ્રમાણીને, બધું જે તે ગ્રહેલું છે

જીવનના કેંદ્રબિંદુને અનુભવવા ચહી ચહીને
-મથી અભ્યાસમાં, ઊંડું ઊતરવાનું થયેલું છે.

અજાણ્યો પંથ ત્યાં કેવો ! ન જેની કંઈ જ સમજણ છે,
ખરેખર આવીને ઊભો, નજર પ્રત્યક્ષ કેવો તે !

મનાદિનાં વલણ પરથી સમજવાનું જ ધારીને
-બધું તે તે પ્રમાણેનું, સ્વીકારેલું હૃદયમાં છે.

જીવનવિકાસનો માર્ગ સીધી લીટીતણો ના છે,
પડે ફંટાવું જીવનમાં પથે કેવું ખરેખર તે !

પથે શાં ઊલટાંસૂલટાં જીવનદર્શન થયેલાં છે !
અનુભવથી પ્રમાણીને, બધું જે તે ગ્રહેલું છે.

હરિઃૐ

## કૃપા માટે છતાં કેવી હૃદયમાં પ્રાર્થના થઈ છે !

સતત પુરુષાર્થને મેં તો મહત્ત્વ દિલ દીધેલું છે,
કૃપા માટે છતાં કેવી હૃદયમાં પ્રાર્થના થઈ છે !

સ્મરણ ને દિલ સ્તવનનો શો ઉભયનો મેળ સાધીને,
કરી કરીને અવર સાધન, હૃદયભાવ સ્ફુરાવ્યો છે.

હૃદયમાં ભાવને ઊંડું મહત્ત્વ પૂર્ણ દીધું છે,
અને સાથે પુરુષાર્થ થતો જે તે કરેલો છે.

કૃપા ને ભાવ, પુરુષાર્થ, શું બ્રહ્મા, વિષ્ણુ, શંકરનો
–સુમેળ ત્યાં સધાયો છે, પૂરેપૂરો ત્રિપુટીનો !

હરિઃૐ

## મથ્યા ઊંડું ઊંડું કરીને, ધર્યો છે ભાવ જીવનમાં

જીવનમાં ચાલી ચાલીને ન કંઈ વિશ્રામ લીધો છે,
જીવન તે ધ્યેય સાકાર થવા, ઝંખ્યા કરેલું છે.

'ન ઝંખ્યું માત્ર તેને મેં પરંતુ યત્ન તેવામાં
-મથ્યા ઊંડુ ઊંડું કરીને', ધર્યો છે ભાવ જીવનમાં.

કરોડો મણ ભલેને હો થતો પુરુષાર્થ જીવન જે,
કૃપાથી ભાવ સ્ફુરંતાં ફળે પુરુષાર્થ કેવો તે!

કૃપાપુરુષાર્થ ઉભયનો જીવન જ્યાં મેળ લાગે છે,
જીવનનું ધ્યેય પ્રત્યક્ષ બધું ફળતું જ લાગે છે.

હરિઃૐ

## સતત એવા અનુભવથી જીવન મોર્યાં કરેલું છે

ચઢાણ તે કઠણ ચઢતાં શું લથડી પગ ગયેલા છે !
હવે ડગ એક પણ આગળ ન ભરવા શક્યતા રહી છે.

બધા તન પર શું પરસેવો વળી કેવો ગયેલો છે !
તરસથી કંઠમાં કાંટા શું ભોંકાતા રહેલા છે !

જરીક ડગ આગળે ભરવા ન કંઈ શક્તિ રહેલી છે,
છતાં વિશ્વાસ ગુમાવી કશો દિલ ના દીધેલો છે.

'જીવન વિશ્વાસ, શ્રદ્ધાથી ઘડાતું એકધારું તે',
સતત એવા અનુભવથી જીવન મોર્યાં કરેલું છે.

હરિઃૐ

## મહોબતને લીધે કેવો પડ્યો મથવા વિશે રસ છે !

જીવનને ફળવવા કાજે મહોબત દિલ લાગી છે,
મહોબતને લીધે કેવો પડ્યો મથવા વિશે રસ છે !

સતત મથતું રહેવામાં જીવન ગોદાટી લાગી ને
-મથામણને વિષય તેથી ઊંડું ત્યાં ઊતરાયું છે.

મથામણથી વિષયનું તે થતું મંથન રહેલું છે,
સતત મંથનથી વિષઅમૃત ઉપર ઊપસી શું આવ્યું છે !

જીવનના સાધનાભ્યાસે પચવવા વિષને કાજે
-ભૂમિકા કેવી તૈયાર કૃપાથી તો થયેલી છે !
પછી અમૃતતણા પાસે જીવનવિકસિત થતું રહે છે.

હરિઃૐ

# અનુભવથી જ જીવનને કૃપાથી તારવેલું છે

જીવનમાં વર્તતાં, સાચી ઊંડી સમજણ પડે ત્યારે,
અને વર્તતાં દિલ સાચો ઊગે અનુભવ ખરો કૈં જે.

બધે જેમાં અને તેમાં અનુભવનું પ્રમાણ જ તે,
જીવનમાં ખાસ ધારીને થયેલું વર્તવાનું તે.

જીવનમાં માત્ર વર્તતાં રહેવાથી જીવનનું જે
-મળે શિક્ષણ અનોખું તે અનુભવનું ખરેખર છે.

અનુભવને ખરું માત્ર જીવન સાચું ગણેલું છે,
અનુભવથી જ જીવનને કૃપાથી તારવેલું છે.

હરિઃૐ

## અનંતાનંત કેડીને પહોંચાયું કૃપાથી છે

'અનંતાનંત આ પથ છે, થશે પૂરો કઈ રીતે ?'
કદી વિચારવું એવું મને દિલ ના થયેલું છે.

ધીમે ધીમે, કરી કરીને, પ્રથમ ડગ એક ભરવું તે,
પથે ડગલું જ તે ભરવા વિશે લક્ષ જ પરોવ્યું છે.

જીવનનાં ભાવ ને શક્તિ બધાં ત્યાં વાપરેલાં છે,
પછી દર્શન બીજા ડગનું કૃપાથી તો થયેલું છે.

ધીમે ધીમે કરી એમ પથે આગળ જવાયું છે,
અનંતાનંત કેડીને પહોંચાયું કૃપાથી છે.

હરિઃૐ

## જીવનના તત્ત્વદર્શનને હવે તેથી પમાયું છે

જીવનની **જીવ**દશાકેરી હતી સઘળી ભૂમિકા જે,
**હરિ**પદ ભક્તિ લાગ્યાથી, ધીમેથી ફેરવાઈ છે.

પરંતુ તે બધો કાળ, બહુ કપરો હતો શો જે !
તપશ્ચર્યા કરાવીને યથાવત્ ભાન પ્રેર્યું છે.

જુદાં જુદાં ગહન સાધન, શું સૂક્ષ્માતીત કરાવ્યાં છે !
પથે તે સાધનાભ્યાસે છતી શક્તિ થયેલી છે.

જીવનના શક્તિના બળથી ઊંડું અવતરવું બનિયું છે,
જીવનના તત્ત્વદર્શનને હવે તેથી પમાયું છે.

હરિઃૐ

# હરિસૂરથી અમારા સૂર હવે જુદા ન ક્યાંયે છે

જીવનમાં બેસૂરું જીવવું ન કંઈ આનંદ તેમાં છે,
સુરીલું જીવવા તેથી મનાદિને જ જોડ્યાં છે.

થઈ એકરાગ સંપૂર્ણ **હરિ**નાં પદકમળ વિશે,
અમે શા જોતરાયેલા ! જીવનનો યંત્રી **હરિ** શો તે !

અમે **એના** પૂરા યંત્ર, બજાવે જે રીતે અમને,
અમે તે રીત વાગીશું, ન અમને રીત એક જ છે.

**હરિ**ની રીત, જીવનની અમારી રીત તે તે છે,
**હરિ**સૂરથી અમારા સૂર હવે જુદા ન ક્યાંયે છે.

હરિઃૐ

## ધરીને સ્વસ્થતા ત્યારે રહેવું મૌન યોગ્ય જ છે

કદીક ઉસ્તાદ તો જલદી શું છંછેડાઈ જાયે છે !
અનેરી રીતથી ત્યારે ચમકદાર શું ઝળકે છે !

હૃદયના તાર છંછેડ્યા કહીંના કહીં જ તે ઊંચે
-સ્વરે પહોંચી જ સંગીતનું ખરું દર્શન કરાવે છે.

પરંતુ દિલ બગડેલો, ન કંઈ છંછેડવો તેને,
ધરીને સ્વસ્થતા ત્યારે રહેવું મૌન યોગ્ય જ છે.

જીવનના સર્વ બગડેલા બધા તે તાર સૂર સાથે
-થતાં એકરૂપ સંપૂર્ણ, શું ત્યારે મેળ જામે છે !

હરિઃૐ

## બધુંયે જે ગણું તેમાં અમારે શ્રીહરિ પોતે

જીવનની જરૂરિયાતોને કદી ના દિલ ઝંખી છે,
કૃપાની પ્રેમવર્ષાથી બધી મળતી રહેલી છે.

હૃદયથી ચાહી ચાહીને જીવનમાં એકલો **હરિ**ને
-જીવનસર્વસ્વ જાણીને, **હરિ** દિલ સંઘરેલો છે.

**હરિ** વિના બીજું કોઈ ન સગપણ તો જીવનમાં છે,
બધુંયે જે ગણું તેમાં અમારે **શ્રીહરિ** પોતે.

ઊછળતા દિલ ઉમળકાથી ધરાઈને પદામૃતને
-પીતાં રહેતાં, છતાં તોયે ધરાવો દિલ થતો ના છે.

હરિઃૐ

## સમય તે સુજ્ઞ પુરુષે તો ઘટે ત્યાં મૌન ધરવું તે

દિશા ચારે તરફથી જ્યાં નર્યાં વસ્ત્ર જ પિખાતાં છે,
સમય તે સુજ્ઞ પુરુષે તો ઘટે ત્યાં મૌન ધરવું તે.

મનાદિ સ્વસ્થ સંપૂર્ણ સતત જેનાં રહે, તેવો
-હૃદયથી પ્રાર્થના **હરિ**ને સ્વયંભૂ રીત કરતો શો !

બધું નજરે જુએ છે તે, રૂંવાડું તે છતાં જેનું
-જરા સરખું ન ફરકે છે, શું એવો સાવ નિઃસ્પૃહી છે !

ભળેલો હો છતાં કેવો પૂરો નિર્લેપ સંસારે !
જવું ત્યાં તોળવા ન્યાય કશો ના યોગ્ય એવાનો.

હરિઃૐ

## કૃપાથી બોધ લાગ્યો ને થયેલો પાંસરો શો જે !

કદીક તો તેં મને ડંડા થકી શો માર માર્યો છે!
શિખામણનો છૂપો હેતુ તહીં તારો હતો શો જે !

વળેલો હું હતો ભક્તિપથે જેથી હૃદય મુજને
-કૃપાથી બોધ લાગ્યો ને થયેલો પાંસરો શો જે !

પ્રભુ ! તુજ ક્રૂરતા વિશે કરુણા તો વસેલી છે,
કરુણાના પ્રતીકરૂપે હતો ડંડો **हरि** તુજ તે.

જીવનમાં તુજ ડંડાનું થયું દર્શન મને જ્યારે,
કૃપા વર્ષાવવા દોડ્યો **हरि** શો આવતો લાગે!

હરિઃૐ

## હૃદયમાં ભક્તિ જાગીને જીવન હરિયાળું બનવ્યું છે

કદીક ઊંધું થતાં મુજને શું ધમકાવ્યો ખરેખર છે !
નયન તુજ ક્રોધવાળાં તે હૃદય નીરખી, હું ચમક્યો જે.

કૃપાથી સાન આવી છે, પથે સીધું ચલાયું છે,
નજર ને દિલનો મેળ પછી કેવો થયેલો છે !

પછી તારી પરત્વેનો હૃદયમાં ભાવ લાગ્યો છે,
સતત તારી તરફ પછી તો, નીરખવાનું બનેલું છે.

**હરિ**ના ભાવનું ઊંડું થતાં સાતત્ય તે હૃદયે,
હૃદયમાં ભક્તિ જાગીને, જીવન હરિયાળું બનવ્યું છે.

હરિઃૐ

## શી પ્રજ્ઞા શક્તિથી કેવો નૂતન ઉકેલ મળતો છે !

જીવનનો નિત્યનો ક્રમ જે અમારો ચાલવાનો છે,
અમે તેમાં કશી રીતે ન પડવા ખોટ દીધી છે.

જીવનનો નિત્યનો ક્રમ તે જીવંતો દિલ રાખીને,
બધું આટોપવા જે તે અમે કેવા મથેલા તે !

જુદું જુદું થતાં દર્શન જવા ઓળંગવા તેને,
હૃદય, દૃષ્ટિ, મનાદિ સૌ પડે ટૂંકાં ખરેખર તે.

પરંતુ માર્ગમાં જેમ થવાતાં પૂર્ણ કેંદ્રિત,
થઈ બુદ્ધિનું રૂપાંતર નવી બુદ્ધિ* ઊગેલી છે.

નવી તે બુદ્ધિથી કેવો નૂતન ઉકેલ મળતો છે !
અજાણ્યું બુદ્ધિથી તેવી જીવનમાં ક્યાંય કંઈ ના છે.

---

* નવી બુદ્ધિ = પ્રજ્ઞા.

હરિઃૐ

## જીવનનો માંહ્યલો કેવો છતો પોતે થયેલો છે !

કશી સરખામણી કોઈની ન કોઈ સાથ કીધી છે,
અમારી રીત વર્તેલા પથે એકલપણે શા તે !

જીવનમાં સાવ નોધારા અમે કેવા હતા ત્યારે !
બધો તે ફોડ પાડીને હવે ગાવું નકામું છે.

ઘડાવા ઘાટ જીવનનો મથાવાનું થયેલું જે,
બધો પુરુષાર્થ રેડંતાં, શી શક્તિ મેળવેલી છે !

ગયેલી શક્તિ બઢતી જે, બધા પુરુષાર્થના ખપમાં
-લગાડીને, ફરી પાછી નવી શક્તિ ખિલાવી છે.

શી શક્તિ ઉત્તરોત્તર જે જતાં બઢતાં ખરેખર તે,
જીવનનો માંહ્યલો કેવો છતો પોતે થયેલો છે !

હરિઃૐ

# પૂરું ત્યાં ઝંપલાવીને ઝીલેલા ઘા ઊભા ઊભા

**હરિ**રસ જામતાં પહેલાં જુદી જુદી પરિસ્થિતિ
- મળેલી સામને કેવી, નૂતન નૂતન જુદી જુદી !

બધાંયે જોખમો, સાહસ અમે ખેલ્યાં કરેલાં છે,
બધી શક્તિ કૃપાની તે, અમારું કંઈ ન એમાં છે.

જીવનપથમાં જુદાં જુદાં અનેકે યુદ્ધ ખેલ્યાં છે,
કદીક તો શા કપાઈને થઈ ટુકડા ગયેલા તે !

ઘવાયેલા છતાં ઊભા થઈને, યુદ્ધમાં પાછા
-પૂરું ત્યાં ઝંપલાવીને ઝીલેલા ઘા ઊભા ઊભા.

હરિઃૐ

## લડ્યો કેવો થઈ બેઠો ! પરાક્રમ ઉગ્ર ફૂટ્યું છે

જીવનમાં શૌર્યની કિંમત ઝઝૂમતાં દિલ જણાયે છે,
અણીવેળા કદીક તો ત્યાં શું દેવાળું જ નીકળે છે !

છતાં ત્યારેય તે હું તો ન માથે હાથ દઈ બેઠો,
ઘવાયેલી જ હાલતમાં લડ્યો કેવો થઈ બેઠો !

અનેકે ઘા પડેલા છે, શરીરનું જોમ ખૂટ્યું છે,
પરંતુ માંહ્યલાનું ત્યાં પરાક્રમ ઉગ્ર ફૂટ્યું છે.

તૂટેલું, સાવ ભાંગેલું ભલે હો તે શરીર છોને,
છતાં શું માંહ્યલા જોરે ટટારીથી લડાયે છે !

હરિઃૐ

## કરી પાછી ન પાની છે, શૂરાતન શું ચઢેલું છે !

અનુભવવા વિશે જ્યારે અમે દિલથી ઝુકાવ્યું છે,
પછી રણાંગણે કેવા થયેલા હાલ શા અમ તે !

અમે એમાં પૂરેપૂરા હૃદયથી મસ્ત આનંદે
- ઝૂકેલા સર્વ હિંમતથી કરી પાછી ન પાની છે.

બધા ઘા સામી છાતીએ ઝીલેલા છે, ઝીલેલા છે,
ઝીલંતા ઘા પડેલા શા ! છતાં ઊભા ટકેલા જે.

સતત સંગ્રામમાં એવા પૂરી મર્દાનગીને તે
-ખપાવી સર્વ દેવાતાં, શૂરાતન શું ચઢેલું છે !

હરિ:ૐ

## શી મર્યાદા અતીતની તે, મનાશે ના કશી રીતથી !

અનુભવની હકીકત જે ગહન, ગૂઢ, અનોખી છે,
ભલે માન્યા વિશે ના'વે હકીકત કોઈક મૌલિક જે.

નરી સૌ કોરી બુદ્ધિથી અનુભવના પ્રદેશોની
-અલૌકિક જે હકીકત છે, મનાશે ના કશી રીતથી.

પ્રકૃતિની બધી બુદ્ધિની મર્યાદા ટૂંકી શી છે !
શી મર્યાદા અતીતની તે, હકીકતને ન પિછાણે !

પ્રકૃતિ દ્વંદ્વ ગુણની છે, શું દ્વંદ્વાતીત ગુણાતીત જે,
અનુભવની હકીકતને પછી શી રીત પરખશે તે ?

હરિ:ૐ

## ઉકેલો સર્વ તે તે - ના કૃપાથી તો સૂઝેલા છે

મુસીબત, વિઘ્ન, મુશ્કેલી, ગૂંચો, પ્રશ્નો જીવન વિશે,
સમય જુદે જુદે કેવાં પ્રગટતાં તે રહેલાં છે !

છતાં ત્યારેય ગૂંચવાડો મનાદિમાં થયેલો ના,
ઉકેલો સર્વ તે તે - ના કૃપાથી તો સૂઝેલા છે.

બહુ જ મુશ્કેલ સ્થૂળ રીતથી જીવનનું સર્વ લાગે જે,
પ્રભુની તે સમય કેવી કૃપા ત્યાં કામ લાગે છે !

અશક્ય લાગતું જે તે કૃપાથી શક્ય બનતું છે,
જીવનમાં પરંપરા એવી અનુભવથી નિહાળી છે.

હરિઃૐ

## જીવનમાં રસ લીધે કેવું ઊંડું ત્યાં ઊતરાયું છે !

જીવનપથમાં મને જ્યારે પૂરો લાગી ગયો રસ છે,
મહેનત તે વિશે કરતાં હૃદય આનંદ વ્યાપ્યો છે.

જીવનમાં રસ લીધે કેવું ઊંડું ત્યાં ઊતરાયું છે !
ઊતરતાં છેક ત્યાં ઊંડે, વળી ઊંડું જવાયું છે.

હજી ઊંડે, હજી ઊંડે, અને તેથીય તે ઊંડે
-શું અંતરને વિશે કેવું પ્રવેશાયું ઊંડું ઊંડે !

પછીથી દિલ ચેતનની જલંતી જ્યોતનો મુજને
-થતાં સ્પર્શ, પરિણીત શું જીવન ત્યારે થયેલું છે !

હરિઃૐ

## ચહી ચહીને કર્યાં કરીને, સમર્પણ પદ કીધેલાં છે

પ્રભુપ્રીત્યર્થથી કર્મ જીવનનું ધ્યેય ફળવાને
-ચહી ચહીને કર્યાં કરીને, સમર્પણ પદ કીધેલાં છે.

સમર્પણનો થતો રહેતાં ઊંડો અભ્યાસ જીવંતો
-સમર્પણયજ્ઞનો ભાવ, બધે આધાર સ્ફુરંતો.

સમર્પણની પૂરેપૂરી જીવંતી ભાવના હૃદયે,
જીવંતી ધારણાથી તે, **हरि**નો ભાવ મોરે છે.

**हरि**નો ભાવ જીવનમાં જ્યહીં તે મોખરે રહે છે,
જીવનનાં સર્વ કર્મોનું કશું બંધન ન ત્યારે છે.

હરિઃૐ

## हरि બોથડને વિદ્વાન, વળી ભક્ત બનાવી દે

જીવનમાં આંચકા કેવા કંઈક ખવરાવીને શા જે !
મને તેં પાઠ શિખવાડ્યા, અનુભવવા જીવનને તે.

ખરેખર આંચકા એ તો નહોતા આંચકા પોતે,
**हरि** તારી કૃપાનો તે શું ધક્કેલો હતો તે તે !

**हरि** તુજ ભક્તિ લાગ્યાથી હૃદય સમજાયું તેવું તે,
કશી ગુંજાશ બાકી ના સમજવા તે વિશે કોઈને.

**हरि** બોથડને વિદ્વાન, વળી ભક્ત બનાવી દે,
કૃપા એવી કરી મુજ પર, મને એવો બનાવ્યો છે.

હરિઃૐ

## હૃદય સર્વોપરી કેવો અનુભવ માત્ર શ્રેષ્ઠ જ છે !

સકળ **આ** જિંદગાનીનો બધો હિસાબ **હરિ**ચરણે
- સમર્પી દઈ, નવેસરથી નવો હિસાબ માંડ્યો છે.

વળી તે તે બધું પાછું **હરિ**પદમાં સમર્પીને
-નવો આરંભ માંડીને નૂતન જીવન શું માંડ્યું છે !

જુદા જુદા તબક્કાના, જુદા જુદા જીવનમાંથી
- પસાર શા થયેલાનો અનુભવ છે, અનુભવથી.

શિરોમાન્ય અનુભવને અમે દિલથી ગણેલો છે,
હૃદય સર્વોપરી કેવો અનુભવ માત્ર શ્રેષ્ઠ જ છે !

હરિઃૐ

# નિરાળો દેશ અનુભવનો પિછાની કોઈ ના શકશે

અમે આજે છીએ જેવા બધા તેને જ જોઈને,
અનુભવની સ્થિતિ તેની પિછાની કોઈ ના શકશે.

કલેવર જે શરીરનું છે, કલેવર જે ભીતરનું છે,
કલેવર બેઉ જુદાં છે, કદી ના એકસરખાં તે.

ઉભયનો મેળ ક્યાંયે તે અનુભવમાં ન મળતો છે,
નિરાળો દેશ અનુભવનો કલેવરથી શું મૌલિક જે !

શરીર એ તો જ પ્રત્યક્ષ - **हरि** જે અવતરેલો છે
- પ્રકૃતિમાં, -બધો તેનો ખરેખર દાખલો શો તે !

હરિઃૐ

## જીવનમાં મહાલતાં, જેનો હૃદય ના હર્ષ માતો છે

શી ઝળહળતી ! શી મૌલિક જે ! જીવન જાહોજલાલીને
- જીવનમાં મહાલતાં, જેનો હૃદય ના હર્ષ માતો છે.

થઈ એકાગ્ર, કેંદ્રિત અખંડાકાર આનંદ
-પ્રસરતો ક્યાંયનો ક્યાંય, અનંતાનંત ખેલે છે.

સીમાડા સર્વ દિશાના વટાવીને વટાવીને,
અનંતાનંત મર્યાદાતણીયે પાર પહોંચે છે.

શું બ્રહ્માકાર બ્રહ્માંડતણા દરિયા વિશે તરતો !
નિરંતરની પળેપળની સમાધિમાં સહજ સરખો.

હરિઃૐ

## હરિની ભક્તિથી કેવી અમર જાહોજલાલી છે !

**હરિ**ની ભક્તિથી કેવી અમર જાહોજલાલી છે !
જીવનને સ્વર્ગ કરતાંયે રસીલું તે બનાવે છે.

જીવનના દિવ્ય વૈભવ ને બધી રીતના વિલાસો જે,
**હરિ**ની ભક્તિથી કેવા જીવન સાકાર બનતા તે !

ગરીબીને અમીરીમાં **હરિ** જો દિલ ચાહે તો
-જરૂર તે ફેરવી દે છે, શી એવી છે કૃપાલીલા !

અમીરનો રંક બનવે છે, ગમે તેવું કરી દે તે,
પરંતુ તે બધું કેવું જીવનકલ્યાણ અર્થે છે !

હરિઃૐ

# હરિના ભાવનો સૂર્ય બધે ફેલાય છે ત્યારે

**હરિ**ના ભાવનો સૂર્ય જીવન વિશે ઊગે જ્યારે,
પ્રકાશ કેવો ઝળહળતો બધે ફેલાય છે ત્યારે !

જીવનમાં ભાવ **શ્રીહરિ**નો નિરંતર જ્યાં જીવંતો છે,
પ્રકાશ-રીત **હરિ** ત્યારે પ્રવર્તતો જીવનમાં તે.

સતત અભ્યાસને લીધે **હરિ**ની ધારણા હૃદયે,
જીવંતી થઈ **હરિ** કેવો હવે રમતો જીવન વિશે !

પળેપળ **શ્રીહરિ**કેરી રમંતી રાસલીલા તે,
જીવન પ્રત્યક્ષમાં તેને અનુભવમાં પ્રમાણી છે.

હરિ:ૐ

## જુગલબંધી હરિ સાથે હૃદયની ભક્તિથી થઈ છે

જુગલબંધી **હરિ** સાથે હૃદયની ભક્તિથી થઈ છે,
હવે તોડી કશાથીયે કદી તૂટી શકે ના તે.

સમુદ્રે બિંદુ તે જેમ મળીને પૂરું ગળતું છે,
પરસ્પરમાં પરસ્પરથી પછી ના ભિન્નતા કંઈ છે.


કશું અસ્તિત્વ બિંદુનું જરા સરખું ન જુદું છે,
સમુદ્રરૂપ સંપૂર્ણ થઈ બિંદુ ગયેલું છે.

**હરિ**ની સાથ એ રીતે હૃદયમૈત્રી અમારી છે,
કશામાંયે કશો ભેદ પરસ્પરમાં રહ્યો ના છે.

હરિઃૐ

## ખંડ - ૯

# હરિલીલાની ઝાંખી



મળેલું જો કશું પણ હો, **હરિ**નાથી બધું તે છે,
કૃપાના તે કટાક્ષેથી, **હરિ**થી તે મળેલું છે.

હરિઃૐ

# હરિરસની કંઈક ઝાંખી કૃપાથી તો થયેલી છે

જીવન જ્યાં કંઈક કરવામાં ઊંડો રસ દિલ જાગે છે,
પછી મુશ્કેલી જોવામાં મનાદિ ના જતાં ત્યાં છે.

જીવનમાં માની લીધેલા રસાસ્વાદ અનુભવવા,
કંઈકે પ્રાણ હોમ્યા છે, છતાં ના છંદ છોડ્યો ત્યાં.

ફના સર્વસ્વ રીતે શા જીવનમાં થઈ ગયેલા છે !
થઈ ખાખ ગયેલા છે, છતાં ધાર્યું ન પામ્યા છે.

ભજન આનંદમાં મસ્ત લગાતાર રહ્યા કરીને
–**હરિ**રસની કંઈક ઝાંખી કૃપાથી તો થયેલી છે.

હરિઃૐ

## પળેપળ યાદ શ્રીહરિની જીવનની તે કમાણી છે

જીવન સમજી શકાવાને **હરિ**એ તો કૃપા કરીને
-શરીરને રોગ પ્રગટાવી, અનુપમ તક દીધેલી છે.

સ્મરણ **હરિ**નું થવા કાજે ગરજ, સ્વાર્થ લગાડ્યાં છે,
સ્મરણરસ લાગતાં દિલમાં પછી કેડો જ પકડ્યો છે.

સ્મરણથી તે પછી કેવું સતત પાછળ પડાયું છે !
પળેપળ યાદ **શ્રીહરિ**ની જીવનની તે કમાણી છે.

શું નવચેતન જીવનનું તે અમે દિલથી પ્રમાણ્યું છે !
હૃદયથી વારી વારી જઈ ફિદા **હરિ** પર થયેલા જે.

હરિઃૐ

## અનુભવીની સ્થિતિને તે મૂલવવાનું ન શક્ય જ છે

શરીરની સાવ બેભાન અવસ્થા થઈ જવાની છે,
હૃદય નિશ્ચિત તે ભાન કૃપાથી ઊગી નીકળ્યું છે.

શરીરની બાહ્ય ચેષ્ટાઓ ગમે તેવી ભલે છોને !
રખે કોઈ તેથી દિલ કરશો ન કંઈ ભરમાઈ જવાનું તે.

અનુભવીની સ્થિતિને તે પ્રકૃતિની સમજ રીતે
-મૂલવવાનું કદી પણ ત્યાં ન શક્ય જ કોઈ રીતે છે.

શરીરની સભાનતાથીયે શરીરના માંહ્યલાની જે
-જુદી શી સભાનતા સાવ અલગ સૌથી સ્વતંત્ર જ છે !

હરિ:ૐ

# નિરંતરનું થવા વહાલ **हरि** પરનું, મથાયું છે

'ભજન, કીર્તન, સ્મરણકેરો સતત અભ્યાસ પાડીને
નિરંતરનું થવા વહાલ **हरि** પરનું, મથાયું છે.

ધીમે ધીમે સ્મરણકેરી જીવનમાં લત લગાડીને,
સતત પાછળ પડી પડીને સ્મરણનો રસ જગાડ્યો છે.

સ્મરણમાં રસ પડેલો જ્યાં પછીથી તો નિરંતર તે,
જીવન તેમાં અને તેમાં સતત વહેવા શું લાગ્યું છે !

નિરંતરની જીવનકેરી સતત જ્યાં એક ધારા છે,
વિષયનું હાર્દ પ્રત્યક્ષ થતું સાકાર ત્યારે તે.

હરિઃૐ

## હૃદય તે ભાવને લીધે, હરિસંબંધ જાગ્યો છે

સ્મરણ લેવાતું રહેવાથી, સ્મરણથી ભાવ જાગ્યો છે,
હૃદય તે ભાવને લીધે, **હરિ**સંબંધ જાગ્યો છે.

અજબનું ઑર આકર્ષણ પછી તો દિલ લાગ્યું છે,
જવાયા દિલ ખેંચાયા સતત સહેજે થયેલું છે.

બઢંતાં તીવ્ર આકર્ષણતણી માત્રા, જીવન વિશે,
પછી **હરિ**માં જ તદ્રૂપ કૃપાથી શું થવાયું છે !

સતત બસ ભાવના ઊર્ધ્વે બઢ્યા કેવી ગયેલી છે !
પછી સમરસ **હરિ**માં તો સહજમેળે થવાયું છે.

હરિ:ૐ

## हरि જેમાં અને તેમાં નીરખવાનો અમારે છે

સ્મરણના ભાવથી, પ્રેમ મને તુજ પર થયેલો છે,
પછી એ પ્રેમનું મસ્ત શું આકર્ષણ થયેલું છે !

હૃદયઆકર્ષણે તેવા, હૃદયસંધાણમાં તુજ તે
-રહેવાયા કરાતું,શી **हरि तुज** પ્રેમલીલા તે !

સતત બસ પ્રેમમાં તારા જીવન મશગૂલ છે નિત્યે,
બીજું કોઈ **हरि** વિના જીવનમાં ના અમારે છે.

**हरि** એકમાત્ર આધાર અમારા **आ** જીવનનો છે,
**हरि** જેમાં અને તેમાં નીરખવાનો અમારે છે.

હરિઃૐ

## થતાં જ્યાં નિત્ય અભ્યાસ પછી વૈરાગ્ય ફૉર્યો છે

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન ને સમર્પણનાં
-હૃદયની પ્રાર્થનાનાં ને નિદિધ્યાસનનાં સાધન શાં !

કૃપાથી આચરાયેલાં હૃદયના ભાવથી તે તે,
થતાં જ્યાં નિત્ય અભ્યાસ પછી વૈરાગ્ય ફૉર્યો છે.

નિરંતરના જ અભ્યાસે ગુણો જીવનમાં વિકસ્યા છે,
અનાસક્તિ, નિરાગ્રહ ને બીજું એવું જ વિકસ્યું છે.

થવાતાં એવું જીવનમાં **હરિ**ની ભક્તિ મોરીને,
**હરિ**માં લક્ષ્ય પ્રેરાઈ પછી પદ તે ઠરેલું છે.

હરિઃૐ

## રહેવાથી હરિસોબત, જીવનનો રંગ જામે છે

જીવનમાં જન્મવું, મરવું સદા તે નિત્યનો ક્રમ છે,
પરંતુ ત્યાં **हरि** સ્મરવા, **हरि** ભજવા શું અઘરું છે !

**हरि**માં લક્ષ પ્રોયાથી, **हरि**ને દિલ ભજવાથી,
રહેવાથી **हरि**સોબત, જીવનનો રંગ જામે છે.

જીવન વિકસિતની મસ્ત ખુશાલી, ખુશબો શી છે !
જીવનનો મસ્ત ઘડવૈયો ખરેખર માત્ર મહાલે તે.

અમારે જિંદગાનીની ખરી લક્ષ્મી **‘हरिपद’** છે,
**हरि**ને દિલ વરીને તો, બધુંયે મેળવેલું છે.

હરિ:ૐ

## નિરંતરનું ભજન જ્યાં છે, હરિ તેનો થતો રહે છે

હૃદયની પ્રેમની મહોબત જગત સંસારમાં અમને,
**હરિ**ની એકલા સાથે બીજું સગપણ ન કોઈ છે.

**હરિ**નો કેટલો મોટો મળેલો દિલ સથવારો !
સમર્થ તે ભરોસાથી ચલાવેલું જીવન **આ** છે.

**હરિ** સ્મરવાથી જીવનમાં, સ્મરણ જ્યાં એકધારું છે,
નિરંતરનું ભજન જ્યાં છે, **હરિ** તેનો થતો રહે છે.

પછીથી તો **હરિ** કેવો શરણજનનું ચલાવે છે !
ખભા પર ધૂંસરી લઈને બધો ભાર જ ઉપાડે છે.

હરિઃૐ

## કશી મુજ પાત્રતા જો હો, બધી તે તે હરિથી છે

કૃપા કરીને **હરિ**એ શો મને સાથે જ રાખ્યો છે !
પથે તેથી ચલાયું છે, શું યત્કિંચિત્ થવાયું છે !

મળેલું જો કશું પણ હો, જીવનનું તત્ત્વ મુજને તે,
કૃપાના તે કટાક્ષેથી, **હરિ**થી તે મળેલું છે.

શહૂર મુજમાં કશું જો હો, **હરિ**નાથી બધું તે છે,
કશી મુજ પાત્રતા જો હો, બધી તે તે **હરિ**થી છે.

**હરિ**ની ઓથ શી જબ્બર ! કશીક જ્યાં હામ ભીડી છે,
ઉમળકાથી **હરિ**એ શો મને બથમાં લીધેલો છે !

હરિઃૐ

# પ્રકાશીને ઊંડું અંતર, નવી દૃષ્ટિ ખીલેલી છે

**હરિ**ની જવાબદારી પર જીવનને દિલ સ્વીકાર્યું છે,
સ્વીકારીને, સ્વીકારીને, પથે ચાલ્યા કરેલું છે.

ન આંધળિયાં હવે કંઈ છે, નૂતન અજવાળું સ્પર્શ્યું છે,
પ્રકાશીને ઊંડું અંતર, નવી દૃષ્ટિ ખીલેલી છે.

બધું જે દૃશ્યમાન જ છે, નજર જે જે પડે છે તે,
ઊંડું તે તેતણું હાર્દ, કૃપાથી તો જણાયે છે.

બધા આધારની કેવી પ્રકૃતિ સાવ મોજૂદ છે !
પ્રકૃતિના ઈશારે તે, છતાં હાવાં ન ચાલે છે.

પ્રકૃતિ તો અનુભવીના જીવનની માત્ર માધ્યમ છે,
ભલે પ્રેરાયેલો લાગે પ્રકૃતિથી, છતાં પર તે.

હરિ:ૐ

## અમારે તો હરિ તેના બધાંના હાર્દમાં શો છે !

**હરિ**ના એકલાનામાં સતત લક્ષ પરોવીને,
-અમે સંસારથી બહાર કૂદી કેવા ગયેલા તે !

ભલે સંસારમાં છીએ, કરંતાં કર્મ સૌ છીએ,
છતાં તેમાં અમારો તો **હરિ** શો નિત્ય જીવતો છે !

વિરોધાત્મક કદીક કેવાં જીવનકર્મ મળેલાં જે,
છતાં શી મોખરે તેમાં **હરિ**ની જાગૃતિ દિલ છે !

બધું ઉપર ઉપરથી જે થતું સંસારમાં રહે છે,
અમારે તો **હરિ** તેના બધાંના હાર્દમાં શો છે !

**હરિ**નું મુખ્ય અસ્તિત્વ જીવનમાં સર્વ વ્યવહારે
-જીવંતું, ચેતનાત્મક તે કૃપાથી તો ધરાતું છે.

હરિઃૐ

## હરિની ભક્તિ ઊછળતાં હરિનો રંગ લાગ્યો છે

પ્રમાણિકતા, વફાદારીતણું સગપણ કરી કરીને,
**હરિ** તુજ સાથ જીવનમાં થયેલું વર્તવાનું તે.

હૃદયની નેકદાનતને કદી ચૂકી ગયો ના છું,
જીવનના ટેક ને વ્રતને જીવંતાં દિલ ધાર્યાં છે.

સ્મરણ, કીર્તન, ભજનકેરો હૃદય આશ્રય લઈ લઈને,
સતત એવા જ અભ્યાસે **હરિ**ને દિલ ધાર્યો છે.

હૃદયમાં ભક્તિ ઊછળતાં **હરિ**માં રસ બઢેલો છે.
**હરિ**ની ભક્તિ ઊછળતાં **હરિ**નો રંગ લાગ્યો છે.

હરિઃૐ

## શી આપોઆપ થઈ ગઈ છે, બધી શક્તિ છતી ત્યારે !

જીવનની કાર્યવાહીને જીવનના ધ્યેયની રીતે,
શી ગોઠવવા ચહી ચહીને હૃદય નિશ્ચય થયેલો છે !

જીવન જે આવ્યું કરવાનું વિશે તે હેતુ જીવનનો
જીવંતો ધારી ધારીને, પ્રભુપ્રીત્યર્થ કીધું સૌ.

**હરિ**ને માટ જીવનની બધી ઊર્મિની શક્તિ છે,
**હરિ** વિના બીજા માટે કશું ના વાપરેલું છે.

**હરિ**ને જોઈતું સઘળું હું ના આપી શકેલો જે,
અશક્તિ મારી, મેળવવા વધારે હું મથેલો જે.

**હરિ** માટે હૃદયમાં જ્યાં ઊછળતો હર્ષ વ્યાપ્યો છે,
શી આપોઆપ થઈ ગઈ છે, બધી શક્તિ છતી ત્યારે !

હરિઃૐ

## **હરિ**ને ભૂલવાનીયે થઈ મૂર્ખામી મુજથી જે

જીવનમાં કોઈક વેળાએ રમત ઊંધે ચઢી જઈને,
**હરિ**ને ભૂલવાનીયે થઈ મૂર્ખામી મુજથી છે.

પરંતુ જે શરણ પદમાં **હરિ**ને જે ઢળેલો છે
-ભૂલી તે છો જતો તોયે, **હરિ** શો ઠામ લાવે છે !

**હરિ** જેને કરે નિજનો, ન તેને તે ભટકવા દે,
ભલે ભટકે, છતાં તેને **હરિ** પાછો પથે લાવે.

**હરિ**ની પ્રેમસંભાળ જીવનમાં એવી પ્રત્યક્ષ
-અનુભવીને જીવનમાં તે થયેલો તેથી હું ઠામ.

હરિઃૐ

## જીવનમાં ભાવમાંથી તો થતું ચેતનનું દર્શન છે

**हरि** ભજતાં, **हरि** ભજતાં શી ભજવાની પડી લત છે !
હૃદય તે લત થકી ભાવે ભજનની ધૂન ચઢી ગઈ છે !

સતત તે ધૂનમાંથી તો ઊંડી લગની શી લાગી છે !
હૃદય એકાગ્રતા મસ્ત લગન લીધે સ્ફુરંતી છે.

ઊંડો ઊંડો જીવનમાં તો નશો લગનીથી કેવો છે !
નશામાં મસ્ત ચકચૂર રહેવાતું ખરેખર છે.

દશા એવી વિશે ભાવ નિરંતરનો પ્રગટતો છે,
પછી એ ભાવમાંથી તો થતું ચેતનનું દર્શન છે.

હરિઃૐ

## મનાદિને રસાવ્યાં તે ચમત્કૃતિ શી અદ્ભુત છે !

ભજી ભજીને **હરિ** દિલમાં હ્રદય **એને** જિવાડીને,
જીવનમાં નવજીવન અમને **હરિ**એ કેવું બક્ષ્યું છે !

ભજન કીર્તનતણી ધારા સતત કેવી ચલાવીને !
**હરિ**રસમાં ભીંજાવાને મથેલા શા હ્રદય ભાવે !

**હરિ**ના ઉપકારોનો કશો ના પાર ક્યાંયે છે,
ન ગણતાં પાર આવે છે, શું ગણનાતીત તે તે છે !

સતત તેથી **હરિ** વિશે મનાદિ દિલ પલળ્યાં છે,
મનાદિને રસાવ્યાં તે ચમત્કૃતિ શી અદ્ભુત છે !

હરિઃૐ

## **હરિનાં પદકમળનો જે અનુપમ પ્રેમ ન્યારો તે**

અમારે ને **હરિ** સાથે કદીક ઝઘડા થયેલા છે,
જગતજનની જ સાથે જે ન સરખાવાય કદી પણ તે.

ઊછળતા હર્ષથી **હરિ**ને નિરંતર દિલ ભજેલા છે,
જીવન તે ગોઠડી કેવી **હરિ** સાથે અમારી છે !

હૃદયના પ્રેમનો ઝઘડો ન સંસારી સમજશે તે,
**હરિ**નાં પદકમળનો જે અનુપમ પ્રેમ ન્યારો તે.

ભલે સંસારમાં પ્રેમ જીવનમાં શ્રેષ્ઠ હો છો તે,
**હરિ**ના પ્રેમની આગળ પરંતુ સાવ તુચ્છ જ છે.

હરિઃૐ

## સ્મૃતિ વહાલા હરિકેરી શી વારંવાર ઝળકે છે !

પ્રિયમાં પ્રિય જીવનમાં અમોને **શ્રીહરિ** શો તે !
સ્મૃતિ વહાલા **હરિ**કેરી શી વારંવાર ઝળકે છે !

શી ઝળહળતી ઝબૂકતી તે જીવનમાં **પ્રાણ** રેડીને,
શું હર્ષોન્માદ પ્રેરાવે જીવનશક્તિ અમારી તે !

સ્મૃતિ માત્ર **હરિ**કેરી હૃદય ધબકાર જીવંતો
- નસેનસ ને રગેરગમાં જીવનમાં મસ્ત પ્રસરાતો.

પુરુષ ને પ્રકૃતિકેરો હૃદયસંગમ બને જ્યારે,
પુરુષમાં પ્રકૃતિકેરો થતો એકરાગ શો ત્યારે !

હરિઃૐ

## હરિના ભક્તને કેવું હરિ પર વહાલ છૂટે છે !

હૃદય આનંદનો સાગર ઊછળતો દિલ કેવો છે !
જગતજનને કશી તેની ન પડવાની સમજ કંઈ છે !

**હરિ**ના ભક્તને કેવું **હરિ** પર વહાલ છૂટે છે !
પ્રચંડ ભરતીના કરતાં શું મોટું હેત જબ્બર તે !

ઉછાળો હેતનો કેવો ગગનની પાર પહોંચીને
-**હરિ**ને બાથમાં લઈને શું વિસ્તરતો અનંતે તે !

હૃદયથી ભેટી ભેટીને અનેકે વાર **શ્રીહરિ**ને,
હૃદય આનંદનો ઊંડો ન ઉત્સાહ સમાતો છે.

હરિઃૐ

## હરિને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હૃદય ધારી, ભજેલો છે

જીવનમાં કોઈક વેળાએ ભયંકર ભૂલ કીધી છે,
શરણ હોવાથી હું ચરણે કૃપાથી તો બચાયું છે.

જગત સંસાર વ્યવહારે બધા કર્મપ્રસંગોમાં
-બચાવું શક્ય ના મુજથી, **હરિ**ની તે કૃપાલીલા.

જીવનનો કર્મવ્યવહાર થતો રહેતો હતો તોયે
-સતત દિલ મોખરે **હરિ**ને ધર્યા કરવાનું રાખ્યું છે.

**હરિ** વિના બીજું ચિંતવન અમારે દિલ નકામું છે,
**હરિ**ને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હૃદય ધારી, ભજેલો છે.

હરિઃૐ

# નિરંતર જીવતા રહીને હરિને રાજી કીધો છે

કૃપા તુજ કેટલી મોટી જીવનઆદર્શ ચીંધાવી
-જીવનપથ દૃષ્ટિ ને હૃદયે મને નિશ્ચિત કરાવ્યો છે.

સતત બસ મીટ માંડીને લગાતાર નિરંતર તે,
જીવનના લક્ષ્યની સામે સતત નીરખ્યા કરેલું છે.

જીવનઆદર્શ તે સહેજે નજરથી વેગળો ક્યાંયે
-થવા દીધો નથી, એ તો બલિહારી કૃપાની છે.

લૂલો ને પાંગળો એવો ગિરિ શી રીત ચઢી શકશે ?
કૃપાના માત્ર ટેકાથી ગિરિ ઓળંગી પણ શકશે.

કૃપાપાત્ર થવા કાજે **હરિ**ની ભાવના વિશે
-નિરંતર જીવતા રહીને **હરિ**ને રાજી કીધો છે.

હરિઃૐ

## હરિને જોઈ જોઈને હૃદયમાં રાચવાનું છે

**હરિ**ના ભાવની કેવી જીવનમાં મિજબાની છે !
**હરિ**ને પ્રેમભક્તિથી પૂરો સહકાર દીધો છે.

'દીધો છે એમ કહેવું તે ખરેખર સાવ મિથ્યા છે',
હૃદય સંપૂર્ણ સહકાર શું દેવાયો અમોથી છે !

અમે તો યંત્ર ખાલી શા **હરિ**ના પ્રેમવાહનના !
**હરિ**થી દોરવાયેલા, **હરિ**માં પૂર્ણ રાચેલા.

જીવનનો એકલો બેલી હવે સાચો **હરિ** અમ છે,
**હરિ**ને જોઈ જોઈને હૃદયમાં રાચવાનું છે.

હરિઃૐ

## હૃદય તે પ્રેમ અનુભવના ખરેખર પાત્ર ભક્ત જ છે

સતત ચાહ્યા જ કરવામાં હૃદય વહાલ વછૂટે જે,
લહર દરિયાતણી કરતાં શું ઉચ્ચોત્તર ખરેખર તે !

સુખાવધિનો કશો છેડો પથે ત્યાં આવતો ના છે,
કહીંનો કહીં પ્રસરતો જે અણુ અણુમાં જ વિલસે છે.

હૃદય આનંદના વૈભવ અને કેવા વિલાસો છે !
હૃદય તે પ્રેમ અનુભવના ખરેખર પાત્ર ભક્ત જ છે.

**हरि** વિના બીજું ચિંતવન **हरि**ના ભક્તને ના છે,
**हरि**માં રાચી રાચીને શું જીવવું વહાલું લાગે છે !

હરિઃૐ

## हरि વિનાનું જીવન તે નર્યું શું ચીંથરા સમ છે !

સતત વળગાડીને **हरि**ને ગળે, જીવવાનું જીવન **આ**,
જીવન જીવવાનું દુર્લભ તે ઘડી-પળ એક **हरि** વિના.

**हरि** લીધે જ સામર્થ્ય જીવનનું જે તે સઘળું છે,
**हरि**ની શક્તિથી જે તે જીવનની કાર્યવાહી છે.

જીવનની સર્વ જે રચના અને જે જે વ્યવસ્થા છે,
બધાં તે તે વિશે કેવું પ્રવર્તેલું **हरि**બળ છે !

**हरि**ની સભાનતા માત્ર જીવન સાચું અમારું છે,
**हरि** વિનાનું જીવન તે નર્યું શું ચીંથરા સમ છે !

હરિઃૐ

## હૃદય ઉદારતાવાળો પરંતુ શ્રીહરિ શો તે !

નિરાશાની પળો પંથે જીવન આવેલ છે ત્યારે
-**हरि**ને ભાવથી મેં તો કરેલી પ્રાર્થના હૃદયે.

હૃદયમાં આર્દ્ર ને આર્ત ઊંડો જ્યાં ભાવ જાગે છે,
**हरि** ત્યારે ગરુડપાંખે ચઢી વહારે શું ધાયે છે !

જીવનમાં જ્યાં ગરજ લાગે, ઊંડો જ્યાં સ્વાર્થ લાગે છે,
શી મર્યાદા, શરમ સઘળી મૂકી દેવાય છે ત્યારે.

કદીક મેં લાજ છોડીને **हरि**ને ગાળ દીધી છે.
હૃદય ઉદારતાવાળો પરંતુ **श्रीहरि** શો તે !

હરિઃૐ

## હૃદયનો સાચો વૈષ્ણવ જે, વ્યસનને દિલ સમજશે તે

હૃદય ભજતાં, હૃદય ભજતાં, શું ભજવાનું થયેલું છે !
ભજનભાવ નિરંતરનો થતાં, અનુરાગ લાગ્યો છે.

ચરણમાં પ્રેમભક્તિનો પછી સ્પર્શ થયેલો છે,
સુમેળ દિલ પરસ્પરનો થતાં, રસભક્તિ સ્ફુરી છે.

જીવનમાં ભક્તિનું પછીથી વ્યસન લાગી ગયેલું છે,
હૃદયનો સાચો વૈષ્ણવ જે, વ્યસનને દિલ સમજશે તે.

વ્યસન લાગ્યા પછીનું તે **હરિ**ની પ્રેરણાકેરું
-જીવન સાચું ખરેખર છે, અનુભવથી પ્રમાણેલું.

હરિઃૐ

## રમે છે રાસલીલા શી અનુભવી કોઈક જાણે છે !

**हरि** ભજતાં **हरि** ભજતાં, પડ્યો જ્યાં દિલ ભજવાનો
-ઊંડો અભ્યાસ, પછીથી શાં મનાદિ પદ વળેલાં છે !

સતત અભ્યાસનો ઊંડો હૃદયથી મહાવરો પડતાં,
ઊંડી તેના પરત્વેની ઊગે છે ધારણા દિલમાં.

નિરંતર ધારણા બનતાં, **हरि**ની સભાનતા દિલમાં
-જીવંતી જાગી પ્રત્યક્ષ, **हरि**ને એક બનવે ત્યાં.

**हरि**રસની લીલા કેવી જીવનની પ્રકૃતિ વિશે !
રમે છે રાસલીલા શી અનુભવી કોઈક જાણે છે !

હરિઃૐ

# છડીદાર અમે છીએ, **હરિ** દરબારના કેવા !

**હરિ**ના દિલની સાથે જીવનસગપણ અમારું છે,
**હરિ**ને દિલ સંપૂર્ણ થવા રાજી, મથાયું છે.

**હરિ**ને દિલ સંતોષ પૂરેપૂરો અમો પર જે,
અમારા મૂળ જીવનની કમાણી શી ખરેખર તે !

**હરિ**ના એકલા માત્ર ઈશારે ચાલવાવાળા,
છડીદાર અમે છીએ, **હરિ** દરબારના કેવા !

**હરિ**ને લક્ષમાં રાખી સકળ જીવન અમારું જે,
સમર્પણ-અંજલિ દેવા **હરિ**પદ, યોગ્ય પાત્ર જ તે.

અમારી તો અમે અમથી બડાશો કંઈ ન મારી છે,
હકીકત સાચી જીવનની ચરણ માત્ર નિવેદી છે.

હરિઃૐ

## નિહાળ્યા દિલ કરી હરિને, થવા દેવાનું જે તે છે

જીવનમાં માત્ર **હરિ** સાથે અમારે ખેલવાનું છે,
હૃદય એ ખેલને વિશે, હૃદય આનંદ ભરપૂર છે.

કદીક તે વેગળો રહીને ગતકડાં શો કરે મુજને !
શું લટકાળા ઈશારાથી હૃદય આકર્ષી તે લે છે !

ઘડી-પળ તો **હરિ** વિના જિવાતું પણ હવે ના છે,
શું શ્વાસોશ્વાસ જીવનનો **હરિ** શો એકલો મુજને !

સકળ જીવનની શક્તિનો ખરો આધાર-મૂળ **હરિ** તે,
નિહાળ્યા દિલ કરી **હરિ**ને, થવા દેવાનું જે તે છે.

હરિઃૐ

## નશો આનંદનો કેવો જીવનમાં તો ચઢેલો છે !

જીવનમાં ધ્યાન કેંદ્રિત **હરિ** પર મેં ધરેલું છે,
**હરિ** વિના બીજું કાંઈ અવર ના લક્ષ ધરિયું છે.

સતત બસ એકલો માત્ર **હરિ**ને ચિંતવેલો છે,
**હરિ** પાછળ પડી પડીને **હરિ** દિલ સંઘરેલો છે.

હૃદય સંભારણું **હરિ**નું જીવંતું ચેતનાત્મક તે,
જીવનના નિત્ય અભ્યાસે, જીવન જીવતું કરેલું છે.

રમકડું જ્યાં **હરિ** જેવું જીવન રમવા મળેલું છે,
નશો આનંદનો કેવો જીવનમાં તો ચઢેલો છે !

હરિ:ૐ

## હરિના ઉપકારોની અહાહા ! શી કૃપાલીલા !

જીવનમાં જાગતાં પહેલાં મથામણ શી થયેલી જે !
મથામણમાં મૂકી પૂળો છૂટ્યો'તો નાસી હું ત્યારે.

પરંતુ બોચી પકડીને **હરિ**ના ઓલિયાએ તે
-મને કેવો ખીલે પાછો ખરેખર બાંધી મૂક્યો છે !

ગમે ત્યાં હું જઉં તોયે ખીલાથી ના છુટાતું છે,
**હરિ**ના ઉપકારોનું કશું લેખું ન ક્યાંયે છે.

**હરિ**ના ઉપકારોથી હૃદય આભારવશ થઈને,
**હરિ** વિશે ઊંડો ભાવ, મને દિલમાં ઊગેલો છે.

સતત તેથી **હરિ**યાદ શી ચેતનવંતી જીવનમાં
-બની કેવી ગયેલી છે ! અહાહા ! શી કૃપાલીલા !

હરિ:ૐ

# સમર્થ એકલો મોટો હરિ વિના ન કોઈ છે

જીવનમાં આળપંપાળ બહુ બહુ રીતની શી છે !
પરંતુ માત્ર **હરિ**પદમાં સતત મેં લક્ષ પ્રોયું છે.

જીવનનો કર્મવ્યવહાર બધું હોવા છતાં, ચરણે
-નમાવી શિર, સ્તુતિ તારી મનાદિમાં કરેલી છે.

હતો સંસાર મારેયે, બધાયે ધર્મ તે તે-ના,
કૃપાથી સૌ પળાયા છે, બધો ઉપકાર **હરિ**નો ત્યાં.

**હરિ**થી સૌ થતું રહે છે, બન્યા કરતું **હરિ**થી છે,
સમર્થ એકલો મોટો **હરિ** વિના ન કોઈ છે.

**હરિ**નો માત્ર આધાર જીવનમાં શો મને નિશ્ચે !
હું છાતી કાઢીને તેથી જીવનમાં ચાલતો શો જે !

હરિઃૐ

## પળેપળ યાદ કરવાનું તને, સદ્‌ભાગ્ય કેવું તે !

**તને** સંભારી, સંભારી, જીવન **આ** જીવવાનું છે,
પળેપળ યાદ કરવાનું **તને,** સદ્‌ભાગ્ય કેવું તે !

સતત તુજ યાદગીરીમાં, જીવન જીવવું રસીલું છે,
શું સંભાર્યા વિનાનું તે જીવન જીવવું નિરર્થક છે !

જીવન ભરપૂર ભરેલો છે, અણુ અણુમાં વસેલો છે,
જીવનની સૌ રગેરગમાં **હરિ** તુજ રાસ ચાલે છે.

શરીરનાં લોહીનાં બિંદુ બધાં બિંદુ વિશે શો તે
-**હરિ** નર્તતો, ગર્જતો, અનુપમ મસ્ત ખેલે છે !

હરિઃૐ

## રહીને વેગળો દૂર શો ! કરે છે શા ઈશારા તે !

ગતકડાં કંઈક ને કંઈક જીવનમાં શાં **हरि** સાથે
-કરી કરીને હવે મારે દિવસ સૌ ગાળવાના છે.

કદીક લડવું, ઝઘડવાનું **हरि** સાથે શું બનતું છે !
કદીક રિસાઈ જઈ **हरि**થી, **हरि**થી મુખ મોડ્યું છે.

છતાં તેવી પળે કેવાં મનાદિ સૌ **हरि** વિશે
-રમતાં એકધારાં છે, ન તેમાં ચૂક પડતી છે !

**हरि** સાથે રિસાવાની કદીક કેવી મજા આવે !
કદીક શી ખીજ કાઢું છું ! **हरि** સાથે ખિજાઈને.

**हरि** પણ ના સીધો કંઈ છે, કદીક ક્યાંયે ઊડી જઈને,
રહીને વેગળો દૂર શો ! કરે છે શા ઈશારા તે !

રિસાવાતાં **हरि** સાથે **हरि**નો પ્રેમ બઢતો છે,
કળા જુદી જુદી ત્યારે **हरि**ની દિલ પ્રકાશે છે.

હરિઃૐ

## હવે તો ગેલ કરવાનું હરિની સાથ ગમતું છે

ન લાયક તો હતા તોયે **હરિ**એ પ્રેમ કીધો છે,
જીવનમાં તે અનુભવતાં **હરિ** પર વહાલ છૂટ્યું છે.

નગુણા શા હતા પૂરા ! છતાં તોયે **હરિ**એ તો,
અમોને ચાહી ચાહીને હૃદયમાં સંઘરેલા છે.

**હરિ**ના પ્રેમથી માત્ર અમે, રખડેલ એવાનું
-પડ્યું ઠેકાણું ચરણોમાં, હવે સુખ તો બધી રીતનું.

હવે તો પ્રેમ ઉમળકાભર્યો સહકાર દિલનો છે,
હવે તો ગેલ કરવાનું **હરિ**ની સાથ ગમતું છે.

હરિઃૐ

## ગહન, ગૂઢ કળા સૂક્ષ્મ શી વર્તાઈ हरिની તે !

રસિક રચના શરીરકેરી કરામતથી ભરેલી છે,
કળા કુદરતની મૌલિક, ચમત્કારિક અદ્‌ભુત છે.

શરીરનાં અંગઉપાંગો શું સૂક્ષ્મથીય સૂક્ષ્મ જ છે !
બધાંનો યોગ્ય ઉપયોગ સહુ સહુનો શરીરમાં છે.

શરીરનું રોમ સરખુંયે નકામું ના અમસ્તું છે,
ઊંડું ઊંડું, ગહન ઊંડું વિચારાતાં શરીર વિશે.

શું કલ્પનાતીત તે કર્મ શરીરનું અંગ પ્રત્યેક
–ચમત્કારિક કરી શકતું અલૌકિક ભવ્ય અદ્‌ભુત.

**हरि** અસ્તિત્વની ઝાંખી હૃદય ત્યારે થયેલી છે,
ગહન, ગૂઢ કળા સૂક્ષ્મ શી વર્તાઈ **हरि**ની તે !

**॥ હરિઃૐ ॥**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણા મહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ – સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઈત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

**શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિ:ૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર ૭ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.


॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

હરિ:ૐ



(ગઝલ)

હરિના ભજનની સોબત, ખરી સોબત ગણેલી છે,
જીવનમાં સર્વ જે તે કંઈ ભજનથી તો મળેલું છે.

નિરંતરનું ભજન જ્યારે જીવનમાં થઈ જતું તે છે,
ભજનનો સ્વાદ કેવો તે હૃદય ચાખી શું મહાલે તે !

ભજન નાનકડું સાધન છે, છતાં કેવો હરિ પોતે
-જતો વેચાઈ મેળે શો ! ભજનના શા પ્રભાવે તે !

હરિને ખરીદવા માટે ભજન તો યોગ્ય સાધન છે,
હૃદય નિશ્ચય થવાથી તે ભજનમાં તો રમાયું છે.

- શ્રીમોટા

'જીવનકેડી', બી. આ., પૃ. ૮૨